ન્યુ રીનોવેટેડ A/c.
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૧૪-૩-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૫, અંક: ૬

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

ચણાદાલ.. ચણાદાલ.. ચણાદાલ..
શોર્ટેક્ષ - વિણાટ
એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
© 98242 00970
અપ્પુ

મોદીના એક ફોને મિત્રતાની ''ગૂંજ'' સર્જી

# ઈરાને ભારત માટે ક્રૂડ અને ગેસના જહાજોને આપી લીલીઝંડી

## ૧.૯૦ લાખ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલનો જથ્થો ભારતીય કિનારેઃ 'એમટી સ્મિર્ની' અને 'જગ પ્રકાશ' જહાજ મુંબઈ તરફ રવાના

**અબતક, નવી દિલ્હી**

ભારત હંમેશા ''વસુધૈવ કુટુંબકમ'' (સમગ્ર વિશ્વ એક પરિવાર છે) ની ભાવનામાં વિશ્વાસ ધરાવે છે, અને વર્તમાન વૈશ્વિક કટોકટીના સમયે આ સિદ્ધાંત ફરી એકવાર ફળદાયી સાબિત થયો છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો ઘેરાયા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ જ માનવીય અભિગમ સાથે ઈરાની નેતૃત્વ સાથે સંવાદ સાધ્યો હતો. પીએમ મોદીના એક પ્રભાવશાળી ફોન કોલે સાબિત કરી દીધું કે ભારત માત્ર પોતાના હિતોનો જ નહીં, પરંતુ પ્રાદેશિક શાંતિ અને સહકારનો પણ પક્ષધર છે. આ મૈત્રીપૂર્ણ મધ્યસ્થતાને કારણે ઈરાને ભારત તરફ આવતા ઉર્જા જહાજો માટે વિશ્વના સૌથી સંવેદનશીલ ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ના દ્વાર

(અનુ. આઠમા પાને)

### નિકાસની નુકસાની સરભર કરવા રાહત પેકેજ જાહેર કરાશે

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ભારતીય નિકાસકારોને થઈ રહેલા આર્થિક નુકસાનને રોકવા માટે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં મોટા રાહત પેકેજની જાહેરાત કરી શકે છે. વાણિજ્ય મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, યુદ્ધની સ્થિતિને લીધે નૂર ભાડામાં થયેલો વધારો અને વીમા પ્રીમિયમના ઉંચા દરને કારણે નિકાસકારો મુશ્કેલીમાં છે. આ નુકસાની સરભર કરવા માટે સરકાર વીમા સહાય અને વિશેષ આર્થિક પ્રોત્સાહનો આપવા પર વિચાર કરી રહી છે. ખાસ કરીને નાશવંત વસ્તુઓની નિકાસ ન અટકે તે માટે હવાઈ માર્ગના પરિવહનમાં પણ રાહત આપવાની તૈયારીઓ ચાલી રહી છે. નિકાસકારોને નવા બજારો શોધવા માટે પ્રોત્સાહિત કરવાની સાથે, સરકાર અન્ય બંદરો દ્વારા સુરક્ષિત નિકાસ થાય તે માટે પણ પ્રયત્નશીલ છે.

### વૈશ્વિક પડકારો વચ્ચે ભારતનો મજબૂત આર્થિક દબદબોઃ GDP વૃદ્ધિ દર ૭.૫% રહેવાનો અંદાજ

વૈશ્વિક અસ્થિરતા અને ઈરાન સંઘર્ષ છતાં ભારતીય અર્થતંત્ર મજબૂતીથી આગળ વધી રહ્યું છે. ફિચ રેટિંગ્સે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતનો GDP વૃદ્ધિ દર ૭.૪% થી વધારીને ૭.૫% કર્યો છે. આ વૃદ્ધિ પાછળ મુખ્યત્વે મજબૂત સ્થાનિક માંગ, ગ્રાહક ખર્ચમાં ૮.૬% અને રોકાણમાં ૬.૯% નો વધારો જવાબદાર છે. જ્યારે વૈશ્વિક GDP વૃદ્ધિ દર માત્ર ૨.૬% રહેવાનો અંદાજ છે, ત્યારે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે ઉભરી રહ્યું છે. જોકે, જો કાચા તેલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર કરશે તો વૈશ્વિક અર્થતંત્ર પર તેની વિપરીત અસર પડી શકે છે, પરંતુ હાલમાં ભારતની સ્થિતિ ઘણી સાનુકૂળ દેખાય છે.

કાળઝાળ ગરમી વચ્ચે ''વાંછટિયા'' વરસશે!

# વાતાવરણમાં ફરી પલટોઃ ગુરૂવારે સુરેન્દ્રનગર-રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ''તોફાની'' વરસાદની સંભાવના

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર તળે માવઠાની શક્યતા પ્રબળ, જેના કારણે ઉત્તર અને મધ્ય ભારતમાં વાતાવરણ પલટાશે જેની સીધી અસર ગુજરાતમાં જોવા મળશેઃ ગરમીમાં આજથી આંશિક રાહત મળશેઃ માવઠાથી રવિ પાકને નુક્સાનની થવાની ભીતિઃ કેરીને પાકને નુકસાન નહિ થાય

**અબતક, રાજકોટ**

ગુજરાતના કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગે ગુરૂવારે તોફાની માવઠાના સંકેત આપ્યાં છે. ઉલ્લેખનિય છે કે, આજથી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાશે, આ સિસ્ટમ મજબૂત હોવાથી માવઠાની શક્યતા પ્રબળ છે.

આ સિસ્ટમના કારણે ઉત્તર ભારત, મધ્ય ભારત સહિતના મોટાભાગના વિસ્તારમાં વાતાવરણ પલટાશે. ગુજરાતની વાત કરીએ તો ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, કચ્છ,સૌરાષ્ટ્રમાં છૂટછવાયો વરસાદ વરસશે. હવામાન વિભાગની આગાહી મુજબ આ વરસાદ છૂટછવાયો હતો



### ક્યાં જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી

માર્ચ મહિનામાં પરંતુ સામાન્ય કરતાં સાત ડિગ્રી વધુ તાપમાન નોંધાઈ રહ્યુ છે અને આકરા ઉનાળાનો લોકો અનુભવ કરી રહ્યા છે. હજુ તો ઉનાળાની શરૂઆત જ છે અને યલો તેમજ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવી રહયા છે. ત્યારે આજથી ગરમીમાં રાહત મળી શકે તેમ છે અને ગુરૂવારે સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, સુરત, ભરુચ, નર્મદા, તાપીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે, વાતાવરણમાં બદલાવ આવતા વરસાદની આગાહી કરાઈ છે.

પરંતુ ભારે પવન અને ગાજવીજ સાથે વરસશે. ભરઉનાળે કમોસમી વરસાદની આગાહીથી તૈયાર થયેલા શિયાળુ પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

૧૮ અને ૧૯ માર્ચે રાજ્યના અનેક જિલ્લાઓમાં મેઘરાજા ધબધબાટી બોલાવી શકે છે. ૧૮ માર્ચે કચ્છ, બનાસકાંઠા અને પાટણમાં છૂટોછવાયો વરસાદ પડશે. ૧૯ માર્ચે કચ્છ,

(અનુ. આઠમા પાને)

# ચીન અને રશિયાએ ભારતને યુરિયાનો જબરદસ્ત જથ્થો આપ્યો

## યુરિયાની આયાતમાં નોંધપાત્ર વધીને ૩ વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચીઃ ચીનમાંથી ૨૧.૨૪ લાખ ટન યુરિયાની આયાત થઈ

**અબતક, નવી દિલ્હી**

લોકસભામાં શુક્રવારે રજૂ કરવામાં આવેલા સરકારી આંકડાઓ અનુસાર, ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ચીનમાંથી ભારતની યુરિયા આયાત ત્રણ વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ છે. આ સાથે રશિયામાંથી પણ ખાતરની આયાતમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

અહેવાલ મુજબ, ખાતર રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ભારતે એપ્રિલ ૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬ ની વચ્ચે ચીનમાંથી ૨૧.૨૪ લાખ ટન યુરિયાની આયાત કરી છે. આ આંકડો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના ૦.૯૯ લાખ ટન કરતાં ઘણો વધારે છે અને ૨૦૨૩-૨૪ (૧૮.૬૫ લાખ ટન) તથા ૨૦૨૨-૨૩ (૧૨.૮૦ લાખ ટન) ની આયાતને પણ વટાવી ગયો છે.



ચીનમાંથી માત્ર યુરિયા જ નહીં, પરંતુ અન્ય ખાતરોની પણ મોટા પાયે આયાત કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ચીનમાંથી ૫.૧૧ લાખ ટન ડીએપી, ૦.૨૮ લાખ ટન એમઓપી અને ૯.૬૧ લાખ ટન એનપીકે ખાતરની આયાત કરવામાં આવી છે. આ આંકડાઓને જોતા ચીનમાંથી કુલ ફોસ્ફેટિક અને પોટેશિક ખાતરની આયાત અંદાજિત ૧૫ લાખ ટન જેટલી થવા પામી છે.

ચીનની સાથે રશિયામાંથી પણ ખાતરના પુરવઠામાં સતત વધારો નોંધાયો છે. રશિયામાંથી ફેબ્રુઆરી

(અનુ. આઠમા પાને)


# ટ્રમ્પનું ટિક ટિક... ટિક ટોક પાસેથી આશરે રૂ.૧ લાખ કરોડ પડાવશે

## યુએસમાં એપ્લિકેશન ચલાવવા માટે ટ્રમ્પ ચાઈનીઝ એપ પાસેથી તગડી રકમ વસુલ કરશે

**અબતક, નવી દિલ્હી**

જેનો રાજા વેપારી, તેની પ્રજા ભિખારી... આ કહેવત જાણે અમેરિકાને હવે લાગુ પડવા જઈ રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કારણકે યુદ્ધમાં મોટો આર્થિક બોજ સહન કર્યા બાદ હવે ટ્રમ્પ આર્થિક સ્થિતિ સુધારવા બે બાકળા થયા છે. ટ્રમ્પે ટિક ટોક પાસેથી આશરે રૂ.૧ લાખ કરોડ પડાવવાની તૈયારીઓ શરૂ કરી છે.

રિપોર્ટ અનુસાર, ટિકટોક યુએસ જોઈન્ટ વેન્ચર ડીલથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર માટે સામેલ રોકાણકારો તરફથી લગભગ ૧૦ બિલિયન ડોલરની ચૂકવણી થવાની ધારણા છે. ડબ્લ્યુએસજેએ જણાવ્યું હતું કે આ ચૂકવણી એ વ્યવસ્થાનો એક ભાગ છે જેના દ્વારા વહીવટીતંત્રના મિત્ર ગણાતા રોકાણકારોએ બાઈટડાન્સ પાસેથી ટિકટોકના યુએસ ઓપરેશન્સનો નિયંત્રણ મેળવ્યો હતો. આ ફી યુનાઈટેડ સ્ટેટ્સમાં એપ્લિકેશન ચલાવવા માટે જવાબદાર નવી એન્ટિટી સ્થાપિત કરવા માટે અગાઉ કરવામાં આવેલા રોકાણોથી અલગ છે.



(અનુ. આઠમા પાને)


પસંદગીના નંબરોએ પણ કૌભાંડની 'મોકાણ' સર્જી

# 'ભૂત' થઈ ગયેલી નંબર પ્લેટો જીવિત કરી રૂ.૫૦૦ કરોડનું કૌભાંડ આચરાયું

## રાજસ્થાનમાં ભેજાબાજ અધિકારીઓ અને એજન્ટોએ આરટીઓ કચેરીઓમાં ડિજિટાઈઝેશનની ખામીનો લાભ ઉઠાવી જૂના વિન્ટેજ વાહનોના ફેન્સી નંબરો નવા વાહનો પર ટ્રાન્સફર કર્યા

**અબતક, નવી દિલ્હી**

રાજસ્થાનમાં એક મોટું કૌભાંડ સામે આવ્યું છે, જેમાં આરટીઓ અધિકારીઓ અને એજન્ટોએ મળીને જૂના અને વિન્ટેજ વાહનોના રજીસ્ટ્રેશન નંબર નવા વાહનો પર ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરી દીધા છે. ટ્રાન્સપોર્ટ વિભાગની તપાસ સમિતિના જણાવ્યા અનુસાર, રેકોર્ડના ડિજિટાઈઝેશન પ્રક્રિયાની ખામીનો લાભ




### કૌભાંડની મોડસ ઓપરેન્ડી

- નિષ્ક્રિય નંબરોની ઓળખ કરવી, જેમાં વર્ષોથી માલિક દ્વારા કોઈ ટ્રાન્ઝેક્શન ન થયું હોય.
- નંબરને કાગળ પરના 'વર્ચ્યુઅલ વાહન' પર ટ્રાન્સફર કરી ડિજિટલ ફૂટપ્રિન્ટ સાફ કરવી.
- ૨ થી ૧૦ લાખ રૂપિયા સુધીની રકમ વસૂલીને આ 'ફેન્સી' અને 'વિન્ટેજ' નંબર નવા વાહન માલિકોને વેચવા.

લઈને આશરે ૫૦૦ કરોડ રૂપિયાનું આ મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આ સમગ્ર કૌભાંડમાં ખાસ કરીને ૧૯૯૦ પહેલાંના ૭-ડિજિટના આકર્ષક અને જૂના લાયસન્સ પ્લેટ નિશાન પર હતા.

આ કૌભાંડનો ભોગ બનનારાઓમાં જયપુરના શંકર સિસોદિયા પણ સામેલ છે. જ્યારે તેઓએ પોતાનું રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ રીન્યુ કરવા માટે એક એજન્ટની મદદ લીધી, ત્યારે તેમને જાણવા મળ્યું કે તેમની જાણ બહાર અને સંમતિ વિના તેમનો વિન્ટેજ નંબર જયપુર આરટીઓ ના એક

(અનુ. આઠમા પાને)

### મુખ્ય કાર્યવાહી અને તપાસના પગલાં

- કૌભાંડની ગંભીરતા જોતા ૪ સભ્યોની તપાસ કમિટી બનાવાઈ, જેમાં એડિશનલ ટ્રાન્સપોર્ટ કમિશનર રેણુ ખંડેલવાલ પણ સામેલ હતા.
- એકલા જયપુરમાં ૧,૧૬૦ વાહનોના રજીસ્ટ્રેશન સસ્પેન્ડ અને ૪૯૬ રદ કરાયા.
- ગુનામાં સંડોવાયેલા આરટીઓ કચેરીઓના કર્મચારીઓ, બ્રોકર્સ અને ખાનગી માલિકો સામે પોલીસમાં એફઆઈઆર દાખલ

# અમેરિકા સાથે જોડાયેલા ઓઈલ અને ઊર્જાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ફુરચેફુરચા ઉડાવી દેશુંઃ ઈરાન

## અમેરિકાએ ઈરાનના ખાર્ગ આઈલેન્ડ પર આવેલા ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મિલિટરી ટાર્ગેટ્સ પર હુમલો કર્યો હોવાનો દાવો કરતા ઈરાનનો વળતો પ્રહાર

**અબતક, તેહરાન**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે એક અત્યંત વિનાશક વળાંક પર આવી પહોંચ્યો છે. ઈરાને અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓનો વળતો જવાબ આપતા ખુલ્લી ચેતવણી ઉચ્ચારી છે કે જો તેમના પર હુમલા ચાલુ રહેશે, તો તેઓ અમેરિકાના હિતો સાથે જોડાયેલા ઓઈલ અને ઊર્જાના તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નેસ્તનાબૂદ કરી દેશે. ઈરાની સૈન્ય કમાન્ડરોએ જણાવ્યું છે કે તેઓ અમેરિકાના ઊર્જા પુરવઠા અને આર્થિક કરોડરજ્જુ સમાન તેલના કુવાઓ અને રિફાઈનરીઓને નિશાન બનાવવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

છેલ્લા કેટલાક દિવસોથી ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે સીધું સૈન્ય યુદ્ધ ફાટી નીકળ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી શરૂ થયેલા 'ઓપરેશન એપિક ફ્યુરી' બાદ ઈરાને વળતો પ્રહાર તેજ કર્યો છે. ઈરાની નેતૃત્વએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર બચાવ નહીં, પણ આક્રમક રીતે અમેરિકી અસ્કયામતો પર હુમલો કરશે. આ આક્રમક વલણને કારણે વૈશ્વિક બજારમાં તેલની કટોકટી ઉભી થઈ છે અને ખાડી દેશોમાં ભયનો માહોલ છે.

ઈરાને તાજેતરમાં સેંકડો બેલેસ્ટિક મિસાઈલો અને આત્મઘાતી ડ્રોન દ્વારા ગલ્ફ દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય મથકો અને તેલના કુવાઓને નિશાન બનાવ્યા છે. ઈરાની મીડિયાના અહેવાલ મુજબ, ઈરાને ધમકી આપી છે કે ''અમેરિકા સાથે જોડાયેલા ઓઈલ અને ઊર્જાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ફુરચેફુરચા ઉડાવી દેશું.'' આ ધમકી બાદ હોર્મુઝની સામુદ્રધુનીમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે, જે વિશ્વના કુલ તેલ પુરવઠાનો મોટો હિસ્સો ધરાવે છે.

બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ખાર્ગ આઈલેન્ડ પર

(અનુ. આઠમા પાને)



# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

વાયુ તત્વ સંબંધિત કોઈ ને કોઈ સમસ્યા કે પ્રતિકૂળતા ઊભી થાય તેવી પૂર્ણ રૂપે સંભાવના. કુટિર એવમ નાના, ઔદ્યોગિક એકમના જાતક થી લઈને મોટા ઔદ્યોગિક એકમના તમામ જાતક માટે આ સપ્તાહ પણ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે તેવી પૂર્વ સંભાવના . રંગ તેમજ રસાયણના જથ્થાબંધ વ્યાપારના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળું જણાશે. આ સિવાયના, અન્ય, વ્યાપારી જાતક માટે લાભકારક સપ્તાહના સંયોગ શક્યતા. સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. મેડિકલ સ્ટુડન્ટ, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૦ તથા ૨૧ માર્ચ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

જાહેર ક્ષેત્ર તથા રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ સાવ સરેરાશ જણાશે. સૌંદર્ય પ્રસાધન + શૃંગાર એવમ ફેશન સંબંધિત ઔદ્યોગિક + વ્યાપારી એકમના જાતક એવમ પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ તેમજ તેને સંબંધિત ઉદ્યોગ-ધંધા વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહે અણધાર્યો લાભ થશે, મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસના જાતક માટે હળવું લાભકારી સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ પરિવાર સાથે સુમેળ અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા છાત્ર માટે આ સપ્તાહ સારું રહેશે. ૧૯,૨૧ માર્ચ સાધારણ નીવડશે.

## મિથુન — ક,છ,ઘ

સરકારી તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ તથા ટ્રસ્ટની શૈક્ષણિક સંસ્થાઓ, શાળા વિદ્યાલયો, કોલેજ સાથે જોડાયેલા જાતક માટે આ સપ્તાહ સાવ સામાન્ય નીવડશે, દૂષિત તથા નીચસ્થ બુધ વાળા જાતક માટે આ સપ્તાહ દરમિયાન વિશેષ કાળજી લેવી. ઔદ્યોગિક તથા વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે અર્ધ-પ્રતિકૂળ સપ્તાહ. સગા તથા સ્નેહીજનો વચ્ચે હળવો ખટારાગ થવાના સંયોગ. વિદ્યાર્થી, ગૃહિણી, મહિલા કર્મી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભકારક રહેશે. ૧૬ તથા ૧૯ માર્ચ મધ્યમ રહેશે.

## કર્ક — ડ,હ

તમામ પ્રકારના સર્વિસ બિઝનેસ તથા કન્સ્લ્ટીંગ ફર્મસના જાતક તથા વિવિધ પ્રકારના વૈધ સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. ફાર્મા-કેમિકલ તથા હર્બલ ફાર્મા ના જાતક માટે આંશિક લાભદાયક સપ્તાહ. આ સિવાય અન્ય, ઉદ્યોગ-વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયી જણાશે. નાનાં તથા છૂટક, ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ બહુ જ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન, જીવનમાં સંવાદિતા તથા સુમેળમાં વધારો થવાના સંયોગ. નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૧૮ જાન્યુ સાધારણ જણાશે.

## સિંહ — મ,ટ

નાના તથા કુટિર ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ, અનેક નવી તક વાળું એવમ અતિ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. જાહેર ક્ષેત્ર સાથે જોડાયેલ જાતક એવમ સ્ટાર સેલેબલ પર્શન માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. વાણી-બોલીથી નિકટના સંબંધ બગડી જવાની સંભાવના. વ્યાપાર વણિજ તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપારના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નિવૃત્ત, વિદ્યાર્થી, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૦ તથા ૨૧ જાન્યુ. અર્ધ-પ્રતિકૂળ અથવા સાવ સરેરાશ જણાશે.

## કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહે, સર્વિસ બિઝનેસ એવમ કન્સ્લ્ટીંગ ફર્મસના જાતક માટે આ સપ્તાહ દોડધામ વાળું તેમજ હળવુ લાભકારક નીવડશે. પ્રવાહી જવલનશીલ પદાર્થ સંબંધિત ઔદ્યોગિક એકમના તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક જણાશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ હળવુ સાનુકૂળ અથવા મધ્યમ રહેશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભકર્તા નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહે, જેટલી આવક થશે તેટલી જ જાવક રહે તેવા સંયોગ તેમજ સંભાવના આથી, યથા મતિ ખર્ચ કરવા. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ લાભકારી જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત,મહિલા કર્મી તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. ૧૯ તથા ૨૧ જાન્યુ સામાન્ય જણાશે.

## તુલા — ર,ત

આ સપ્તાહે ધંધા વ્યવસાયમાં અણધાર્યા લાભ થવાની પૂર્ણ સંભાવના. પ્લાસ્ટિક, સ્પોંજ તથા અન્ય ફોર્મ એવમ કૃત્રિમ લેધર જેવા મટીરીયલ્સના ઉત્પાદક તેમજ વિક્રેતા માટે આ સપ્તાહ ફાયદાકારક નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડે તેવી પૂર્ણ શક્યતા. વ્યાપાર-વાણિજ્ય એવમ સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ હળવું લાભકર્તા અથવા મધ્યમ રહેશે. રિયાલ્ટી ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવુ હળવુ લાભકારક રહેશે. કુટુંબ પરિવારમાં હળવા મનદુઃખ જણાશે. ધાર્મિક ગૃહિણી, નિવૃત્ત એવમ ઉચ્ચાભ્યાસ કરતાં છાત્ર આ સપ્તાહ માટે અત્યાધિક લાભદાયી નીવડશે. ૧૭ તથા ૨૧ માર્ચ સરેરાશ નીવડશે.

## વૃશ્ચિક — ન,ય

આ સપ્તાહ દરમિયાન ગત વર્ષના ધંધામાં રહેલ અધૂરા કે લટકતા કામ પૂર્ણ થઈ જશે તેવી પૂર્ણ સંભાવના. ઈલેક્ટ્રીસીટી સંબંધિત વિવિધ ઉત્પાદ એવમ તેના પાર્ટસના ઔદ્યોગિક એકમના જાતક તથા વાણિજ્યક એકમના જાતક માટે લાભદાયક સપ્તાહ, સાથે ભાગદોડ કે પ્રવાસ થવાના સંયોગ.આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે, ધંધા ઉદ્યોગમાં નવી તક મળવાના સંયોગ. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ દરમ્યાન આર્થિક લાભ સાથે બઢતીના પણ સંયોગ. મિત્ર સાથે તણાવ વાળું વાતાવરણ રહેવા સંભવ. મહિલા કર્મચારી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૨૧ માર્ચ મધ્યમ રહેશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહ દરમિયાન નિરાંત, રાહત તથા શાંતિના સંયોગ એવમ પૂર્ણ સંભાવના. આ સપ્તાહ દરમિયાન ધંધા હેતું પ્રવાસ થાય તેવી પૂર્ણ સંભાવના. પોલી ક્લોથ્સ એવમ રેડીમેડ ગાર્મેટ્સ ફેશન એસેસરીઝ સંબંધિત તમામ ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. નાના નાના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજ કે જથ્થાબંધ માલના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડવાની પૂર્ણ સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. ૧૮ માર્ચ સાધારણ જણાશે.

## મકર — ખ,જ

મરીન રીલેટેડ ઔદ્યોગિક ના જાતક એવમ તે સંબંધિત વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ઉદ્યોગ ધંધાના નવા કામકાજ માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે. આ સિવાયના કોઈ પણ કદના ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ સંઘર્ષ વાળું નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. છૂટક તથા નાના વ્યાપારી, ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે આથી કાર્યક્ષેત્ર, નોકરીમાં વિશેષ સંભાળ રાખવી. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી રહેશે. ૧૭ માર્ચ સામાન્ય રહેશે.

## કુંભ — ગ,શ,ષ

શનિપ્રધાન જાતક એવમ શનિ પ્રધાન સંત, મહંત, કથાકારોએ આ સપ્તાહે, વિશેષ કાળજી રાખવી, અન્યથા વાયરલ થવાના સંયોગ શક્યતા પણ. તમામ પ્રકારના એન્જીનીયરીંગ એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના તમામ એકમના જાતક માટે આ સપ્તાહ દોડધામ વાળુ તથા સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ નીવડશે, જ્યારે, ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું નીવડશે. કુટુંબીજન કે સગા દ્વારા સાથ સહકાર અકબંધ રહેશે. યુવાવર્ગ, નિવૃત્ત, વિદ્યાર્થી, તથા ગૃહિણી વર્ગ, પરિશ્રમી કે ઉદ્યમીઓ માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક નીવડશે. ૧૭ માર્ચ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

## મીન — દ,ચ,ઝ,થ


આ સપ્તાહે, ધંધા,વ્યવસાય, ઉદ્યોગ હેતુ લાંબા પ્રવાસ થવાની પૂર્ણ સંભાવના. શેરબજારના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. મશીનરીઝ ઉદ્યોગ સમેત મોટા ઉદ્યોગ-વ્યાપાર-વણિજ ક્ષેત્રના જાતક માટે હળવું પ્રતિકૂળ સપ્તાહ. શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ જાતક માટે પ્રતિકૂળ સપ્તાહ. ખાનગી સંસ્થા સાથે જોડાયેલ જાતક માટે સરેરાશ સપ્તાહ. આ સપ્તાહે સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી બદલીના સંયોગો. અર્ધ સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. આ સપ્તાહે, કુટુંબીજનો સાથે થયેલ વિખવાદનો સુખદ અંત આવવાની પૂરી શક્યતા. નિવૃત્ત, વિદ્યાર્થી, મહિલા કર્મી તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૮ માર્ચ અર્ધ-સામાન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય દાન+અભ્યંગ સ્નાન).

### જ્ઞાનની ચાવીઃ ગણિત અને વિજ્ઞાન

# ગણિત વિના આધુનિક વિજ્ઞાન, ટેકનોલોજી, અર્થતંત્ર અને દૈનિક જીવનની કલ્પના અશક્ય

**ગણિત એ માત્ર હિસાબ કે અંકગણિત નથી, પરંતુ વિશ્વભરમાં તે વિજ્ઞાન, ટેકનોલોજી, અર્થશાસ્ત્ર અને દૈનિક જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી એક મૂળભૂત ભાષા છેઃ અંકગણિત, બીજગણિત, ભૂમિતિથી લઈને આધુનિક કલનશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર સુધી, ગણિત માનવજાતની પ્રગતિનો આધાર છે**

આજના યુગમાં ગણિત અને વિજ્ઞાન વગર શિક્ષણ અધૂરું ગણાય છે, આજે ગણિતનો પાઈ દિવસ અને ઘણા દેશોમાં વિજ્ઞાનનો દિવસ ઉજવાય રહ્યો છે, ત્યારે આપણા દેશમાં આ બે વિષયો જ વિદ્યાર્થીને અઘરા લાગે છે. ગણિત એ માત્ર હિસાબ કે અંકગણિત નથી, પરંતુ વિશ્વભરમાં તે વિજ્ઞાન, ટેકનોલોજી, અર્થશાસ્ત્ર અને દૈનિક જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી એક મૂળભૂત ભાષા છે. અંકગણિત, બીજગણિત, ભૂમિતિથી લઈને આધુનિક કલનશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર સુધી, ગણિત માનવજાતની પ્રગતિનો આધાર છે. વિચારથી શોધ સુધીની ગણિત અને વિજ્ઞાનની સફર છે.




વિશ્વને શૂન્યની ભેટ ભારતે આપી હતી, જીવન વિકાસમાં ગણિતનું વિશેષ મહત્વ રહ્યું છે.

ગણિત અને વિજ્ઞાન આપણા રોજિંદા જીવનમાં, ટેકનોલોજીમાં અને આર્થિક વિકાસમાં કેટલું મહત્વનું છે તે સમજાવવાનો આજનો દિવસ છે. વિશ્વના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો જન્મદિવસ પણ ૧૪ માર્ચ છે અને મહાન ભૌતિકશાસ્ત્રી સ્ટીફન હોકિંગનું અવસાન પણ આ જ દિવસે થયું હતું.ગણિત આપણને અનિશ્ચિતતામાંથી બહાર નીકળવા, જ્ઞાનમાં વિશ્વાસ બનાવવા અને વધુ સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્યની કલ્પના કરવા માટે સજ્જ કરે છે. વૈજ્ઞાનિક અને તકનીકી પ્રગતિને આગળ વધારવા ઉપરાંત, તે સામાજિક એકતા અને સ્થિતિસ્થાપકતામાં પણ ફાળો આપે છે. ઘણા વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન મુશ્કેલ લાગે છે કારણ કે તેમાં સૂત્રો અને તર્કશક્તિ જરૂરી છે.

ભારતમાં આપણે રાષ્ટ્રીય ગણિત દિવસ ૨૨ ડિસેમ્બર ન । રોજ શ્રીનિવાસ રામાનુજનની યાદમાં ઉજવીએ છીએ, જ્યારે આજનો દિવસ એ વૈશ્વિક સ્તરની ઉજવણી છે. આ વર્ષની ઉજવણી થીમ ‘‘ગણિત અને આશા‘‘ છે, જેનો હેતુ એ દર્શાવવાનો છે કે ગણિત કેવી રીતે અનિશ્ચિતતાના સમયમાં આપણને જટિલ સમસ્યાઓ સમજવામાં અને ભવિષ્ય માટે આશાસ્પદ ઉકેલો શોધવામાં મદદ કરે છે. આ દિવસ આજેજ કેમ ઉજવાય છે,તેની પાછળનું કારણ ગણિતમાં વર્તુળના પરિઘ અને વ્યાસના ગુણોત્તરને પાઈ કહેવામાં આવે છે, જેની અંદાજિત કિંમત ૩.૧૪ છે.જો આપણે મહિનો તારીખને ક્રમમાં લખીએ તો તે ૩/૧૪ થાય છે, જે પાઈની કિંમત સાથે મેળ ખાય છે. વધુ ચોકસાઈથી જોઈએ તો, બપોરે ૧:૫૯ વાગ્યે આ દિવસની ખાસ ઉજવણી થાય છે, કારણ કે પાઈની કિંમત ૩.૧૪૧૫૯ છે. ગણિત એ રચના, ક્રમ અને સંબંધ અંગેનું વિજ્ઞાન છે. તેનું પ્રાથમિક સ્તર સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર જેને અંકગણિત, તેનું મધ્યમ સ્તરઃ બીજગણિત સમીકરણો, અવયવો, ભૂમિતિ આકારો, પ્રમેયો છે, અને ઉચ્ચ સ્તરમાં કલનશાસ્ત્ર, યાંત્રિક ગણિત, આંકડાશાસ્ત્ર, સંભાવના, સંખ્યા શાસ્ત્ર વગેરેનો સમાવેશ થાય છે.ગણિત વિના આધુનિક વિજ્ઞાન, ટેકનોલોજી, અર્થતંત્ર અને દૈનિક જીવનની કલ્પના શક્ય નથી.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે ગણિત શીખવા ઘણા ઑનલાઈન કોર્ષ અને મેથેમેટિક્સના સેન્ટરો ઉપલબ્ધ છે.

વિશ્વ ગણિતનો વિકાસ પ્રાચીન ભારતમાં આર્યભટ, બ્રહ્મગુપ્ત, ભાસ્કરાચાર્ય જેવા વિદ્વાનો દ્વારા શૂન્ય, દશાંશ પદ્ધતિ, બીજ ગણિતના મૂળભૂત સિદ્ધાંતો મળ્યા, ગ્રીસમાં યુક્લિડ દ્વારા ભૂમિતિના પ્રમેયો, ઈસ્લામિક વિશ્વમાં અલ-ખ્વારિઝમી દ્વારા ‘‘અલ્જેબ્રા‘‘ શબ્દ અને પદ્ધતિ અને યુરોપમાં ન્યુટન અને લાઈબ્નિઝ દ્વારા કલનશાસ્ત્ર સાથે આજના આધુનિક યુગઃ કમ્પ્યુટર વિજ્ઞાન, કૃત્રિમ બુદ્ધિ, ડેટા સાયન્સમાં ગણિતનો વ્યાપક ઉપયોગ થયો છે.

ઈતિહાસ જોઈએ તો ગણિત અને વિજ્ઞાન જ પ્રગતિના સાચા પાયા છે, તે જ્ઞાનની ચાવી સાથે ભવિષ્યની રચનામાં આધારસ્તંભ ગણાય છે. આશરે ૨૦૦૦ બીસીઈમાં સૌથી પહેલા અસ્તિત્વમાં રહેલા ગાણિતિક ગ્રંથો પ્લિમ્પટન ૩૨૨ જેવી બેબીલોનીયન માટીની ગોળીઓ અને રિંડ મેથેમેટિકલ પેપિરસ જેવી ઈજિપ્તીયન પેપિરી અંકગણિત, ભૂમિતિ અને સમીકરણો ઉકેલવા માટેની લેખિત પદ્ધતિઓ આવી, આશરે ૨૫૦ બીસીઈ આર્કિમિડીઝ ભૂમિતિ અને પાઈને આગળ ધપાવે છે.૨૬૩ સીઈમાં લિયુ હુઈ ચીનમાં પાઈના મૂલ્યને સુધારે છે.ચીની ગણિતશાસ્ત્રી લિયુ હુઈ ૧૯૨-ગોન પર બહુકોણ અંદાજ લાગુ કરે છે, ૧૨૦૨માં ફિબોનાકી યુરોપમાં હિન્દુ-અરબી અંકોને લોકપ્રિય બનાવે છે.૧૬૩૭માં ડેસકાર્ટેસ ‘‘લા જીઓમેટ્રી‘‘ પ્રકાશિત કરે છે.




૧૮૪૯ ના દાયકામાં ગણિતમાં પ્રથમ ડોક્ટરલ ડિગ્રી મહિલાને એનાયત થઈ. રશિયન ગણિત શાસ્ત્રી સોફ્યા કોવાલેવસ્કાયાએ ગોટિંગેન યુનિવર્સિટીમાંથી ગણિતમાં ડોક્ટરેટની પદવી મેળવી, ઉચ્ચ ગણિતમાં મહિલાઓની ભાગીદારી માટે પ્રણેતા બન્યા. ૧૯૫૦-૧૯૬૦નો દાયકો નવું ગણિત અને યુદ્ધ પછીના ગણિત શિક્ષણનો વિસ્તરણ થયું હતું. શીત યુદ્ધની ચિંતાઓ અને સ્પુટનિકની શરૂઆતથી ગણિતના અભ્યાસક્રમમાં મોટા સુધારા અને વિશ્વભરમાં શાળાકીય શિક્ષણની પહોંચને પ્રોત્સાહન મળ્યું, જેનાથી અદ્યતન ગણિતનો અભ્યાસ કરનારાઓનો વિસ્તાર થયો. ગણિતના ઈતિહાસને સંપૂર્ણપણે સમજવું મુશ્કેલ છે, કારણ કે તે ફક્ત લેખિત દસ્તાવેજો દ્વારા આપવામાં આવેલા ઈતિહાસ દ્વારા જ શોધી શકાય છે, ભલે આનાથી પ્રાચીન માનવીઓ તેમની ગણતરીઓમાં શું કરતા હતા તેની થોડી સમજ મળી શકે છે. ગણિત વિષય પર ઉપલબ્ધ સૌથી પ્રાચીન લેખિત ગ્રંથો લગભગ ૨૦૦૦ બીસીના છે. મોટાભાગના ઈતિહાસમાં ઘણી સંસ્કૃતિઓમાં પુરુષોનું વર્ચસ્વ રહેલું છે, એવી દુનિયામાં, આજની શિક્ષણ પ્રણાલી છોકરીઓ અને યુવતીઓ માટે ગણિત અને અન્ય વિષયોમાં વધુ સારી પહોંચ પ્રદાન કરી શકે છે.પરંતુ લિંગની વાત આવે ત્યારે ગણિત અને વિજ્ઞાનની દુનિયા હજુ પણ સમાન નથી,અને આ એક મહત્વપૂર્ણ કારણ છે કે આંતરરાષ્ટ્રીય ગણિત દિવસની સ્થાપના સૌ પ્રથમ થઈ. આપણી ભારતીય સંસ્કૃતિમાં વૈદિક ગણિતનું અતિ મહત્વ છે, અંક ગણિત કે બીજ ગણિતની ગણના અને વૈકલ્પિક અને સંક્ષિપ્ત વિધીઓનો એક સમુહ છે. વૈદિક ગણિતમાં મૂળ ૧૬ સૂત્રો આપવામાં આવ્યા છે, જેમાં જટિલ અંક ગણિતીય ગણતરીઓ અત્યંત સરળ, સહજ અને ત્વરીત સંભવ બને છે. ૨૦ મી સદીના પ્રારંભે જ આ પધ્ધતિનો પ્રારંભ થયો હતો.

## અબતક પંચાગ




**તા.૧૫-૩ -૨૦૨૬ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ અગીયારશ પાપ મોચીની એકાદશી
**નક્ષત્ર** શ્રવણ
**યોગ** પરિઘ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૭.૫૭ **સુર્યાસ્તઃ** ૬.૫૫
**ચંદ્ર રાશી** મકર
**રાશિ અક્ષર** ખ.જ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | | ૭ | ૮ | ૬ |
| | | ૬ | ૪ | | ૫ | ૩ | | |
| ૩ | | | | ૬ | ૭ | | | ૫ |
| | ૩ | ૪ | ૧ | | | | ૬ | |
| ૨ | | ૭ | ૫ | | | | | |
| | ૧ | | | ૪ | | | | |
| | ૯ | | ૭ | | | ૧ | ૨ | |
| ૧ | ૪ | ૮ | ૯ | | | ૬ | | |
| | | | | ૧ | ૪ | ૯ | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૧ | ૯ | ૪ | ૩ | ૬ | ૫ | ૨ |
| ૩ | ૫ | ૪ | ૬ | ૨ | ૭ | ૮ | ૯ | ૧ |
| ૬ | ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૩ | ૭ | ૪ |
| ૫ | ૬ | ૩ | ૪ | ૯ | ૮ | ૧ | ૨ | ૭ |
| ૭ | ૪ | ૮ | ૫ | ૧ | ૨ | ૯ | ૬ | ૩ |
| ૧ | ૯ | ૨ | ૩ | ૭ | ૬ | ૫ | ૪ | ૮ |
| ૯ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ | ૭ | ૧ | ૬ |
| ૨ | ૮ | ૭ | ૧ | ૬ | ૫ | ૪ | ૩ | ૯ |
| ૪ | ૧ | ૬ | ૭ | ૩ | ૯ | ૨ | ૮ | ૫ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૪-૦૩-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હું અને તું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૫-૦૩-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૬-૦૩-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૫.૩.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ અગિયારસ, શ્રવણ નક્ષત્ર, શિવ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** વિચારોનું આદાન પ્રદાન કરી શકો,મનોમંથન કરી શકો, કાર્ય માટે નવી યોજના બનાવી શકો.
**વૃષભ (બ,વ,ઉ) :** તમારા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, ધાર્યા કામ પર પડી શકો, નાના યાત્રા પ્રવાસ કરી શકો.
**મિથુન (ક,છ,ઘ) :** ધીમે ધીમે પરિસ્થતિ તરફેણમાં આવે, મિત્રોની મદદ મળી રહે, વિચારોમાં પરિવર્તન જોવા મળે.
**કર્ક (ડ,હ) :** સંયુક્ત સાહસો માં સારું રહે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે,શુભ દિન.
**સિંહ (મ,ટ) :** તમને વારંવાર દુઃખ હશે, અમુક સંબંધોમાં યોગ્ય પ્રતિભાવ ના મળે, નકારાત્મક વિચારો દૂર કરી આગળ વધશો તો લાભ થશે.
**કન્યા (પ,ઠ,ણ) :** ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને આગળ સારું રહે, વિદેશ બાબત વિચારી શકો, મધ્યમ દિવસ.
**તુલા (ર,ત) :** તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, નવી વસ્તુ વસાવી શકો, લાભ દાયકદિવસ.
**વૃશ્ચિક (ન,ય) :** ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદથી કાર્ય સિદ્ધ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક કૌટુંબિક કાર્ય કરી શકો,તમારા વિચારોની સરાહના થાય, દિવસ શુભ રહે.
**મકર (ખ,જ) :** તમારી જાતને સમજવાની તક મળે,એકાંતથી લાભ થાય, મનોમંથન કરવું જરૂરી બને.
**કુંભ (ગ,સ,શ) :** વાણી વર્તનમાં વિશેષ કાળજી રાખવી પડે, કોઈને તમારાથી દુઃખના થાય તે કાળજી રાખજો, દિવસ મધ્યમ રહે.
**મીન (દ,ચ,ઝ,થ) :** મિત્રો સાથે હળવાશની પળો વિતાવી શકો, અણધાર્યા લાભ થઇ શકે, ખુશીનો માહોલ રહે, આનંદદાયક દિવસ.

# ઘેડ વિસ્તારમાં ભારે પુરમાં ધોવાઈ જતા ખેતરોને સુરક્ષિત કરવા રૂ.૧૪૨૩ કરોડ ફાળવાયા

## કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયા, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા તેમજ સ્થાનિક ધારાસભ્યના સતત પ્રયત્નોથી સમસ્યાનો કાયમી હલ આવશે

**ફેઝ-૧ અને ફેઝ-૨ હેઠળ સોરઠી ઘેડ વિસ્તારમાં રૂ.૧૧૮૪.૧૮ કરોડ અને બરડા ઘેડ માટે રૂ.૩૫૦.૦૧ કરોડ મળી કુલ રૂ.૧૫૩૪.૧૯ કરોડની યોજનાથી બન્ને ઘેડ વિસ્તારના પ્રશ્નોનો ઉકેલ આવશે**



**અબતક, દર્શન જોશી જૂનાગઢ**

સૌરાષ્ટ્રમાં સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં આ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી નિકાલ અને જળસંગ્રહ માટે મુખ્યમંત્રી દ્વારા ફેઝ-૨ના કુલ રૂ. ૧,૪૨૩.૪ કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઘેડ વિસ્તારના ૬ તાલુકાના ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. જેમાં ફેઝ - ૧ ના ૧૭ અને ફેઝ -૨ ના ૧૨ કામો આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ગત એપ્રિલ-૨૦૨૫માં ફેઝ-૧ના કુલ રૂ. ૧૩૯.૪૨ કરોડના કામોને મંજૂરી અપાઈ હતી, જે કામો પ્રગતિ હેઠળ છે.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી તેમજ પોરબંદરના સાંસદ ડૉ.મનસુખ માંડવિયા, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા, કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ, માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણી તેમજ માંગરોળના ધારાસભ્ય ભગવાનજી કરગટીયા સહિત સ્થાનિક આગેવાનોના સતત પ્રયત્નોથી આ વિસ્તારની સમસ્યાનો કાયમી હલ આવશે જેનો સૌથી વધુ ફાયદો ખેડૂતો અને નાગરિકોને થશે.

જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે આ પ્રોજેક્ટ અંગે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ઘેડ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે પોરબંદરના ધારાસભ્ય અને વન-પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ આ વિસ્તારના ધારાસભ્યો દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેને આગામી સમયમાં સફળતા મળશે.

રાજ્યના ઘેડ વિસ્તારના પાણી નિકાલના અભ્યાસ માટે સેકોન કન્સલટન્ટ એજન્સી દ્વારા સર્વેનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. એજન્સી દ્વારા રજૂ કરાયેલ પ્રાથમિક અહેવાલ મુજબ ઘેડ વિસ્તારના પાણી નિકાલના કામો માટે રાજ્ય સરકાર દ્વારા સોરઠી ઘેડ માટે ગત જાન્યુઆરી- ૨૦૨૫માં રૂ. ૧૧૮૪.૧૮ કરોડ અને બરડા ઘેડ માટે રૂ. ૩૫૦.૦૧ કરોડ એમ કુલ અંદાજીત રૂ. ૧૫૩૪.૧૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.

જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી વહેતી ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર, વર્તુ, સાની અને સોરઠી વગેરે નદીના મુખ ત્રિકોણ પ્રદેશથી સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તાર બનેલો છે. આ નદીઓના મુખ પાસે બધી નદીઓ સપાટ, છીછરી અને કાંઠા વગરની હોવાથી પૂરના પાણી કાંઠા બહાર ફેલાઈ સમગ્ર ઘેડ વિસ્તારમાં ફરી વળે છે. ખાસ કરીને ચોમાસાની શરૂઆતથી લગભગ ચાર-પાંચ મહિના સુધી આખો વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ રહે છે તેથી આ વિસ્તારના ખેડૂતોને ચોમાસા દરમિયાન ખેતી કરવામાં મુશ્કેલી અનુભવાય છે તથા ચોમાસાના સમય સિવાય સિંચાઈના પાણીની મુશ્કેલી ઉભી થાય છે.

ઘેડ વિસ્તારની સમસ્યાના નિવારણ માટે ત્રણ તબક્કામાં એટલે કે ફેઝ ૧, ૨ અને ૩ માં કામોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સોરઠી અને બરડા ઘેડ વિસ્તારમાં વરસાદી પાણીનાં નિકાલ માટેના આયોજન પૈકી ફેઝ- ૧ના કામો માટે રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ-૨૦૨૫ના રોજ કુલ અંદાજીત રકમ રૂ. ૧૩૯.૪૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. જેમાં હયાત નદી/કેનાલનું ડીસીલ્ટીંગ કરવું, પાણીના પ્રવાહને અવરોધરૂપ ઝાડી ઝાંખરા/વૃક્ષોનું જંગલ કટીંગ કરવું, પાણીના વહેણમાં અવરોધ

(અનુ. આઠમા પાને)

### ચોમાસામાં સમગ્ર વિસ્તાર થઈ જાય છે જળ બંબાકાર: હવે સમસ્યા ભૂતકાળ બનશે

જૂનાગઢ જિલ્લાના કેશોદ, માણાવદર અને માંગરોળ તાલુકા તથા પોરબંદર જિલ્લાના પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા તાલુકામાં સૌરાષ્ટ્રની ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર વગેરે નદીના મુખત્રિકોણ પ્રદેશથી બનેલા વિસ્તારને ઘેડ વિસ્તાર તરીકે ઓળખાય છે. આ ઘેડ વિસ્તારમા મુખ્યત્વે સોરઠી ઘેડ જૂનાગઢ તેમજ પોરબંદર અને બરડા ઘેડ- પોરબંદર વિસ્તારનો સમાવેશ થાય છે.

આ ત્રિકોણકાર પ્રદેશની બધી નદીઓ સપાટ, છીછરી અને કાંઠા વગરની હોવાથી પૂરના પાણી કાંઠા બહાર ફેલાઈ જતા આ વિસ્તારમાં ફરી વળે છે અને ચોમાસાની શરૂઆતથી લગભગ ચાર-પાંચ મહિના સુધી આખો વિસ્તાર જળબંબાકાર થઈ જતા ગામડાઓ સમુદ્રની વચ્ચે આવેલા નાના-નાના ટાપુ જેવા લાગે છે. પરિણામે આ વિસ્તારના આજુ બાજુ ના ગામડાઓ તેમજ બહારના વિસ્તાર સાથેનો બધો જ વ્યવહાર કપાઈ જાય છે અને નાગરિકોને મુશ્કેલી પડે છે. ઘેડના મોટા વિસ્તારમાં ભરાઈ રહેતા પૂરના પાણીના કારણે ચોમાસુ પાક તો લઈ શકાતો નથી એટલું જ નહીં

(અનુ. આઠમા પાને)

----------------- રેલવેની માલ પરિવહન ક્ષમતામાં થશે મોટો વધારો -----------------

# હાપા યાર્ડમાં રૂ.૩૫.૪૧ કરોડના ખર્ચે અત્યાધુનિક વેગન શેડ તૈયાર





### માલગાડીના ડબ્બાની મરામત ક્ષમતા દરરોજ ૧૨ થી વધીને ૫૬ થશે; ૧૦ દિવસનું કામ હવે માત્ર ૩ દિવસમાં પૂર્ણ થશે, ગતિ શક્તિ યુનિટે રેકોર્ડ સમયમાં પ્રોજેક્ટ પૂર્ણ કર્યા


**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા રેલવેના માળખાગત વિકાસમાં એક નવો સીમાચિહ્ન પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. જામનગર નજીક આવેલા હાપા યાર્ડમાં રૂ૩૫.૪૧ કરોડના તોતિંગ ખર્ચે માલગાડીના વેગનની જાળવણી અને મરામત માટે અત્યાધુનિક 'સંયુક્ત વેગન શેડ'નું નિર્માણ ગતિ શક્તિ યુનિટ દ્વારા રેકોર્ડ બ્રેક સમયમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટના સાકાર થવાથી સૌરાષ્ટ્રમાં રેલવેના માલ પરિવહનની ક્ષમતામાં ધરખમ વધારો થશે અને ઉદ્યોગોને માલસામાનની હેરફેર માટે વેગનની ઉપલબ્ધતા અત્યંત ઝડપી બનશે.પશ્ચિમ રેલવેના મુખ્ય વહીવટી અધિકારી (રોડ સેફ્ટી) અમિત મનુવાલ અને રાજકોટના ડીઆરએમ ગિરિરાજ કુમાર મીનાના સીધા માર્ગદર્શન હેઠળ મુખ્ય પ્રોજેક્ટ મેનેજર સુધીર દુબે અને તેમની ટીમ દ્વારા આ જટિલ ગણાતા પ્રોજેક્ટનું ૯૫ ટકાથી વધુ કામ માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં પૂરું કરી લેવામાં આવ્યું છે. આ નવો શેડ કાર્યરત થવાથી રેલવેની કાર્યક્ષમતામાં ક્રાંતિકારી પરિવર્તન આવશે. અત્યાર સુધી હાપા યાર્ડમાં દરરોજ માત્ર ૧૨ વેગનની મરામત કરવાની મર્યાદિત ક્ષમતા હતી, જે હવે આધુનિક ટેકનોલોજી અને નવા શેડને કારણે સીધી વધીને ૫૬ વેગન પ્રતિ દિવસ થઈ જશે. આમ, વેગન મરામતની ક્ષમતામાં પાંચ ગણો વધારો જોવા મળશે.આ પ્રોજેક્ટની વિશેષતા તેની અત્યાધુનિક ડિઝાઈન છે. ૧૭૨ મીટર લાંબો અને ૨૫ મીટર પહોળો આ શેડ ૧૬.૫ મીટરની ઊંચાઈ ધરાવે છે, જેમાં ટ્રસ વગરની પ્રોફ્લેક્સ રૂફ શીટનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે વજનમાં હળવી છતાં અત્યંત મજબૂત છે. શેડની અંદર ત્રણ અલગ-અલગ રેલવે ટ્રેક નાખવામાં આવ્યા છે અને ભારે મશીનરીના ઉપયોગ માટે ખાસ હાર્ડોનાઈટ ફ્લોરિંગ કરવામાં આવ્યું છે. કર્મચારીઓની સુરક્ષાને પ્રાધાન્ય આપતા, વેગનના ઉપરના ભાગના નિરીક્ષણ માટે ખાસ ઈન્સ્પેકશન ગેન્ટ્રી અને દર ૧૭ મીટરે પ્લેટફોર્મ બનાવવામાં આવ્યા છે, જેથી રેલવે કર્મીઓ કોઈપણ જોખમ વગર ઊંચાઈ પર જઈ વેગન ચેક કરી શકશે.

માત્ર ટેકનિકલ જ નહીં, પણ વહીવટી દ્રષ્ટિએ પણ આ પરિસરને આધુનિક બનાવાયું છે. અહીં ૨૨ રૂમનું ભવ્ય વહીવટી ભવન તૈયાર કરાયું છે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળે સ્ટાફ માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે અલગ વિશ્રામ ખંડ અને સમગ્ર પરિસરમાં સીસી રોડ, વોટર ટેન્ક

(અનુ. આઠમા પાને)

# વડીલોને માન આપવાથી આયુષ્ય, વિદ્યા, યશ અને બળ વધે છે: પૂ. મોરારિબાપુ



**અબતક, સમીર વિરાણી બગસરા**

બગસરામાં કથા ચાલતી હતી ત્યારે બાપુએ નોંધ્યું હતું કે દરેક કથામાં શ્રોતાજનો શાંતિ જાળવતા હોય છે પરંતુ બગસરાની

### બગસરામાં પૂ. મોરારિબાપુના વ્યાસાસને આયોજીત રામકથા માનસ મેઘાણીમાં શ્રોતાઓ બન્યાં રસમગ્ન

આયોજીત માનસ મેઘાણી રામકથાના સાતમા દિવસે બહોળી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા હતા. કથાના પ્રારંભે મોરારીબાપુએ બગસરાની ભૂમિને અસ્મિતાપૂર્ણ ભૂમિ ગણાવી હતી. શરૂઆતમાં કેટલાંક સર્જકોના પુસ્તક વિમોચન થયાં, નીતિન વડગામા દ્વારા કથાના સારદોહનરૂપ ગ્રંથનું પણ વિમોચન થયું. ઉદઘોષણા કરતાં હરિશચંદ્ર જોશીએ કહ્યું હતું કે જેની ધૂળમાં રમીને મેઘાણીજી મોટા થયા એવા બગસરામાં કથા ચાલી રહી છે તેનો આનંદ છે. કથામાં શ્રોતાજનોએ સૌથી વિશેષ શાંતિથી કથા માણી છે પંખાનો પણ અવાજ સંભળાય એટલી શાંતિથી શ્રોતાજનો કથાને માણે છે એ જ બગસરાના લોકોનો વિવેક અને સાહિત્યપ્રીતિ બતાવે છે. કથાના સંદર્ભમાં બાપુએ જણાવ્યું હતું કે મોટા એ હંમેશા નાનાને માથા પર રાખવા જોઈએ, તેનું સન્માન કરવું જોઈએ જેવી રીતે પર્વત તણખલાઓને માથા પર રાખે છે અને સમુદ્ર ફીણને માથા પર ધારણ કરે છે એવી રીતે નાનામાં નાના માણસનું સન્માન થવું જોઈએ. મેઘાણીના સાહિત્યના સંદર્ભમાં બાપુએ કહ્યું હતું કે મેઘાણી પાસે શબ્દ છે, સ્પર્શ છે, ગંધ છે એમ ઈન્દ્રિયોને દરેક રીતે સંતપર્ક એવું સાહિત્ય મેઘાણીજીનું છે પરંતુ બાપુએ વિશેષ ઉમેર્યું હતું કે મેઘાણીનો શબ્દ છે એમાં વિશેષ સ્પર્શ છે એ દરેકને સ્પર્શે છે. અને એટલે જ આજ સુધી મેઘાણીનો શબ્દ આ રીતે નિત્યનુતન છે.મેઘાણી જીએ વર્ણના વાડાને તોડી નાખ્યા છે બભેદુની ભીંતોને ભાંગી નાખી છે અને દરેક વર્ણના માણસની અસ્મિતાનું વર્ણન મેઘાણીએ પોતાના સાહિત્યમાં કર્યું છે.તેવું બાપુએ ઉમેર્યું હતું . તો વડીલોને માન આપવું જોઈએ તેઓ શાસ્ત્રનો આધાર લઈને બાપુએ કહ્યું હતું કે વડીલોને માન આપવાથી ચાર ફાયદા થાય છે. ઉંમર વધે છે ,વિદ્યા વધે છે,પ્રતિષ્ઠા વધે છે અને બળ એટલે કે પ્રાણ તત્વ વધે છે. રામકથાના પ્રવાહને આગળ વધારતા આજે સતીએ દક્ષ મહારાજના યજ્ઞમાં દેહ ત્યાગ્યો ત્યાંથી ફરી હિમાલયને ત્યાં જન્મ લેશે.શિવજીની પ્રાપ્તિ માટે તપ કરે છે અને પરિણામ સ્વરૂપે શિવજીના અને પાર્વતીના વિવાહ થાય છે પ્રસંગ માનસના અદભુત પ્રસંગોમાંનો એક છે તેનું ખૂબ જ રસપૂર્ણ વર્ણન કથામાં થયું અને તમામ શ્રોતાઓ રસમગ્ન બન્યા હતા. મેઘાણીને બાપુએ જીવવાનો કવિ ગણાવ્યા હતા.મેઘાણીના સાહિત્ય માટે જીવનભર ખર્ચનાર રણછોડભાઈ મારુંના પુસ્તકોનું પણ વ્યાસપીઠ પરથી વોમોચન થયું હતું. રણછોડભાઈ હંમેશા મેઘાણીની વેષભુષામાં રહે છે તેની નોંધ પણ લીધી હતી.



### રામકથા સાથે મેઘાણી ગાથા પ્રદર્શનનો રસિકોને મળ્યો લ્હાવો



બગસરામાં મોરારિબાપુના વ્યાસાસને રામકથા 'માનસ મેઘાણી' સાથે ઝવેરચંદ મેઘાણી સંદર્ભે સુંદર ઉપક્રમ યોજાયો છે, આ રામકથા સાથે મેઘાણીગાથા પ્રદર્શનનો રસિકોને લાભ મળ્યો છે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પૈતૃકભૂમિ બગસરામાં સનાતન સંસ્કૃતિ અને શાસ્ત્રોના મહિમાસભર સંદેશા સાથે મોરારિબાપુના વ્યાસાસને રામકથા યોજાયેલ છે. આ રામકથા 'માનસ મેઘાણી' સાથે ઝવેરચંદ મેઘાણી સંદર્ભે સુંદર પ્રદર્શન ઉપક્રમ યોજાયો છે. આ રામકથા શ્રવણ સાથે મેઘાણીગાથા પ્રદર્શનનો રસિકોને લાભ મળ્યો છે સાહિત્યકાર અને લોકસાહિત્યના સંશોધનકાર સાથે પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની ઝવેરચંદ મેઘાણીની પૂણ્યસ્મૃતિ સાથેની રામકથામાં પિનાકી મેઘાણી દ્વારા આ પ્રદર્શનનું આયોજન થયું છે.

### પૂ. મોરારિબાપુની ઉપસ્થિતિમાં સમસ્ત ત્રિપાંખ સાધુ સમાજનું સ્નેહમિલન યોજાયું




બગસરા વૈષ્ણવ સાધુ સમાજના સમાધિસ્થાન રામવાડી ખાતે બગસરા તેમજ ગ્રામ્ય સાધનો સમાજની ત્રણેય પાક એટલે વૈષ્ણવ સાધુ સમાજ રામાનંદી સાધુ સમાજ દશનામ સાધુ સમાજ એમ ત્રણેય પાંખ. ના સાધુ સમાજનું સ્નેહમિલન યોજાયું હતું જેમાં બાપુ દ્વારા ત્રણેય પાંખને એક તાંતણે બાંધવી હોય તો સત્યમ શિવમ સુન્દરમ જેમાં સત્યમ એટલે રામાનંદી સાધુ સમાજ જે રામજીના ઉપાસક છે શિવમ એટલે દશનામ સાધુ સમાજ જે સિંહ ઉપાસક છે સુંદરમ એટલે કૃષ્ણ જે વૈષ્ણવ સાધુ સમાજ છે આમ ત્રણેય પાંખ ને એક તાતણે બાંધવી એટલે સત્યમ શિવમ સુન્દરમ આવી સુંદર વ્યાખ્યા કરી હતી સ્નેહમિલન માં બાપુની હાજરી થી સમસ્ત સાધુ સમાજ હર્ષ ની લાગણી જોવા મળી હતી

તંત્રી લેખ

# યુદ્ધની અસર: હોટેલ-રેસ્ટોરન્ટો હવે કેરોસીન અને કોલસાના સહારે!

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની સીધી અને ગંભીર અસર હવે ભારતના સામાન્ય જનજીવન અને અર્થતંત્ર પર જોવા મળી રહી છે. ખાસ કરીને રાંધણ ગેસ એટલે કે એલપીજીના પુરવઠા પર આ વૈશ્વિક તણાવની માઠી અસર પડી છે, જેના કારણે દેશમાં ઊર્જા કટોકટી જેવી સ્થિતિ ઊભી થઈ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સપ્લાય ચેઈન ખોરવાતા દેશમાં ગેસની અછત વર્તાઈ રહી છે, જેની સીધી અસર ઘરગથ્થુ વપરાશકારો અને વ્યાપારી એકમો પર પડવાની શરૂઆત થઈ ચૂકી છે.

આ ગેસ સંકટને પહોંચી વળવા અને ખાસ કરીને ઘરેલું ગ્રાહકોને કોઈ મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે તાત્કાલિક ધોરણે કેટલાક કડક અને વૈકલ્પિક નિર્ણયો લીધા છે. હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય ઉદ્યોગો કે જેઓ મોટા પ્રમાણમાં એલપીજીનો ઉપયોગ કરે છે, તેમને હવે કોલસો, કેરોસીન અને બાયોમાસ જેવા વૈકલ્પિક ઈંધણો તરફ વળવાની મંજૂરી આપવામાં આવી છે. સરકારનો આ નિર્ણય દર્શાવે છે કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે અને સામાન્ય નાગરિકોના રસોડા ચાલુ રાખવા માટે ઉદ્યોગોએ થોડું નુકસાન વેઠવું પડશે.

દેશના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ લોકસભામાં આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં એલપીજી પરનું દબાણ ઘટાડવું અત્યંત આવશ્યક છે. તેમણે લીધેલા આ પગલાં પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય મર્યાદિત પુરવઠાનું યોગ્ય અને સમાન વિતરણ કરવાનો છે. મંત્રીના નિવેદન પરથી એ સ્પષ્ટ થાય છે કે સરકાર પરિસ્થિતિ પર બારીક નજર રાખી રહી છે અને કોઈપણ ભોગે ઘરગથ્થુ વપરાશકારોને પડતી હાલાકી અટકાવવા કટિબદ્ધ છે.

આ કટોકટીના સમયમાં પર્યાવરણ મંત્રાલયે પણ નિયમોમાં થોડી બાંધછોડ કરી છે. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે હોસ્પિટાલિટી અને રેસ્ટોરન્ટ સેક્ટરને એક મહિના પૂરતી બાયોમાસ, આરડીએફ પેલેટ્સ, કેરોસીન અને કોલસાનો ઉપયોગ કરવાની વિશેષ છૂટ આપવામાં આવે. સામાન્ય સંજોગોમાં પ્રદૂષણના કારણે આ પ્રકારના ઈંધણના ઉપયોગ પર પ્રતિબંધો હોય છે, પરંતુ વર્તમાન અસાધારણ સંજોગોમાં આ છૂટછાટ અનિવાર્ય બની ગઈ છે.

કોલસા મંત્રાલયે પણ આ સંકટના નિવારણ માટે સક્રિય ભૂમિકા ભજવી છે. કોલ ઈન્ડિયા અને સિંગરેણી કોલિયરીઝને ખાસ આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ નાના અને મધ્યમ કક્ષાના ગ્રાહકો તથા ઉદ્યોગોને વધુ પ્રમાણમાં કોલસાની ફાળવણી કરે. જેથી ઉદ્યોગો એલપીજીના અભાવે બંધ ન પડે અને તેમનું ઉત્પાદન કે કામગીરી નિર્વિઘ્ને ચાલુ રહી શકે.

વૈકલ્પિક ઈંધણની સપ્લાય સુનિશ્ચિત કરવાના ભાગરૂપે કેન્દ્રીય પેટ્રોલિયમ વિભાગના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ પણ મહત્વની માહિતી આપી છે. ત્રિમાસિક ફાળવણી ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને વિતરણ માટે વધારાનું ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન આપવામાં આવ્યું છે. આ વધારાનો જથ્થો રાજ્યોને તેમની સ્થાનિક જરૂરિયાતો અને વ્યાપારી એકમોની માંગને પહોંચી વળવામાં અત્યંત મદદરૂપ સાબિત થશે.

# બાબરાના વલારડીના દિવ્યધામમાં ગુરૂવારથી શિવકથાનો મહાકુંભ

## પૂ.ગીરીબાપુની અમૃતવાણી અને ગંગા આરતીના ત્રિવેણી સંગમથી નવ દિવસ ભક્તિમય માહોલ જામશે



**અબતક રાજકોટ**

બાબરા તાલુકાના વલારડી સ્થિત દિવ્યધામ ખાતે સુરાપુરા દાદાની પવિત્ર પ્રેરણાથી આગામી ૧૯ માર્ચથી ૨૭ માર્ચ દરમિયાન ભવ્ય શિવકથા અને આધ્યાત્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રખ્યાત કથાકાર પૂજ્ય ગીરીબાપુના શ્રીમુખે વહેનારી આ કથા દરરોજ બપોરે ૩ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન યોજાશે, જેમાં ભગવાન શિવના મહિમા અને આધ્યાત્મિક જીવનના ગૂઢ મર્મ પર પ્રકાશ પાડવામાં આવશે. આ મહોત્સવના આમંત્રણ માટે ગંગાજળ રથયાત્રા દ્વારા સમગ્ર ગુજરાતમાં ભક્તિભાવપૂર્વક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા અંકિત વઘાસીયા સહિતના આયોજકોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ આધ્યાત્મિક મહોત્સવના પ્રથમ દિવસે તા. ૧૯ માર્ચના રોજ સવારે ૯ વાગ્યે ગંગાજીના સામૈયા અને બપોરે ૨ વાગ્યે દાદાના મંદિરેથી કથા સ્થળ સુધી ભવ્ય પોથીયાત્રા નીકળશે.

આ પ્રસંગે પૂજ્ય ગીરીબાપુના હસ્તે શ્રદ્ધાળુઓ માટે આધુનિક દિવ્ય ભવન અને લોકકલ્યાણ અર્થે દિવ્યધામ હેલ્થ સેન્ટરનો શુભારંભ કરવામાં આવશે. કથાના પાવન પ્રસંગોમાં તા. ૨૪ માર્ચે સતી પ્રાગટ્ય અને તા. ૨૫ માર્ચે શિવ-પાર્વતી વિવાહનો ભવ્ય પ્રસંગ ધામધૂમથી ઉજવાશે. શિવકથાના પ્રત્યેક વિરામ બાદ દરરોજ સાંજે હરિદ્વારના પરંપરાગત બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે દિવ્ય ગંગા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે, જે ભક્તોને હરિદ્વાર જેવો જ પવિત્ર અનુભવ કરાવશે.

કથાની સાથે સાથે દરરોજ રાત્રે સાંસ્કૃતિક અને લોકસાહિત્યના કાર્યક્રમોની હારમાળા સર્જાશે. જેમાં ૨૧ માર્ચે લોકસાહિત્યકાર રાજભા ગઢવી, શ્રુતિ પટેલ અને માનસિંહ ગોહિલ, ૨૩ માર્ચે ભજનિક ભગવતી ગૌસ્વામી અને હાસ્ય કલાકાર હિતેશ અંટાળા, ૨૪ માર્ચે ઓસમાન મીર અને આમિર મીર તેમજ ૨૬ માર્ચે આશિષ વઘાસિયા અને ચાંદની પટેલ સહિતના નામાંકિત કલાકારો લોકડાયરા અને સંતવાણીની રમઝટ બોલાવશે. આ ઉપરાંત મનીષ વઘાસિયા દ્વારા શિવનો સંદેશ પ્રેરક વકતવ્ય અને રાસોત્સવનું પણ આયોજન કરાયું છે. સમગ્ર મહોત્સવ દરમિયાન ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે



‘અબતક’ મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી

## લોકડાયરાની રમઝટમાં રાજભા ગઢવી તથા ઓસમાન મીર સહિતના નામી કલાકારો શ્રોતાઓને ડોલાવશે; હેલ્થ સેન્ટર અને દિવ્ય ભવનનું પણ કરાશે લોકાર્પણ

# ધ્રાંગધ્રાના ગ્રામ્ય વિસ્તારોમાં ક્ષય રોગને નાથવા આરોગ્ય તંત્ર મેદાને

## વ્યાપક તપાસ ઝૂંબેશ બે દિવસમાં ૪૭૯ લોકોના કરાયા એક્સ-રે

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ક્ષયરોગ સામે સમયસર તપાસ અને લોકોમાં જાગૃતિ લાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે.

આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ બે દિવસીય વિશેષ આરોગ્ય કેમ્પ યોજાઈ, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો ધ્રાંગધ્રા તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા તા. ૧૧ અને ૧૨ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરવદી, મોટા અંકેવાડિયા અને દુદાપુર વસાડવા ગામોમાં ક્ષયરોગની વહેલી તકે ઓળખ માટે વિશેષ એક્સ-રે



કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પ ફિલોરી ટ્રસ્ટ તથા જિલ્લા ક્ષય કેન્દ્રના સહયોગથી યોજાયો હતો બે દિવસ સુધી ચાલેલા આ આરોગ્ય કેમ્પ દરમિયાન કુલ ૪૭૯ લોકોના છાતીના એક્સ-રે લેવામાં આવ્યા હતા તપાસ દરમિયાન સંભવિત ક્ષયરોગના દર્દીઓની ઓળખ કરી તેમને આગળની જરૂરી તપાસ અને યોગ્ય સારવાર માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવવા માટે ગુજરવદી ગામના એમપીએચડબલ્યૂ બીપીનભાઈ વાઘેલા, દુદાપુર ગામના સીએચઓ અસ્માબેન મકરાણી સહિત આરોગ્ય ટીમે વિશેષ જહેમત ઉઠાવી હતી.

# સુત્રાપાડાના પ્રાચીમાં મિલેટ મેળામાં ખેડુતોને શ્રીધાન્યની ખેતી માટે કરાયા પ્રોત્સાહીત

## મિલેટના ઉપયોગના ફાયદાનું કરાયું નિર્દેશન



**અબતક,રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડાના પ્રાચીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી આયોજિત પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ખેડૂત કુટુંબોને ૨૨મા હપ્તાની સહાયનું ડીબીટી મારફતે વિતરણ કરવાનો મહત્વપૂર્ણ કાર્યક્રમ તેમજ મિલેટ પાકોના વાવેતર અને ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે આયોજિત મિલેટ મેળાના કાર્યક્રમમાં આજે સુત્રાપાડા તાલુકા ના પ્રાચી મુકામ ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ વાડી માં ખાતે ઉપસ્થિત શૈલેન્દ્ર સિંહ રાઠોડ પૂર્વ પ્રમુખ જૂનાગઢ પૂર્વ કારોબારી ચેરમેન હમીર ભાઈ વાઢિયા સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ મસરી ભાઈ રાઠોડ પૂર્વ પ્રમુખ પ્રતાપ સિંહ બારડ એ. ટી.ઓ. ચાવડા જશું ભાઈ સોલંકી સદસ્ય મહેન્દ્રભાઈ નાઘેરા સરપંચ ભગવાન ભાઈ બારડ સરપંચ પ્રતાપ ભાઈ પરમાર સદસ્ય જી એસ સી એલ. કર્મચારી ખેતી વાડી અધિકારી અશ્વિન ભાઈ સચિન ભાઈ ડોડીયા મધુબેન તાલુકા સ્ટાફ ખેડૂતો ભાઈ બહેનો ભાગ લીધો...

સાથે જ મિલેટ પાકોના મહત્વ, તેના પોષણ મૂલ્ય અને ટકાઉ ખેતી પ્રણાલીમાં તેના યોગદાન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# કંડલાના દીનદયાળ પોર્ટમાં સલામતી જાગૃતિ માટે સુરક્ષા સપ્તાહની ઉજવણી

## પંચાવનમાં રાષ્ટ્રીય સુરક્ષા સપ્તાહ અંતર્ગત એસઓપી બુકલેટનું અનાવરણ




**અબતક ,ભારતી માખીજાણી, ગાંધીધામ**

કંડલાના દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ઉઙઅ) ખાતે ૧૨થી ૧૮ માર્ચ દરમિયાન ઉજવાતા ૫૫મા રાષ્ટ્રીય સુરક્ષા સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સપ્તાહના ઉદ્દઘાટન સમારોહમાં ડેપ્યુટી ચેરમેન નીલાભ્રા દાસગુપ્તાએ દીપ પ્રજ્વલિત કરીને કાર્યક્રમનું ઉદ્દઘાટન કર્યું હતું.

કાર્યક્રમમાં સીવીઓ જે.કે. રાઠોડ, પોર્ટના વરિષ્ઠ અધિકારીઓ, પોર્ટ યુઝર્સ, કર્મચારીઓ તેમજ શ્રમિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ પ્રકારના કાર્ગો હેન્ડલિંગ દરમિયાન સલામતીના નિયમોનું પાલન સુનિશ્ચિત થાય તે માટે તૈયાર કરાયેલ જઘઙ બુકલેટનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પહેલનો મુખ્ય હેતુ બંદર વિસ્તારમાં સલામતી અંગે જાગૃતિ વધારવાનો અને સુરક્ષિત તેમજ જવાબદાર મેરિટાઈમ પર્યાવરણનું નિર્માણ કરવાનો છે. સુરક્ષા સપ્તાહ દરમિયાન વિવિધ જાગૃતિ કાર્યક્રમો, માર્ગદર્શન સત્રો અને સલામતી અંગેના અભિયાન યોજાશે, જેથી કર્મચારીઓ અને શ્રમિકોમાં સલામતી પ્રત્યે વધુ સજાગતા વિકસે.

# ગોંડલ તાલુકા પોલીસ લોક દરબારમાં વ્યાજ અને કનડગતના પ્રશ્નોને ડામી દેવા એસ.પી. વિજયસિંહ ગુર્જરની તાકીદ

## માત્ર ભાજપ પ્રેરીત લોકદરબાર હોવાનો કોંગ્રેસનો આક્ષેપ:લોકદરબાર મુદ્દે રાજકારણ ગરમાયું

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ તાલુકા પોલીસ મથક ખાતે વ્યાજના વિષચક્રમાં ફસાયેલા લોકો અને કાયદો વ્યવસ્થાનું ઉલંઘન કરતાં તત્વો સામે જાગૃતિ લાવવા લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતુ.લોકદરબાર જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર તેમજ ગોંડલ તાલુકા પોલીસ મથકના પ્રોબેશ્નલ એએસપી પ્રખરકુમારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વ્યાજખોરીના ચક્રમાં ફસાઈ જતાં લોકોમાં જાગૃતિ લાવવાનો અને કનડતા ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી અંગે લોકોને માર્ગદર્શન આપવાનો હતો.બીજી બાજુ કોંગ્રેસ નાં આગેવાનો ને લોકદરબાર માં આમંત્રણ મળ્યું નાં હોય પોલીસ દ્વારા ભાજપ પ્રેરીત લોકદરબાર યોજાયા નો આક્ષેપ કરાયો હતો.

લોકદરબાર માં તાલુકાનાં સરપંચો, આગેવાનોએ વિવિધ પ્રશ્નો ની રજુઆત કરી હતી.ખાસ કરીને વ્યાજકવાંદ અંગે ફરિયાદો થઇ હતી.જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે માર્ગદર્શન આપી તમામ પ્રશ્નો ની યોગ્ય ઉકેલ ની ખાત્રી આપી લોકોને જાગૃતિ દાખવવા જણાવ્યું હતી.



બીજી બાજુ તાલુકા કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઝાલાએ રોષ વ્યક્ત કરતાં જણાવ્યુ કે જાહેર લોકદરબાર માં કોંગ્રેસ નાં આગેવાનો ને આમંત્રણ નહી આપી યુક્તિ પુર્વક દુર રખાયા હતા.નિષ્ઠાવાન પોલીસ અધિકારી નિર્લિપ્ત રાય નાં આવવા થી પોલીસ તંત્ર માં ફર્ક પડશે.ગોંડલમાં નિષ્ઠાવાન અધિકારીઓ ની નિમણુંક કરવી જરુરી છે.લોકદરબાર જાહેર મંચ ગણી શકાય.પરંતુ પોલીસ દ્વારા માત્ર ભાજપ પ્રેરીત સરપંચો અને આગેવાનોને આમંત્રણ આપી ભેદભાવ ની નીતિ દાખવ્યાં નો આક્ષેપ તેમણે કર્યો છે.

લોક દરબારમાં પીઆઇ વી.એમ. ડોડીયા, પીએસઆઇ આર.આર. સોલંકી સહિત પોલીસ તંત્ર હાજર રહ્યુ હતું.

## ધોરાજીના ભૂખી ગામે લુખ્ખાઓનો રંજાડ

# વાહન અને ફાકીના પૈસા માંગી યુવાનને માર માર્યો : રસ્તામાં આંતરી વધુ બે વાર હુમલો કર્યો

## તારા પુત્રને ઘરેથી ઉઠાવી લઇ મારી નાખીશું કહી યુવાનને ધમકાવ્યો : વાહનની ચાવી અને ખિસ્સામાંથી પૈસા કાઢી લીધા

**અબતક, રાજકોટ**

ધોરાજીના ભૂખી ગામે ત્રણ લુખ્ખા તત્વોએ યુવાનને ગાળો ભાંડી મોટરસાયકલની ચાવી પડાવી લઈ ફાકીના પૈસા આપ નહીંતર તારા દીકરાને ઘરેથી ઉપાડી જાનથી મારી નાખીશું કહી ધમકી આપી હતી. બાદમાં લુખ્ખા તત્વોએ અલગ અલગ ત્રણ જગ્યાએ યુવાનનો પીછો કરી માર માર્યો હતો. મામલામાં ધોરાજી તાલુકા પોલિસે ત્રણેય લુખ્ખાઓને પકડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

બનાવ આંગવા ધોરાજીના ભૂખી ગામે રહેતા ૪૦ વર્ષીય યુવાન મનોજભાઈ રવજીભાઈ મેરએ આરોપી તરીકે ગામમાં જ રહેતા પ્રફુલ ઉર્ફે ભોલો દાનાભાઇ શેખવા, કિશન નાથાભાઈ પરમાર અને ભાવેશ ખોડાભાઈ ચાવડાનું નામ આપતાં ધોરાજી તાલુકા પોલિસે લૂંટ, હુમલો અને ધમકીની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

યુવકે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૧૩-૦૨-૨૦૨૬ ના રોજ હું સવારના છ વાગ્યે ધોરાજી યાર્ડમા મજુરીકામ અર્થે ગયેલ હતો અને સાડા અગીયાર વાગ્યાની આસપાસ ઘરે પરત આવી ગયેલ હતો. મારે ધોરાજીના કુંભારવાડા વિસ્તારમાં આવેલ આર.ડી.સી. બેન્કમાં કામ હું મારા ડોક્યુમેન્ટ લઈને મારૂ મોટરસાયકલ રજી નં. જીજે-૦૩-એચડી-૪૫૨૨ લઈને ધોરાજી આર.ડી.સી. બેન્કે જવા માટે નિકળેલ હતો અને બપોરના આશરે બારેક વાગ્યે હું અમારા ગામમા આવેલ લિમડા ચોકમાં પહોચતા બટુકભાઈ વાહેજાની દુકાને અમારા ગામના અરવિંદભાઇ ઉર્ફે ભદો જેઠવા ઉભો હોય તેને મને ઉભો રાખતા હું મારૂ મોટર સાયકલ ત્યા સામે લિમડા પાસે મુકી તેમાથી ચાવી કાઢી અરવિંદ ઉર્ફે ભદાને મળવા ગયેલ હતો. અરવિંદ ઉર્ફે ભદો બપોર પછી મારી સાથે કામે આવવાનો હોય મને કહેલ કે, મારે મહેમાન આવવાના છે જેથી હું બપોર પછી કામે નહી આવું. દરમિયાન ત્યા પ્રફુલ્લ ઉર્ફે ભોલો દાનાભાઇ શેખવા, કિશન નાથાભાઈ પરમાર તથા ભાવેશ ખોડાભાઈ ચાવડ ગાળો બોલતા હતા જેથી અરવિંદે મને કહેલ કે, તુ મોટરસાયકલ લઈને જલ્દી નિકળી જાજે. ભોલો, કિશન અને ભાવેશ તોફાને ચડ્યા છે ખોટી માથાકુટ થશે.

## ધોરાજી તાલુકા પોલીસ ગણતરીની કલાકોમાં જ ત્રિપુટીને દબોચી કાયદાનું ભાન કરાવ્યું

યુવાને જણાવ્યું હતું કે, હું મારૂ મોટરસાયકલ લઈને નિકળવા જતા ત્રણેયએ મને આગળ જતો અટકાવેલ હતો. પ્રફુલ્લ ઉર્ફે ભોલાએ મને માંની ગાળ આપી તારૂ હોન્ડા લાવ નહીતર તારા ઘરે જઈ તારા છોકરાને ઉપાડી લઇશ અને મારી નાખીશ તેમ કહેલ હતું. જેથી હું ડરી ગયેલ હતો દરમિયાન ભોલાએ મારા મોટરસાયકલમાથી ચાવી કાઢી લિધેલ હતી. બાદ ભોલાએ મારી પાસે ફાકી માંગેલ. જેથી ડરીને મે ભોલાને ફાકી આપેલ તો ભોલાએ મને ફરી માંની ગાળો આપી કહેલ કે, આટલી ફાકી અમને ત્રણેયને ન થાય. મારે ખોટી માથાકુટમા પડવુ ન હોય અને મને ડર લાગતો હોય જેથી મે ભોલાને કહેલ કે, બાવકુભાઈને ત્યા મારૂ ખાતુ ચાલે છે મારૂ નામ દઈને નવી આખી ફાકી લઈ લેજે. તો ત્રણેય શખ્સો મને ગાળો આપી કહેવા લાગેલ કે, ફાકીના વીસ રૂપીયા નહી આપ તો તારા છોકરાને ઉપાડી લઈશું અને મારી નાખીશું તેવુ કહી બળજબરીથી મારા પેન્ટના ખિસ્માથી વીસ રૂપીયાની એક નોટ ભોલાએ કાઢી લિધેલ હતી. બાદ વિસ રૂપીયાની નોટ પ્રફુલ્લે ભાવેશ ચાવડાને આપતાં તે ફાકી લઈને પરત આવ્યો હતો. બાદ મેં હવે તો ગાડીની ચાવી પાછી આપી દે તેમ ભોલાને કહેતા ત્રણેય શખ્સો મારી સાથે માથાકુટ કરવા લાગેલ હતા. ત્રણેયના ડરથી ત્યા બાજુમા દુકાન ધરાવતા હરસુખભાઈ તેની દુકાન બંધ કરવા લાગતા ત્રણેય હરસુખભાઈની દુકાનમા ઘુસી ગયેલ અને હરસુખભાઈની દુકાનમાં પડેલ ઘઉંનું બાચકુ ખેંચવા લાગેલ હતા. હું પણ તેની પાછળ ચાવી લેવા માટે ગયેલ હતો. દરમિયાન ત્રણેય સખશોના હાથમાંથી ઘઉંનું બાચકુ મુકાય જતા ભોલાએ મને ઘઉંનું બાચકું તેના ઘરે મુકી જવા માટે કહેલ હતું. જેથી મે ના પાડતા ત્રણેય મને ઢીકાપાટુનો મારવા લાગેલ હતા. મે પહેરેલ વાદળી કલરનું ટીશર્ટ ફાડી નાખેલ હતું અને મને ગળાની આજુબાજુ વિખોણીયા ભરી લિધેલ હતા. બાદ મારા મિત્ર ભદાએ વચ્ચે પડી મને વધુ મારમાથી છોડાવેલ હતો. ત્યારબાદ ભદો મને મારા ઘરે મને મુકવા આવતો હતો ત્યારે ત્રણેય લોકો અમારી પાછળ આવી અમારા ગામમા આવેલ મોમાઈ પાન દુકાન પાસે અમને અટકાવીને ત્રણેય શખ્સોએ મને ફરીથી ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદ અમારા ગામના સાગરભાઈ જિકાભાઈ રબારી તથા મારા મિત્ર ભદાએ મને છોડાવેલ હતો. ભદો મને ત્યાથી મારા ઘરે મુકવા આવતો હતો. ત્યારે અમારા ગામમા આવેલ પાણીના ટાંકા પાસે પહોચતા ત્યા પણ ત્રણેય મને રોકીને ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતા. જેથી અમારા ગામના વિલાસબેન નરેન્દ્રભાઈ મેર તથા ભદો વચ્ચે પડતા ત્રણેય નાસી ગયેલ હતા. બાદ મને ભદો ઘરે મૂકી ગયેલ હતો. ત્યારબાદ યુવાને ૧૧૨ હેલ્પલાઈનમાં ફોન કરી પોલિસ મથકે દોડી જઈ ફરીયાદ નોંધાવી હતી.

બનાવને પગલે ધોરાજી તાલુકા પોલિસ મથકના પીઆઈ જે પી ગોસાઈની ટીમે ગણતરીની કલાકોમાં જ ત્રણેય લુખ્ખા તત્વોની ધરપકડ કરી કાયદાનો પાઠ શીખવ્યો હતો અને યુવાનનું મોટરસાયકલ પરત અપાવ્યું હતું.

# ઘોઘાવદર નજીક રૂ.૪.૮૨ લાખના વિદેશી દારૂ સાથે બે પકડાયા: બૂટલેગર ફરાર

## સુલતાનપુર ગામે સુરતથી દારૂની ડિલીવરી કરવા આવેલી સાળી અને દંપતિ ઝડપાયું

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

રાજકોટ રેન્જનો ચાર્જ નિર્લિપ્ત રાય સંભાળતાની સાથે રાજકોટ ગ્રામ્ય પોલીસ દોડતી થઈ છે. જેમાં ગોંડલ તાલુકામાં બે સ્થળે વિદેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા છે. ઘોઘાવદર ગામ પાસે કારમાંથી રૂ.૪.૮૨ લાખના દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરી અને વિછીયા પંથકના બૂટલેગરની શોધખોળ હાથ ધરી છે. જયારે સુલતાનપુર ગામેથી ૫૮૫૦૦ની કિંમતનો શરાબ સાથે દંપતિ સહિત ત્રણની ધરપકડ કરવામાં આવી છે.



રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયે દારુ જુગાર અંગે કડક હાથે કાર્યવાહી કરવા પોલીસ તંત્ર ને નિર્દેશ આપ્યા બાદ દારુનાં ધંધાર્થીઓ પર પોલીસ ત્રાટકી રહી છે.તાલુકા પોલીસ સ્ટેશન નાં પ્રોબેશન IPS પ્રખરકુમારના માર્ગદર્શન હેઠળ તાલુકા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા ઉંચી કિંમત નો વિદેશી દારુનો જથ્થો જડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ તાલુકા પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રતાપસિંહ સોલંકી અને કોન્સ્ટેબલ જયદીપભાઈ ધાધલને માહિતી મળી કે કારમાં આટકોટ તરફથી ઈંગ્લીશ દારૂ ભરી ગોંડલ તરફ લાવવામાં આવી રહ્યો છે.માહિતીના આધારે પીએસઆઇ સોલંકી,એએસઆઈ રવિરાજસિંહ, પ્રતાપસિંહ, હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ, લખધિરસિંહ સહિત પોલીસ સ્ટાફ ઘોઘાવદર પાસે વોચ રાખી પસાર થઈ રહેલી જીજે ૩ એફ ૫૯૬૭ નંબર ની સ્વિફ્ટ કાર અટકાવી તપાસ કરતા તેમાંથી સ્કોચ વિસ્કી નંગ ૧૫૬ કિંમત રુ.૪,૮૨,૯૪૦ મળી આવતા કાર માં રહેલા ગોંડલ નાં આરિફ ઉર્ફે રઘો દિલાવરભાઈ ખોખર તથા દિપક મોહનભાઈ વેકરીયા ને જડપી લઈ રુ.ત્રણ લાખ ની કિંમત ની સ્વિફ્ટ કાર તથા રુ.વીસ હજાર ની કિંમત નાં મોબાઈલ મળી કુલ રુ.૮,૦૨,૦૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે વિદેશી દારુ મોકલનાર વિંછીયા નાં માત્રા ગામ નાં ભાણુભા નામનાં શખ્સ ની શોધખોળ શરુ કરી છે. જયારે સુલતાનપુર પોલીસ મથકના પીઆઈ જે.એ. ખાચર સહિતના સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે ધીરજલાલ છત્રભુજ મર્થક નામના વૃધ્ધના મકાનમાં વિદેશી દારૂ છુપાવ્યો હોવાની મળેલી બાતમીનાં આધારે સ્ટાફે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન મકાનમાંથી રૂ. ૫૮૫૦૦ની કિંમતનો ૧૮૦ બોટલ દારૂ સાથે ધીરજલાલ મર્થક અને તેની પત્ની દમ્યંતીબેન મર્થક તેમજ રીટાબેન અજય સોરઠીની ધરપકડ કરી હતી.પોલીસની પ્રાથમિક પુછપરછમાં દમણ રહેતી રીટાબેન વિદેશી દારૂ લાવ્યાની કબુલાત આપી છે. એએસઆઈ મહિપાલસિંહ, હેડ કોન્સ્ટેબલ જયસુખભાઈ, કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ સહિતના સ્ટાફે કામગીરી બજાવી હતી.

# દેરડી કુંભાજીમાં ડિમોલિશન: રસ્તા પાસે દબાણો પર ફરી વળ્યું બુલડોઝર

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**



ગોંડલ તાલુકા નાં દેરડી કુંભાજી ગામે તંત્ર દ્વારા મેગા ડિમોલેશન શરૂ કરાયું હતું. માર્ગ અને મકાન વિભાગે રસ્તાના દબાણો દૂર કર્યા હતા. જાહેર માર્ગ પર દબાણ કરનાર ૧૦૦થી વધુ લોકોને અગાઉ નોટિસ અપાઈ હતી. પ્રાપ્ત વિગત મુજબ દેરડી કુંભાજીમા શુક્રવારે વહેલી સવારથી જ વહીવટી તંત્ર દ્વારા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી માર્ગ અને મકાન વિભાગ (RB) દ્વારા જાહેર માર્ગો પર નડતરરૂપ બનતા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે આ કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેનાથી સમગ્ર પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સૂત્રોના અનુસાર, દેરડી કુંભાજી અને સુલતાનપુર માર્ગ પર આવેલા વડલા પાસેના વિસ્તારમાં અનેક ગેરકાયદેસર દબાણો ખડકાયેલા હતા. ખાસ કરીને સીઝન મુજબ ચાલતા શેરડીના ચીચોડા, ખાણી-પીણીની લારીઓ અને અન્ય કાચા-પાકા બાંધકામોને કારણે વાહનચાલકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આજે સવારથી જ તંત્રના બુલડોઝરે આ તમામ નડતરરૂપ દબાણો તોડી પાડવાની શરૂઆત કરી હતી.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ કામગીરી પૂર્વે આશરે ૧૦૦થી વધુ આસામીઓને નોટિસ ફટકારીને સ્વેચ્છાએ દબાણ દૂર કરવા સૂચના આપવામાં આવી હતી. તંત્રની આ તાકીદ બાદ કેટલાક લોકોએ પોતાના દબાણો જાતે જ હટાવી લીધા હતા. જે લોકોએ સમયમર્યાદામાં અમલ કર્યો ન હતો, તેમના ગેરકાયદેસર દબાણો આજે સરકારી તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યા છે. હજુ પણ પ્રક્રિયા ચાલુ છે અને આગામી દિવસોમાં નવા દબાણકર્તાઓને પણ નોટિસ આપવાની તજવીજ હાથ ધરાઈ છે. તંત્ર દ્વારા આ ઝુંબેશ આગામી ૩ થી ૪ દિવસ સુધી સતત ચાલુ રહેશે. રસ્તાની બંને બાજુએ આવેલી તમામ ગેરકાયદે લારીઓ અને ઓટાઓ દૂર કરવામાં આવશે, જેથી આ મુખ્ય માર્ગ પર ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકાય અને વાહનવ્યવહાર વધુ સુગમ બને તેવું જણાવાયું છે.

# ગોંડલ: મોબાઈલ પર જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ માં એલસીબી પોલીસે સરકારી હોસ્પીટલ ચોકમાંથી મોબાઈલ ફોન ઉપર વર્લી ફીચરના આંક ફેરનો જુગાર રમી રમાડતા એક ઈસમને પકડી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી.ઓડેદરા ના માર્ગદર્શન હેઠળ સ્ટાફના પ્રોહી જુગારની કામગીરીમાં હતા. જે દરમ્યાન સ્ટારફને મળેલી બાતમીના આધારે રેઈડ કરી મોબાઈલ ફોન ઉપર વોટસઅપ એપ્લીકેશન મારફતે વર્લીફીચર ના આંકડા લખતા ભગવતપરા માં રહેતા જાફર હનીફભાઈ કટારીયા ને જડપી લઈ રોકડ રુ.૨૯,૦૦૦ તથા રુ.૫૦૦૦ ની કિંમત ના મોબાઈલ મળી કુલ કિ.રૂ.૩૪,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે અન્ય શખ્સ રફીક ઉર્ફે જંગલી કરીમભાઈ કટારીયા નીશોધખોળ હાથ ધરી હતી.

# શામળાજી નજીક ગુજસીટોકનો આરોપી ભાગવા જતા એસ.એમ.સી.ના સ્ટાફે કર્યુ ફાયરિંગ

## સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ રાજસ્થાનથી આરોપીને લાવતી વેળાએ નાસી છુટવાનો કર્યો હતો પ્રયાસ

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**

શામળાજી નજીક સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલા આરોપી શકાજી ડાંગી પર ફાયરિંગ કરવાની ઘટના સામે આવી હતી રાજસ્થાનથી ધરપકડ કરી લાવતી વખતે આરોપીએ પોલીસ કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરતા પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કર્યો હતો આ ઘટનામાં આરોપીના જમણા હાથમાં ગોળી વાગતા તેને સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો હિંમતનગર જનરલ હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ શામળાજી સી.એચ.સી માંથી રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ઢાસાના ૩૭ વર્ષીય સુખલાલ રામલાલ ડાંગી વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં શુક્રવારે બપોરે ૧ વાગે ૮ મિનિટ લાવ્યા હતા જેમનો એક્સ-રે અને સોનાગ્રાફી કરી હતી જમણા હાથમાં કોણીથી ૧૦ સેમી ઉપરના ભાગે ૨.૨ સેમીનો હોલ આરપાર પડી ગયો હતો જેની સારવાર ચાલી રહી છે.

એસ.એમ.સી ની ટીમ ગુજસીટોકના ગુનાના આરોપી શકાજી ડાંગીની રાજસ્થાનથી અટકાયત કરી ગુજરાત લાવી રહી હતી આ દરમિયાન શામળાજી નજીક માર્ગ પર આરોપીએ પોલીસને ચકમો આપી નાસી જવાનો પ્રયાસ કર્યો હતો સ્થિતિને કાબૂમાં લેવા માટે એસ.એમ.સી ની ટીમે ફાયરિંગ કરવું પડ્યું હતું જેમાં એક ગોળી આરોપીના જમણા હાથે વાગી હતી.ઈજાગ્રસ્ત આરોપીને પ્રાથમિક સારવાર બાદ તાત્કાલિક હિંમતનગર સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં દાખલ કરવામાં આવ્યો છે ઘટનાની



ગંભીરતાને જોતા એસ.એમ.સી ના ઉચ્ચ અધિકારીઓ સહિત એ.ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ અને એલ.સી.બી પી.આઈ કાફલા સાથે સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને હોસ્પિટલ પરિસરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને તબીબો દ્વારા આરોપીની સારવાર ચાલી રહી છે.

# ગીર ગઢડાના બોડીદાર ગામે હલણ પ્રશ્ને બે ભાઈ પર હુમલો

## પિતરાઈ ભાઈ, ભાભી અને ભત્રીજા સામે નોંધાતો ગુનો

**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકાના બોડીદાર ગામે ખેતરના રસ્તા બાબતે પિતરાઈ ભાઈ, તેમના પત્ની અને તેમના પુત્રએ ઝગડો કરી ગાળો આપી પથ્થર વડે માર માર્યા અંગેની ફરિયાદ નોંધાઈ છે.

ગીર ગઢડા તાલુકાના બોડીદર ગામે રહેતા નિલેશ ભાઈ કેસુર ભાઈ મોરાસિયા અને તેનો મોટો ભાઈ લાલજી કેસુર ખેતરે થી ચાલી ને ઘરે જતા હતા ત્યારે તેમના પિતરાઈ ભાઈ દીપુભાઈ કાળા ભાઈ મોરાસિયા રે. બોડીદર ના ઘર પાસે પહોંચેલ ત્યારે ઘર માંથી તેમના પિતરાઈ ભાભી સવિતાબેન દીપુભાઈ અને તેમનો દીકરો પ્રતીક દીપુ ભાઈ ઘર ની બહાર નીકળી ભૂંડી ગાળો આપી કહેલ કે આ રસ્તો તારા બાપ નો નથી આ રસ્તે નીકળતો નહીં તેમ કહી ફરિયાદી ના પિતરાઈ ભાઈ દીપુભાઈ એ હાથમાં પથ્થર લઈ ઘા કરતા ફરીના મોટાભાઈ લાલજીને માથામાં વાગી જતા લોહી લુહાણ હાલતમાં બેભાન થઈ પડી ગયા હતા. ગીર ગઢડા પોલીસ સ્ટેશનમા પિતરાઈ ભાઈ દીપુભાઈ કાળાભાઈ મોરાસિયા અને તેના પત્ની સવિતાબેન, પુત્ર પ્રતીક સામે નિલેશભાઈ કેસુરભાઈએ ફરિયાદ નોંધાવી હતી.

# ગોંડલ નજીક ઝડપાયેલા ૨૯ કિલો ગાંજા ગુનામાં ઉપલેટાનો અસપાક ખોખરના જામીન રદ

## રાજકોટ ગ્રામ્ય એસઓજીએ દરોડો પાડી બોલેરોમા ૧૪.૫૦ લાખના ગાંજા સાથે ત્રણ પકડાયા'તા

**અબતક, રાજકોટ**

ગોંડલ નજીક મુંગાવાવડી પાસે એસઓજીએ દરોડો પાડી બોલેરોમાંથી ૧૪,૫૦,૧૫૦ની કિંમતનો ૨૯ કિલો ગાંજો મંગાવવાના ગુનામાં જેલ હવાલે રહેલા ઉપલેટાનો અસપાક મનસુરભાઈ ખોખરની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે. વધુ વિગત મુજબ રાજકોટ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ તારીખ ૩૦ ૧ ૨૦૨૬ ના રોજ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, ગોંડલ તાલુકા મુંગાવાવડી ગામથી દાળીયા ગામ તરફ જતા રસ્તા પર બોલેરો પિકઅપ વાહનમાં માદક પદાર્થની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે સ્ટાફે વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ બોલેરોને અટકાવી તલાશી લેતા તેમાંથી ૨૯ કિલો અને ૦૩ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ભાયાવદરનો અશરફ ઉર્ફે અપ્પુ રાજુભાઈ પટ્ટણી અને શાહનવાજ રાજુભાઈ પટ્ટણીની ધરપકડ કરી છે. કુલ રૂ. ૨૧.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમા ગાંજાનો જથ્થો વેચાણ કરવા માટે ભાયાવદરનો સમીર દિલાવર પટ્ટણી, ઉપલેટા નાગનાથ ચોક કોરીવાળા શેરી નંબર ૪મા રહેતો અસપાક મનસુરભાઈ ખોખરે મંગાવેલઅને સપ્લાય કરનાર ઓરિસ્સાના શુશાંતકુમાર લેનકાની સંડોવણી ખૂલતા ધરપકડ કરી હતી. તપાસ પૂર્ણ થતા તમામને જેલા હવાલે કર્યો હતો.બાદ અસપાક ખોખરએ જામીન મુક્ત થવા કોર્ટમાં અરજી કરી હોય જેમાં સરકાર તરફે દલીલ કરવામાં આવેલી હતી કે હાલના કામમાં ગાંજો પકડાયેલ છે જે કોમર્શિયલ કોન્ટેટીનો છે અને હાલના અસફાક ખોખરએ ગાંજો ઓડીસાથી ગાંજો મંગાવી વેચાણ કરી આર્થિક લાભ માટે યુવાનોને ડ્રગ્સના રવાડે ચડાવી ભારતનું યુવાધન બરબાદ કરી નાખે તેવી પરિસ્થિતિ સર્જાશે આથી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા જોઈએ જે સરકારી દલીલો ધ્યાને લઈ જમીન અરજી નામંજૂર કરી છે. સરકાર તરફે બીનલબેન રવેશીયા રોકાયેલા હતા.

# આણંદ: કસ્તુરબા હોસ્ટેલમાં યુવતીના શંકાસ્પદ મોતના ઘેરા પ્રત્યાઘાત

## લીંબડી ખાતે સમસ્ત કોળી અને ઠાકોર ચુંવાળિયા કોળી સમાજના આગેવાનોએ આવેદન પત્ર પાઠવી તટસ્થ તપાસની માંગ

**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

આણંદ ની કસ્તુરબા હોસ્ટેલ ડીએન કેમ્પસ ફરી એકવાર વિવાદ મા આવી છે. આ કેમ્પસ ની રૂમમાં ખીંટીએ ટીંગાતો મૃતદેહ મળી આવતા આત્મ હત્યા નહી પણ હત્યા હોવાની આશંકા જણાતા આ બનાવના ઠેર-ઠેર ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યાં છે. આણંદની કસ્તુરબા હોસ્ટેલ ડીએન કેમ્પસની ઘટના સંદર્ભે અખિલ ભારતીય યુવા કોળી સમાજ લીંબડી તાલુકા પ્રમુખ સંજયભાઈ મેરની આગેવાની હેઠળ તથા અખિલ ભારતીય યુવા કોળી સમાજ લીંબડી તાલુકા ઉપપ્રમુખ રઘુભાઈ રવોદરા તથા લીંબડી ઠાકોર સમાજના પ્રમુખ દિલીપભાઈ ઠાકોર તથા સુરેન્દ્રનગર જિલ્લા અખિલ ભારતીય યુવા કોળી પ્રમુખ મનસુખભાઈ કોઠારીયા તથા ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ના પ્રમુખ દશરથભાઈ ઠાકોર તથા રોયલ ક્ષત્રિય ઠાકોર સમાજ પ્રમુખ



લીંબડી તાલુકા નરેન્દ્રભાઈ લાભુભાઈ તથા સુરેન્દ્રનગર અખિલ ભારતીય યુવા કોળી સમાજ ઉપપ્રમુખ વિજયભાઈ મેર તથા સમાજના કાર્યકરો તથા સમાજના લોકો દ્વારા આણંદ કસ્તુરબા હોસ્ટેલ ખાતે સ્વર્ગસ્થ ધરતીબેન પ્રદ્યુમનભાઈ ગોહિલનાઓના મરણ બાબતે સીબીઆઈ ફરી તપાસ કરે તથા જે હોસ્ટેલના ગૃહમાતા તથા હોસ્ટેલના સંચાલક વિરુદ્ધ યોગ્ય તપાસ કરી શિક્ષાત્મક પગલા લેવામાં આવે તેવી માંગ સાથે લીંબડી શહેરમાં રેલી સ્વરૂપે આવેદન પત્ર આપી ન્યાયની માંગણી કરવામાં આવી હતી.

# ઈડરના ડુંગરો પર લાગેલી આગ ૧૨ કલાકની જહેમત બાદ કાબુમાં આવી

## વારંવાર આગ લાગવાની ઘટનાઓથી પર્યાવરણ અને વન્ય પ્રાણીઓના જીવનું જોખમ

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**



સાબરકાંઠા જીલ્લાના ઈડરના ડુંગરોમાં ગુરુવારે બપોરે લાગેલી આગને ઈડર અને હિંમતનગર ફાયર વિભાગે આશરે ૧૨ કલાકની જહેમત બાદ રાત્રે બુઝાવી હતી આ ઘટનામાં ૨૭ હજાર લીટર પાણીનો વપરાશ થયો હતો વારંવાર ડુંગરો પર લગતી આગને કારણે ડુંગરો પરના વન્યજીવો પર ખતરો તોળાઈ રહ્યો છે.

ગુરુવારે બપોરે ૩ વાગ્યા આસપાસ ડુંગર પર આગ લાગી હોવાનો કોલ ઈડર ફાયર વિભાગને મળ્યો હતો તાત્કાલિક ત્રણ ફાયર ફાઈટર સાથે ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી પરંતુ આગ વધુ પ્રસરી હોવાથી હિંમતનગર ફાયર ટીમને પણ મદદ માટે બોલાવવામાં આવી હતી.

જે અંગે ઈડર ફાયર વિભાગના કમલભાઈ પટેલે જણાવ્યું હતું કે ચાર ફાયર ફાઈટર અને ૨૦ ફાયર ટીમના જવાનોએ ખડેપગે રહીને ૧૨ કલાક સુધી કામગીરી કરી હતી. આ દરમિયાન કુલ ૨૭ હજાર લીટર પાણીનો મારો ચલાવીને રાત્રે ૩ વાગ્યા આસપાસ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. ઈડર વન વિભાગના સૂત્રોનું માનીએ તો આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોઈ શકે છે જોકે વન વિભાગ એકજ રટણ કરી રહ્યું છે કે આ ડુંગર વન વિભાગના કાર્યક્ષેત્રમાં આવતો નથી પરંતુ ખાનગી માલિકીનો છે. ઈડરના ડુંગરોમાં વારંવાર આગ લાગવાના બનાવો બનતા રહે છે. જેને કારણે પર્યાવરણ અને વન્યજીવો માટે ચિંતાનો વિષય છે.

# ધ્રાંગધ્રા નજીક ફલ્કુ નદી કાંઠેથી દેશી દારૂ બનાવવાનો આથો પકડાયો: બુટલેગર ફરાર

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસે વાવડી ગામ નજીક ફલ્કુ નદીના કાંઠે દરોડો પાડી દેશી દારૂ બનાવવાના આથાનો મોટો જથ્થો નષ્ટ કરવામાં આવ્યો હતો. જોકે દરોડા દરમિયાન આરોપી સ્થળ પરથી ફરાર થઈ છે મળતી માહિતી મુજબ ધ્રાંગધ્રા તાલુકા પોલીસના ઈન્ચાર્જ પીઆઈ એન.એચ. ચુડાસમા, હેડ કોન્સ્ટેબલ વિક્રમભાઈ રબારી તથા તેમની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે વાવડી ગામ પાસે ફલ્કુ નદીના કાંઠે દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં અંદાજે ૩૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો ભરેલો હતો. આ જથ્થાની અંદાજિત કિંમત રૂપિયા ૭,૫૦૦ ગણાવવામાં આવી છે પોલીસે સ્થળ પર પહોંચી જરૂરી



સેમ્પલ લીધા બાદ બાકીના આથાનો સ્થળ પર જ નાશ કરી દીધો હતો આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવનાર આરોપી મુન્નાભાઈ જાદુભાઈ મુલાડિયા દરોડા દરમિયાન હાજર મળી ન આવતા પોલીસ તેની શોધખોળ શરૂ કરી છે.

# બાબરાના ક્લોરાણા ગામનો ઉદય વનરા ૨૦ બોટલ દારૂ સાથે ઝડપાયો

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ બી.એલ.ખેર, હર્ષદભાઈ ડાભી અને સંદીપભાઈ ભવાને બાતમી મળી હતી કે,ક્લોરાણા ગામનો ઉદય રાજુભાઈ વનરા વિદેશી દારૂનું વેચાણ કરતો હોવાની મળેલી બાતમીના આધારે ઉદયના ઘરે દરોડો પાડતા ત્યાંથી પોલીસને ૨૬૦૦ રૂપિયાની દારૂની ૨૦ બોટલ હાથ લાગી હતી. પોલીસે તેમની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલીમાં યુવકનો આત્મહત્યાનો પ્રયાસ

## અગમ્ય કારણો સર પોતાના ઘરે પગલું ભર્યું

**અબતક,**
**હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી શહેરના રોકડીયાપરા વિસ્તારમાં યુવકે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. અમરેલીના રોકડીયાપરા વિસ્તારમાં રહેતા રત્નકલાકાર દિલીપભાઈ બાબુભાઈ જાદવ (ઉં.વ.૪૨) એ જણાવ્યું હતું કે,પોતાના ૨૦ વર્ષની સંતાન હિમાંશીએ ગઈ કાલે પોતાના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ બાદ તેને બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. જે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


## જાહેર નોટીસ

કેસ.નં.જન્મ-મરણ/૧૬/૨૦૨૬

શ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા.
રહે. સામતપરા, તા. ભેસાણ, જી. જુનાગઢ ..........વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - સામતપરા
તા. ભેસાણ, જી. જુનાગઢ ..........પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા દવારા તેઓના પરદાદાશ્રી ભોજાભાઈ કાળાભાઈ રાતડીયાનું અવસાન તા.૨૭-૭-૧૯૬૯ના રોજ ગામ મોજેઃ સામતપરા, તા.ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, સામતપરા તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી 30 દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૭ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(આઈ. આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

## જાહેર નોટીસ

કેસ.નં.જન્મ-મરણ/૧૫/૨૦૨૬

શ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા,
રહે, સામતપરા, તા. ભેંસાણ, જી. જુનાગઢ ..........વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - સામતપરા
તા. ભેસાણ, જી. જુનાગઢ ..........પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા દ્વારા તેઓના પરદાદીશ્રી જેતીબેન ટપુભાઈ રાતડીયાનું અવસાન તા.૩૧/૦૯/૧૯૭૮ના રોજ ગામ મોજેઃ સામતપરા, તા.ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, સામતપરા તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી 30 દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી..

આજ તારીખ :- ૭ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(આઈ. આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

## જાહેર નોટીસ

કેસ.નં.જન્મ-મરણ/૧૭/૨૦૨૬

શ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા.
રહે. સામતપરા, તા. ભેસાણ, જી. જુનાગઢ ..........વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - સામતપરા
તા. ભેસાણ, જી. જુનાગઢ ..........પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા દવારા તેઓના પરદાદાશ્રી ભોજાભાઈ કાળાભાઈ રાતડીયાનું અવસાન તા.૦૧/૦૨/૧૯૫૮ના રોજ ગામ મોજેઃ સામતપરા, તા.ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, સામતપરા તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી 30 દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૭ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(આઈ. આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

# જીલ્લામાં પૂરતો એલ.પી.જી.નો જથ્થો ઉપલબ્ધ: અફવાઓથી દુર રહેવા કલેકટરનો અનુરોધ

## ગેસ એજન્સી નોડલ ઓફિસર તથા ડિસ્ટ્રિબ્યુટરની બેઠક કલેકટર કે.બી.ઝવેરીના અધ્યક્ષસ્થાને યોજાઈ

**અબતક, ઋષિ મહેતા**

જીલ્લા પુરવઠા અધિકારીની કચેરી દ્વારા ગેસ એજન્સી નોડલ ઓફિસર તથા ડિસ્ટ્રિબ્યુટરની બેઠક કલેકટર કે.બી.ઝવેરીના અધ્યક્ષસ્થાને તથા પોલીસ અધિક્ષક મુકેશ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ તકે કલેકટરે ગેસ એજન્સીના વિતરકોને ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરના હેતુફેર કે કાળા બજાર ના કરવા માટે તાકીદ કરી હતી. જો ગેસ એજન્સી અને વિતરકો જો ડોમેસ્ટિક ગેસ સિલિન્ડર - એલ.પી.જી.ના કાળા બજાર કરતા ઝડપાશે તો તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસ અધિક્ષક મુકેશ પટેલે કહયુ હતું કે ગેસના બાટલા - એલ.પી.જી.માં કાળા બજાર કરનારા તત્વોને આવશ્યક ચીજ વસ્તુધારા હેઠળ ગુનાખોરી કરવા બદલ ધરપકડ કરવામાં આવશે. તેમજ આગળ જતાં પાસા જેવી સખત કાર્યવાહી પણ કરાશે. તેમજ આવી એજન્સીઓના લાયસન્સ રદ કરી તેમને બ્લેક લિસ્ટ કરાશે. જેથી હાલના સંજોગોમાં ગેસ વિતરણ-કર્તાઓ ગંભિરતા દાખવે તેવી તાકિદ કરાઈ હતી. ગેસ વિતરણ કરતી એજન્સીઓને એલપીજી સ્ટોકનું પરિવહન અને કાર્યક્ષમ રીતે વિતરણ માટે પોલીસ પ્રોટેકશન પણ પૂરું પડાશે. ગેસનું પરિવહન અને વિતરણ માન્ય વાહનમાં જ કરવાનું રહેશે.

કલેકટર કે.બી.ઝવેરીએ જણાવ્યુ હતુ કે, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોરબી જીલ્લામાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ છે. ઘરેલુ ગેસ સિલિન્ડર તથા પીએનજી ગેસ



ગેસમાં કાળા બજાર કરનાર એજન્સીઓ થશે બ્લેકલિસ્ટ: પોલીસ અધિક્ષક મુકેશ પટેલ

પાઈપલાઈન મારફત પૂરો પાડવામાં આવે છે તેનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ઘરેલું જરૂરીયાત માટેના એલ.પી.જી નો પુરતો પુરવઠો દરેક સ્થળે મળી રહે તે માટે તકેદારીના ભાગરૂપે કેન્દ્ર સરકારના સૂચન હેઠળ જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા બે એલ.પી.જી સિલિન્ડરના બુકીંગ વચ્ચે શહેરી વિસ્તારમાં ૨૫ દિવસનો સમયગાળો તથા ગ્રામીણ વિસ્તાર માટે ૪૫ દિવસનો સમયગાળો રાખવા નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયના લીધે લોકોમાં અનાવશ્યક તણાવ તેમજ એલ.પી.જીનો બિન જરૂરી સંગ્રહ ન કરવામાં આવે તેવો અનુરોધ છે.

કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ હાલ કોર્મશિયલ સિલિન્ડરનું વેચાણ નિયંત્રિત કરવામાં આવ્યુ છે. પરંતુ હોસ્પિટલ તેમજ શૈક્ષણિક સસ્થાઓ તેમની જરૂરિયાત મુજબ એલ.પી.જી ફાળવણી ચાલુ રાખવામાં આવેલ છે. આવા સમયે ગેસ વિતરણ કરતી એજન્સી અને વિતરકોને સાથે પણ બિજ જરૂરી સંઘર્ષ ના કરવા અને તેઓને સહયોગ આપવા અપીલ છે. લોકો ગેસ એજન્સીમાં આવે ત્યારે તેઓ સાથે વિનય વિવેક સાથે માનવતાવાદી વલણ દાખવવા, ગ્રાહકો માટે પીવાના પાણી, છાયડા તથા બેઠક વ્યવસ્થા રાખવા પણ વિતરકોને સુચના અપાઈ હતી.

જીલ્લા પુરવઠા અધિકારી જૈમિન કાકડિયાએ કહયું હતું કે, તમામ ગેસ વિતરકોએ ગેસ સ્ટોકની આવક જાવકનું મેન્યુઅલ રજીસ્ટર ફરજિયાત નિભાવવાનું રહેશે. તેમજ ઓનલાઈન પણ ડેટા એન્ટ્રી પણ કરવાની રહેશે. જો તેમાં કોઈ શંકાના દાયરામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર એસ.જે.ખાચર, ગેસ એજન્સી નોડલ ઓફિસર તથા ડિસ્ટ્રિબ્યુટર વગેરે ઉપસ્થિત રહયા હતા.

# કેસરબાગ સ્માર્ટ પાર્ક પ્રોજેકટની કામગીરી પુરજોશમાં

## ૨૫% કામગીરી પુર્ણ, શહેરીજનોને વહીવટી સુવિધા સાથે આરામ અને સ્વાસ્થ્ય માટે આધુનિક બગીચો મળશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરના વિકાસને નવી દિશા આપતા મોરબી મહાનગરપાલિકાના કેસરબાગ સ્માર્ટ પાર્ક પ્રોજેક્ટની કામગીરી યુદ્ધના ધોરણે આગળ વધી રહી છે. મહાનગરપાલિકા દ્વારા અહીં વોર્ડ ઓફિસ સાથે નાગરિકો માટે આધુનિક સુવિધાઓ ધરાવતો બગીચો તૈયાર કરવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટ અંતર્ગત કમ્પાઉન્ડ વોલ અને સુરક્ષા કેબિનનું પાયાનું કામ તેમજ સ્ટ્રકચરલ ફ્રેમવર્ક પૂર્ણતાની નજીક છે. ઉપરાંત સ્ટોન વોક-વે અને ડ્રેનેજ સિસ્ટમ માટે ગ્રાઉન્ડ લેવલિંગ તથા માર્કિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. હરિયાળી વધારવા માટે ડ્રિપ ઈરિગેશન અને સ્પ્રિંકલર સિસ્ટમની પાઈપલાઈન



નાખવાની કામગીરી પણ પૂર્ણ થઈ છે.આગામી તબક્કામાં યોગા એરિયાના ફ્લોરિંગ, બાળકો માટેના પ્લે-ગાર્ડન સાધનોની ફિટિંગ, પ્રતિમા સ્થાપના, મેટલ બેન્ચીસ મૂકવાની સાથે સુશોભિત વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ મોરબીવાસીઓને એક જ સંકુલમાં વહીવટી કામગીરી, વાંચન અને માનસિક શાંતિ માટેનું આધુનિક સ્થળ ઉપલબ્ધ થશે.

# નંદીઘર ફરી કાર્યરત: ૧૫૦ ખૂંટીયાને નંદીઘરમાં ખસેડાયા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની એએનસીડી શાખા દ્વારા શહેરમાં રખડતા પશુઓની સમસ્યા નિવારવા માટે નંદીઘરને ફરી કાર્યરત કરવામાં આવ્યું છે. હાલમાં શહેરમાંથી અંદાજે ૧૫૦ જેટલા ખૂંટ પકડીને નંદીઘરમાં રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત મહાનગરપાલિકાએ પશુ અને પેટ ડોગના રજીસ્ટ્રેશન માટે પણ માલિકોને અપીલ કરી છે.

મોરબી મહાનગરપાલિકાની એએનસીડી શાખા દ્વારા ૨૮ ફેબ્રુઆરીથી નંદીઘરને ફરી કાર્યરત કરવામાં આવ્યું છે. શહેરમાં રખડતા પશુઓને પકડીને નંદીઘરમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકાના વિસ્તારમાંથી અત્યાર સુધી અંદાજે ૧૫૦ જેટલા ખૂંટ પકડીને નંદીઘરમાં મૂકવામાં આવ્યા છે અને તેમની સાચવણી તથા જાળવણી કરવામાં આવી રહી છે. શાખાના આંકડા મુજબ માર્ચ ૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન શહેરમાંથી અંદાજે ૨૬૦૦ જેટલા રખડતા પશુ પકડવામાં આવ્યા છે.

ઉપરાંત આશરે ૨૧૦ જેટલા પશુ માલિકોને લાઈસન્સ અને ૩૧ જેટલા લોકોને ઘાસ વેચાણ માટે પરમિટ આપવામાં આવ્યા છે. આ સાથે એએનસીડી શાખા દ્વારા અત્યાર સુધી ૩૩ પેટ ડોગનું રજીસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાએ પશુ માલિકો તેમજ પેટ ડોગ માલિકોને પોતાના પશુઓનું રજીસ્ટ્રેશન કરાવવા અપીલ કરી છે.

# મિલકતવેરા ઉઘરાણી તેજ: ૩૧ માર્ચ સુધી શનિ-રવિએ પણ વેરો સ્વીકારાશે

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની મિલકતવેરા શાખા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી મિલકતવેરા અને અન્ય ટેકસની ઉઘરાણી માટે કાર્યવાહી તેજ કરવામાં આવી છે. નાગરિકોને સુવિધા મળે તે માટે મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તેમજ વિવિધ ૧૧ કલસ્ટર ઓફિસોમાં ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી દર શનિવાર અને રવિવારે પણ મિલકતવેરો સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા બાકીદારો સામે વોરંટ અને સીલિંગ જેવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૧૩૦ મિલકતો સીલ કરવામાં આવી છે, જેમાંથી ૪૨



મિલકતધારકોએ ટેક્સ ભરપાઈ કરતા સીલ ખોલવામાં આવ્યું છે. આવનારા સમયમાં કોમર્શિયલ મિલકતો ટેક્સ ન ભરતા સીલ કરવામાં આવશે તેમજ રહેણાંક મિલકતોમાં ૧૦ હજાર રૂપિયાથી વધુ બાકી હોય તો નળ અને ડ્રેનેજ કનેકશન કાપવાની કાર્યવાહી કરવામાં આવશે.મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને ઓનલાઈન પદ્ધતિથી પણ વેરો ભરવાની સુવિધા આપવામાં આવી છે. નાગરિકો https://mmcgujarat.in" વેબસાઈટ અથવા પ્લે સ્ટોર પરથી Morbi Municipal Corporation એપ ડાઉનલોડ કરી મિલકત નંબર દાખલ કરીને પ્રોપર્ટી ટેક્સ અને વ્યવસાયવેરો સરળતાથી ઓનલાઈન ભરી શકે છે. ઉપરાંત મહાનગરપાલિકા કચેરીમાં સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૦૦ સુધી તેમજ રૂમ નં. ૯ માં પીઓએસ મશીન દ્વારા પણ વેરો સ્વીકારવામાં આવે છે.

# વેપારીઓ માટે ઓનલાઈન ફૂડ લાયસન્સ માટે માર્ગદર્શિકા જાહેર

## ખાણી-પીણીના ધંધાર્થીઓએ રજીસ્ટ્રેશન કરવું જરૂરી: ફૂડ શાખાનો અનુરોધ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરના ખાણી-પીણીના ધંધાર્થીઓને ઓનલાઈન ફૂડ લાયસન્સ અને રજીસ્ટ્રેશન માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. નવા ફૂડ લાયસન્સ તથા રજીસ્ટ્રેશન માટે વેપારીઓ હવે ઘેર બેઠા ઓનલાઈન અરજી કરી શકે છે.

ફૂડ શાખાએ જણાવ્યું છે કે શહેરના મીઠાઈ-ફરસાણના વેપારીઓ, હોટેલ-રેસ્ટોરન્ટ, કરિયાણાના વેપારીઓ તેમજ અન્ય ખાદ્ય પદાર્થોના તમામ વેપારીઓએ જો હજુ સુધી ફૂડ રજીસ્ટ્રેશન ન કરાવ્યું હોય તો તાત્કાલિક ઓનલાઈન નોંધણી કરાવવી.

આ માટે વેપારીઓએ foscos.fssai.gov.in વેબસાઈટ પર લોગિન કરી બિઝનેસ આઈડી-પાસવર્ડ બનાવી ગુજરાત રાજ્ય પસંદ કરી પોતાના ધંધાનો પ્રકાર પસંદ કરીને જરૂરી ફોર્મ ભરવું, ફી જમા કરાવવી અને સ્વપ્રમાણિત દસ્તાવેજો અપલોડ કરવા પડશે. ત્યારબાદ અધિકારીઓ દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરી જરૂર જણાય તો સ્થળ નિરીક્ષણ પણ કરવામાં આવશે અને અંતે ક્યુઆર કોડ સાથેનું ઓનલાઈન લાયસન્સ ઈશ્યૂ કરવામાં આવશે. મોરબી મહાનગરપાલિકાના ફૂડ સેફટી ઈન્સ્પેક્ટર દ્વારા જણાવાયું છે કે આવનારા સમયમાં ફૂડ લાયસન્સ, સ્વચ્છતા અને ખાદ્ય પદાર્થોની ચકાસણીની પ્રક્રિયા વધુ કડક બનાવવામાં આવશે. તેથી શહેરના તમામ ખાદ્ય પદાર્થોના વેપારીઓએ ઓનલાઈન પ્રક્રિયા દ્વારા ફૂડ રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જમીનના સોદાના બહાને ટ્રાન્સપોર્ટર પાસેથી રૂ.૭૫.૭૫ લાખ પડાવ્યા

## જમીન દલાલો અને વકીલ સહિત પાંચ સામે ફરિયાદ દાખલ, દસ્તાવેજ ન કરી આપતા ભોગ બનનારે પોલીસનો આશરો લીધો

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં વાવડી ગામે રહેતા ટ્રાન્સપોર્ટર અને ખેડૂત પાસેથી જમીન વેચાણના બહાને ૭૫.૭૫ લાખ રૂપિયા લઈ દસ્તાવેજ ન કરી આપતાં વકીલ સહિત પાંચ વ્યકિતઓ સામે ઠગાઈ અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મોરબી તાલુકા પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ નાની વાવડી ખાતે રહેતા અને ટ્રાન્સપોર્ટ તથા ખેતી વ્યવસાય કરતા મનીષભાઈ કેશવજીભાઈ મોરડીયા ઉવ.૩૭એ આરોપી અશોકભાઈ સવજીભાઈ મેરજા રહે.બગથળા, સંદીપભાઈ માવજીભાઈ મેરજા રહે. મહેન્દ્રનગર, વકીલ અકીભાઈ શાહ, કેતનભાઈ લાલજીભાઈ સંઘાણી રહે. ઘૂંટુ ગામ અને જમીન માલીક રાજેશભાઈ દેશાભાઈ ચૌહાણ રહે. મણેકવાડા ગામ એમ પાંચેય આરોપીઓ વિરુદ્ધ જમીનના સોદામાં ઠગાઈ થવા અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ બગથળા ગામના આરોપી અશોકભાઈ સવજીભાઈ મેરજાએ દલાલી કરી માણેકવાડા ગામની સર્વે નંબર ૨૧૬ની આશરે ૧૦ વિઘા જમીન વેચાણમાં હોવાની માહિતી આપી હતી. ત્યારબાદ સંદીપભાઈ માવજીભાઈ મેરજા, કેતનભાઈ લાલજીભાઈ સંઘાણી, વકીલ અકીભાઈ શાહ અને જમીન માલિક રાજેશભાઈ દેશાભાઈ ચૌહાણે સાથે મળી જમીનનો સોદો રૂ. ૭૬ લાખમાં નક્કી કરવામાં આવ્યો હતો.

જેમાંથી ફરિયાદીએ ટોકન સહિત અલગ અલગ તબક્કામાં કુલ રૂ.૭૫,૭૫,૦૦૦/- જેટલી રકમ રોકડ તેમજ બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા ચૂકવી હતી. ત્યારે દસ્તાવેજ થઈ ગયો છે તેમ કહી બાકીના તમામ રૂપિયા ફરિયાદી પાસેથી આરોપી વકીલે પોતાની રૂબરૂ અપાવી દીધા હતા.

જ્યારે દસ્તાવેજ આપવાનું કહેતા, વકીલે કહ્યું કે દસ્તાવેજ અન્ય દલાલ આરોપી સંદીપભાઈ લઈ ગયાનું ખોટું બહાનું આપ્યું હતું. અંતે આરોપી દલાલ અશોકભાઈએ કબુલાત આપી કે, જમીનનો દસ્તાવેજ કરવામાં જ નથી આવ્યો. જે બાદ ફરિયાદી દ્વારા તપાસ કરતા તમામ આરોપીઓએ મળીને કાવતરું રચી તેમની પાસેથી રકમ પડાવી લીધી હોવાનું સામે આવ્યું હતું. હાલ ભોગ બનનાર મનીષભાઈની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે પાંચેય આરોપીઓ સામે વિશ્વાસઘાત તથા છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ: રાવલફળીમાં રહેણાંકમાંથી દારૂની ૨૩૮ બોટલ ઝડપાઈ: બુટલેગર ફરાર

**અબતક, ઋષિ મહેતા**

હળવદ પોલીસે પૂર્વ બાતમીને આધારે ધ્રાંગધ્રા દરવાજા નજીક રાવલફળીમાં બુટલેગરના રહેણાંક મકાને રેઈડ કરતા, જ્યાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૮૦મીલી.ની ૨૩૮ નંગ બોટલ ઝડપાઈ હતી.

હળવદ ટાઉનમાં ધ્રાંગધ્રા દરવાજા અંદર રાવલફળીમાં બુટલેગર કિશન બાબરીયાએ પોતાના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી તેનું વેચાણ કરતો હોવાની મળેલ બાતમીને આધારે હળવદ પોલીસે ઉપરોક્ત બુટલેગરના રહેણાંકે દરોડો પાડ્યો હતો, દરોડા દરમિયાન ઘરમાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૧૮૦મીલી.ની ૨૩૮ નંગ બોટલ કિ.રૂ.૨૩,૮૦૦/-મળી આવી હતી. રેઈડ દરમિયાન આરોપી કિશનભાઈ ઉર્ફે કારીયો પ્રવીણભાઈ બાબરીયા રહે. હળવદ વાળો હાજર નહિ મળી આવતા તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરીને તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# વેપારી સાથે લોનના બહાને રૂા.૭.૫૦ લાખના ઘરેણા કર્મચારીએ હડપ કર્યા

## પેલેટ પેકિંગના ધંધાર્થીને પોતાના નામે ગોલ્ડ લોન થઈ શકે તેમ ન હોવાથી કામદારના નામે લોન લીધી'તી: બારોબાર દાગીના વેંચી નાખતા બે સામે ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં ગોલ્ડ લોન કરાવી આપવાના બહાને સાડા છ તોલા સોનાના દાગીના લઈ બે વ્યક્તિઓએ વિશ્વાસઘાત કરી બારોબાર વેચી નાખ્યાની ફરિયાદ નોંધાઈ છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ઓમ પાર્ક સોસાયટી લક્ષ્મીનગરમાં રહેતા કેતનભાઈ ભીમજીભાઈ વાઘેલા ઉવ.૩૭એ મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી કીર્તિકુમાર કનુભાઈ વરાણીયા (રહે. નવી પીપળી શીવપાર્ક સોસાયટી) તથા આરોપી પ્રમીલકુમાર ચતુર્વેદી (રહે. હાલ ૨૦૧ સ્વસ્તિક સીટી પૂજા ફાર્મની બાજુમાં અસલાલી અમદાવાદ મૂળ રહે. ઉત્તરપ્રદેશ) વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, કેતનભાઈ પેલેટ પેકિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. અને તેમની ઓફીસ લાલપર ગામે પાવનસુત પ્લાઝા ચોથા માળે આવેલ છે, આજથી એક વર્ષ પહેલા કેતનભાઈને તેમના પિતાની સારવાર માટે રૂપિયાની જરૂરી હોવાથી ગોલ્ડ ઉપર લોન લેવા ઈચ્છતા હતા. પરંતુ તેમના નામે લોન થઈ શકે એમ ન હોવાથી કેતનભાઈને ત્યાં કામ કરતા આરોપી કીર્તીકુમાર કનુભાઈ વરાણીયાએ પોતાના નામે ગોલ્ડ લોન કરાવી આપવાની ખાતરી આપતા કેતનભાઈએ મંગળસૂત્ર, ચેન-હાર, કાનના દાગીના અને વીંટી સહિત આશરે સાડા છ તોલા સોનાના દાગીના કિ.રૂ.૭,૫૦,૦૦૦/-તેને આપ્યા હતા. બાદમાં આરોપી કીર્તિકુમારે આઈસીઆઈસીઆઈ બેંકમાં દાગીના મુકીને રૂ.૩.૦૨ લાખની ગોલ્ડ લોન કરાવી રકમ ફરિયાદી કેતનભાઈને આપી હતી.જે બાદમાં કેતનભાઈને તેમના સાળાના લગ્ન આવતા હોય જેથી દાગીના પરત માંગતા ઉપરોક્ત બંને આરોપીઓએ દાગીના છોડાવી, ફરિયાદીની જાણ બહાર વેચી નાખ્યા હોવાનું સામે આવ્યું હતું. હાલ તાલુકા પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરમાં સાચા સોનાના ઘરેણા બતાવી નકલી દાગીના પધરાવી દીધા

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેરમાં સોનાના સાચા હોલમાર્ક ઘરેણા બતાવી પાંચ લાખમાં વેચવાનો સોદો કરી ખોટા ઘરેણા આપીને પૈસા લઈ જતાં એક વ્યક્તિ અને સાથેના બે અજાણ્યા શખ્સો સામે ઠગાઈનો ગુનો નોંધાયો છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ વાંકાનેર ખાતે દેલવાડિયા સાહેબના દવાખાના સામે રહેતા અને સતિશભાઈ હરસુખલાલ ચારોલીયા ઉવ.૨૫ તથા તેમની માતાને સોનાના સાચા હોલમાર્ક ઘરેણા બતાવી વેચાણ કરવાનો સોદો કરી ઠગાઈ કરવાના બનાવ અંગે નોંધાવેલી ફરિયાદમાં આરોપી રામકુભાઈ માથાસુરિયા જી.અમરેલી તથા તેની સાથેના બે અજાણ્યા ઈસમોએ તા.૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વાંકાનેર બાઉન્ડ્રી નજીક ખોડિયાર ચાની હોટેલ સામે આરોપી રામકુભાઈ માથાસુરીયા તથા બે અજાણ્યા શખ્સોએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ ૮ લાખના સોનાના દાગીનાનું બિલ તેમજ હોલમાર્કવાળા ઘરેણાં બતાવી પાંચ લાખ રૂપિયામાં સોનાના ઘરેણા આપવાની વાત કરી હતી. ત્યારબાદ આરોપીઓએ સાચા ઘરેણાની જગ્યાએ ખોટા બનાવટી ઘરેણા આપી રોકડ રૂપિયા પાંચ લાખ લઈ ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી રામકુભાઈ માથાસુરીયા તથા બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરમાં ભાજપનું સંગઠન વધુ મજબૂત બનાવવા જિલ્લા પ્રભારી ગજેન્દ્ર સક્સેનાની હાંકલ

## જિલ્લા પ્રભારીની મુલાકાત - બેઠકમાં કાર્યકરોને અપાયું સંકલનનું માર્ગદર્શન

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર: વાંકાનેર ધારાસભ્ય જીતુભાઈ સોમાણીના કાર્યાલય ખાતે મોરબી જિલ્લા ભાજપના નવનિયુક્ત સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સક્સેના શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.





ધારાસભ્ય જીતુભાઈ સોમાણી સાથે વાંકાનેર નગરપાલિકા પ્રમુખ ડિંપલબેન સોલંકી, નગરપાલિકા ઉપપ્રમુખ હર્ષિતભાઈ સોમાણી, વાંકાનેર તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ હરૂભા ઝાલા, મોરબી જિલ્લા પંચાયત સભ્ય જાહીરઅંબાસ શેરસીયા, વાંકાનેર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ઝાલા, મોરબી જિલ્લા ભાજપના પૂર્વ મંત્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન યુસુફભાઈ શેરસીયા, ઉપપ્રમુખ ચેતનભાઈ ગોસ્વામી, નગરપાલિકા સદસ્ય તથા પૂર્વ પ્રમુખ રમેશભાઈ વોરા, તાલુકા પંચાયત સદસ્ય અજયભાઈ વિંજવાડીયા, અશ્વિનભાઈ મેઘાણી, પ્રભુભાઈ વિંઝવાડીયા ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના વિવિધ મોરચાના પૂર્વ હોદ્દેદારો, સહકારી ક્ષેત્રના આગેવાનો અને કાર્યકર્તાઓ સહિત વાંકાનેર નગરપાલિકા કાઉન્સિલરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે સંગઠનાત્મક મુદ્દાઓ તેમજ આવનારા સમયમાં પાર્ટીની પ્રવૃત્તિઓને વધુ સશક્ત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# વાંકાનેરમાં મુસ્લીમ સમાજના સમુહ લગ્નમાં ૧૧ દીકરીઓના થશે નીકાહ

## મદાર એજયુ ટ્રસ્ટની પહેલને સાર્વત્રિક આવકાર

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર શહેર પંથકમાં સમાજ સેવા માટે સેવારત મદાર એજયુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાતાઓનાં સહયોગથી મુસ્લીમ સમાજના સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યુ છે.મદાર એજયુ ટ્રસ્ટ દ્વારા ૫ એપ્રીલના રોજ લીબોડાધાર ખાતે યોજાનાર સમુહ લગ્નમાં ૧૧ દિકરીઓના નીકાહ (લગ્ન) થશે.

આ સમુહ લગ્ન મહોત્સવમા દીકરીઓને ઘર સંસાર શરૂ કરવા માટે જરીયાવર દાતાઓનાં સહયોગથી આપવામા આવશે.

કાર્યક્રમ દરમિયાન દીકરીઓને કરિયાવર સ્વરૂપે સહાય કરનાર દાતાઓનું ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા શિલ્ડ અર્પણ કરીને સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે સમાજના અનેક દાતાઓ અને આગેવાનો ઉપસ્થિત રહી દીકરીઓને આશીર્વાદ આપશે.

આ કાર્યક્રમમાં હિન્દુ અને મુસ્લિમ બંને સમાજના દાતાઓ ઉપસ્થિત રહી સામાજીક એકતા અને ભાઈચારાનો સંદેશ આપશે.

ટ્રસ્ટ દ્વારા દાતાઓને દિલેર બની આ પવિત્ર કાર્યમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# બાબરા તાલુકા કાનુની સેવા સમિતિની શિબિરમાં છાત્રોને મુળભુત અધિકારોથી કરાયા અવગત

**અબતક, અપ્પુ જોશી, બાબરા**




અમરેલી જિલ્લા કાનૂની સેવા સતા મંડળના અધ્યક્ષ તથા તાલુકા કાનુની સેવા સતા મંડળ - (બાબરા)ના આદેશથી બાબરાની શાળાઓ ‘‘તાલુકા કુમાર શાળા, કન્યા શાળા-બાબરા, અબ્દુલ કલામ શાળા-બાબરા તથા જેબીએસટી ઈન્ગ્લીશ સ્કુલ-બાબરામાં વિધાર્થીઓ તથા બાળકોને, પોતાના મુળભુત અધિકાર, બાળલગ્ન, વ્યસન મુકિત, પોસકો એક્ટ’ બાળમજુરી નાબુદિ, મહીલા હેલ્પ લાઈન, વ્યસન મુકિત જેવા ગંભીર તથા સામાજીક વિષયો ઉપર શાળાના વિધાર્થી ઓ ને આ કાનુની શિક્ષણ શિબીરથી માહીતીગાર કરવામાં આવ્યા હતા તથા આ સાાજીક બાબતો ઉપર કાનુની શિક્ષણ શિબીર દ્વારા તેમને કાનુની સહાય તથા આ વિષય ઉપર માહીતીગાર કરવાાં આવેલ, આ શિબીરમાં જે તે સંકુલના આચાર્ય તથા શિક્ષણ સ્ટાફ સાથ સહકાર મળ્યો હતો. આ તમામ કાનુનિ શિક્ષણ શિબિરનું સંચાલન તાલુકા કાનુની સેવા સતા મંડળ- (બાબરા) વતી પીએલવી નરેન્દ્ર એસ રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આવનારી પેઢીના સારા આરોગ્ય માટે પ્રકૃતિક ખેતી જરૂરી: કલેકટર ઉપાધ્યાય

## ઉનાના એલમપુરમ રાત્રી સભામાં સોમનાથ કલેકટરે ગ્રામજનો સામે કર્યો સંવાદ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



ઉના તાલુકાના એલમપુર ગામમાં રાત્રિસભા યોજી ગીર સોમનાથ કલેકટર એન.વી.ઉપાધ્યાયે ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો. આ રાત્રિસભામાં નાગરિકોએ પોતાના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતાં. જેમને ધ્યાનપૂર્વક સાંભળી કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગને ત્વરિત ઉકેલ માટે સૂચનાઓ આપી હતી.

કલેક્ટરશ્રીએ પી.એમ.સૂર્યઘર યોજના, પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના, કિશોરીઓમાં એચ.પી.વી વેકિસનનું ૧૦૦% રસીકરણ, મમતા દિવસ અંતર્ગત બાળકોનું રસીકરણ, જળસંગ્રહ, એફ.પી.એસ. અંતર્ગત અન્ન વિતરણ વ્યવસ્થા, આરોગ્યસેવાઓ, આંગણવાડીના લાભથી કોઈ બાળક વંચિત ન રહે તેમજ કુપોષિત અને અતિકુપોષિત બાળકોની સારસંભાળ વિશે પૃચ્છા કરી અને સીમ વિસ્તારમાં આંગણવાડીની દરખાસ્ત કરવા સૂચના આપી હતી.

કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી અંગે સંવાદ સાધતા જણાવ્યું હતું કે, ખોરાકમાં કેમિકલ અને યુરિયાનો ઉપયોગ થતો હોવાના કારણે કેન્સર સહિતના રોગ ઉદ્ભવે છે. આવનારી પેઢીને સારૂ સ્વાસ્થ્ય મળી રહે એવા હેતુસર પ્રાકૃતિક ખેતી જરૂરી છે.

રાજ્યપાલશ્રીની ગીર સોમનાથ મુલાકાતનો ઉલ્લેખ કરતા કલેક્ટરએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી થી ઉગાડેલા ધાન્યના ભાવ પણ વધુ સારા મળે છે. જે આપણાં જ જિલ્લાના ઉમરેઠીના ખેડૂતે સાબિત કરી બતાવ્યું છે. ખેડૂતો અને પશુપાલકોને કૃત્રિમ બીજદાન, પ્રાકૃતિક ખેતી સહિત વિવિધ માધ્યમનો ઉપયોગ કરી અને પોતાની આવક ડબલ થાય એ દિશામાં આગળ વધવા માટે કલેક્ટરએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ગ્રામજનોએ કલેક્ટર સમક્ષ સ્ટ્રીટલાઈટની સમસ્યાઓ, ખેતરમાં પાણી પહોંચાડવાની સમસ્યાઓ, ગૌચરને લગતા પ્રશ્નો સહિત વિવિધ સમસ્યાઓ રજૂ કરી હતી.

ગ્રામજનોના પ્રશ્નો સાંભળી અને કલેકટરએ સંલગ્ન વિભાગના અધિકારીઓને સ્ટ્રીટલાઈટ સહિત જનહિતલક્ષી મુશ્કેલીના ઉકેલ માટે પગલાઓ લેવા સૂચન કર્યું હતું.

આ રાત્રિસભામાં ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર યોગેશ જોશી, પ્રાંત અધિકારી કે.આર.પરમાર, ઉના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી, તાલુકા પંચાયત સભ્ય નગાભાઈ, સરપંચ પબીબહેન બામણિયા અને ખેતીવાડી, સિંચાઈ, આંગણવાડી, પશુપાલન વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# અંજાર: ‘સ્વદેશી મેળા’માં ૧૫ હજાર લોકોએ મુલાકાત લીધી

## વિકસિત ભારતના સંકલ્પ સાથે સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવા નગરપાલિકા દ્વારા કરાયું આયોજન

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૫ને ‘‘શહેરી વિકાસ વર્ષ‘‘ તરીકે ઉજવવાના નિર્ણય અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ’આત્મનિર્ભર ભારત’ના સ્વપનને સાકાર કરવા અંજાર નગરપાલિકા દ્વારા આયોજિત ૧૦ દિવસીય ’સ્વદેશી મેળા’ (શોપિંગ ફેસ્ટિવલ)નું ભવ્ય સમાપન થયું છે. અંજારના ધારાસભ્ય અને મંત્રી ત્રિકમભાઈ છાંગાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ મેળામાં અંદાજે ૧૫ હજારથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી અને સ્થાનિક કારીગરો દ્વારા અંદાજિત ૨૦ લાખનું વેચાણ કરવામાં આવ્યું હતું.

સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનહોલ મેદાન મધ્યે યોજાયેલા આ મેળાના સમાપન સમારોહમાં નગરપાલિકા પ્રમુખ વૈભવભાઈ કોડરાણીએ અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે, ’લોકલ ફોર વોકલ’ની વિભાવનાને સાર્થક કરવા માટે અંજાર અને આસપાસના ગ્રામીણ વિસ્તારોની જનતાએ જે પ્રતિસાદ આપ્યો છે તે ધન્યવાદને પાત્ર છે. આ પ્રસંગે મંત્રી ત્રિકમભાઈ છાંગાએ ટેલિફોનિક સંદેશા મારફતે સફળ આયોજન બદલ નગરપાલિકાના પદાધિકારીઓ અને વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

આ મેળામાં રેસિન આર્ટ પ્રોડક્ટ, ગોબર અગરબત્તી, હોમ મેડ લિકિવડ, હર્બલ શેમ્પૂ, ક્રોસેટ પ્રોડક્ટ, દેશી બનાવટના અત્તર, ગાયનું શુદ્ધ ઘી, અજરખ સાડી અને ડ્રેસ મટીરીયલ્સ જેવા ૫૭ સ્ટોલ રાખવામાં આવ્યા હતા. નગરપાલિકા દ્વારા તમામ ધંધાર્થીઓને વીજળી, પાણી અને સફાઈ સહિતની સુવિધાઓ સાથે આ સ્ટોલ વિનામૂલ્યે પૂરા પાડવામાં આવ્યા હતા. મેળાના અંતે સહભાગી થયેલા તમામ સ્થાનિક વેપારીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

કારોબારી સમિતિના ચેરમેન પાર્થભાઈ સોરઠીયા અને શાસક પક્ષના નેતા નીલેશગીરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે, સ્થાનિક રોજગારી અને લોકોની સુખાકારી વધારતા કાર્યોને હંમેશા અગ્રતા આપવામાં આવશે. મેળામાં જોડાયેલા વેપારીઓએ આ સફળ આયોજન બદલ ખુશી વ્યક્ત કરી રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી હતી કે આવા સ્વદેશી મેળાનું આયોજન દર ત્રણ માસે થવું જોઈએ.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ હિતેનભાઈ વ્યાસ, ઉપપ્રમુખ શિલ્પાબેન બુદ્ધભટ્ટી, મહામંત્રી અશ્વિનભાઈ સોરઠીયા સહિતના કાઉન્સિલરો અને ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભારતીબેન બારોટે કર્યું હતું જ્યારે આભાર વિધિ રશ્મિનભાઈ ભીંડેએ કરી હતી.

# સુત્રાપાડા પત્રકાર રામસિંહ મોરીના સુપુત્ર ચિ.સૌરવના શુભ લગ્ન રંગે ચંગે સંપન્ન





સુત્રાપાડા પંથકના સામાજિક આગેવાન અબતકના પત્રકાર રામસિંહ ભાઈ મોરી ના આંગણે પુત્ર સૌરવ ના લગ્ન રંગે ચંગે સંપન્ન થયા છે, પારિવારિક પરંપરા મુજબ વરરાજા ચિ, સૌરવનું ફુલેકુ અને રજવાડી પરંપરા મુજબ જાન જોડવામાં આવી હતી, મોરી પરિવારના આંગણે પુત્ર લગ્ન અવશરે સામાજિક રાજકીય આગેવાનો સંતો મહંતો, વડીલો, મિત્રો, સરકારી કર્મચારી - અધિકારીઓએ ખાસ ઉપસ્થિત રહી ચિ, સૌરવના શુભ લગ્ન પ્રસંગે આશીર્વાદ સાથે મોરી પરિવારને શુભેચ્છા પાઠવી હતી

# સિહોરના ગુંદાળા ટાણા ગામે ‘રાધે-રાધે સખી મંડળ’ના મંગલમ સ્ટોરનો શુભારંભ



**અબતક, આનંદ રાણા, સિહોર**

સિહોર તાલુકાના ગુંદાળા ટાણા ગામ ખાતે રાધે રાધે સખી મંડળ દ્વારા શરૂ કરવામાં આવેલ મંગલમ સ્ટોરનોં શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમ દરમિયાન જિલ્લા સ્ટાફ દ્વારા સખી મંડળની બહેનો સાથે મુલાકાત કરી તેમની કામગીરી અંગે માહિતી મેળવી હતી. ખાસ કરીને સખી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવતા ઓર્ગેનિક સાબુના ઉત્પાદનની મુલાકાત લેવામાં આવી હતી અને બહેનોને ઉત્પાદન, ગુણવત્તા અને માર્કેટિંગ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સખી મંડળની બહેનો તથા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી મૌસમસિંહ રાવ, ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાંથી એલ. એમ. કોરડિયા, ડી.એલ.એમ. ઈરફાન ઘાંચી, તલાટી મંત્રીશ્રી તથા એન.આર.એલ.એમ. (NRLM) સ્ટાફ હાજર રહ્યા હતા.

# ગાંધીધામમાં રામનવમીની રથયાત્રાને ભવ્ય-દિવ્ય બનાવવા સનાતન હિન્દુ સમાજની બેઠકમાં હાંકલ

## ૨૭મીએ આશાપુરા મંદિરથી નીકળશે નગરયાત્રા: ૬૫થી વધુ સંસ્થાઓની ઝાંખી અને ૧૧ ધર્મરથો જોડાશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ભગવાન રામ જન્મોત્સવ નિમિત્તે ગાંધીધામમાં રામનવમીની રથયાત્રાને ભવ્યથી અતિ ભવ્ય બનાવવા અને આયોજનને સફળ બનાવવા માટે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ મધ્યે સનાતન રામ સંગઠન દ્વારા એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. સાધુ-સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલી આ મીટિંગમાં સર્વ સનાતન હિન્દુ સમાજ, વિવિધ સંગઠનો, અખિલ ભારતીય નવયુગ સંસ્થા અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ તેમજ અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આગામી ૨૭ માર્ચના રોજ ભગવાન રામના જન્મોત્સવ પ્રસંગે નીકળનારી રથયાત્રા ભારત નગર સ્થિત આશાપુરા મંદિરથી પ્રારંભ થશે. આ યાત્રા લીલાશાહ નારણેશ્વર મહાદેવ મંદિર થઈને શહેરના મુખ્ય બજારમાં નગરચર્યા કરશે અને ત્યારબાદ પુનઃ લીલાશાહ નારણેશ્વર મહાદેવ મંદિરે પૂર્ણ થશે. આયોજક ટીમના રાજભા ગઢવીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, આ રથયાત્રામાં ૬૫થી વધુ સમાજ અને સંસ્થાઓની ઝાંખીઓ, ૧૧ ધર્મરથો અને ૨૫ જેટલા સંતો-મહંતોની રવાડી આકર્ષણનું કેન્દ્ર બનશે.

રથયાત્રાને વધુ યાદગાર બનાવવા માટે દિલ્હીના સુપ્રસિદ્ધ આર્ટિસ્ટ મનોજભાઈ રયા દ્વારા ૩૫ કલાકારોની ટીમ સાથે દેવો, અઘોરીઓ, બાહુબલી હનુમાન, બાહુબલી શિવા અને નંદી સવારીના જીવંત દ્રશ્યો રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત ૫૧ નાસિક ઢોલ, બહેનો અને ભાઈઓ માટે અલગ-અલગ ૩ ડી.જે., વિવિધ પ્રતિમાવાળા અશ્વ, તલવારબાજી, લાઠીદાવ અને આતશબાજી સાથે ભવ્ય નગરયાત્રા નીકળશે. રામનવમી નિમિત્તે ગાંધીધામની મુખ્ય બજારોને ૨૧ દિવસ સુધી સનાતન રામ સંગઠન, અખિલ ભારતીય નવયુગ સંસ્થા, સિંધી સમાજ ઝુલેલાલ મંદિર અને જૈન સોશિયલ ગ્રુપના સહયોગથી રોશનીથી ઝળહળતી કરવામાં આવશે. રથયાત્રાના રૂટ પર ઠેર-ઠેર પાણી, શરબત અને નાસ્તાના સ્ટોલ પણ રાખવામાં આવશે. આયોજકો દ્વારા ગાંધીધામના નગરજનોને આ ભવ્ય રથયાત્રામાં મોટી સંખ્યામાં જોડાવા આહ્વાન કરવામાં આવ્યું છે. બેઠકના અંતે ઉપસ્થિત સંતો અને આગેવાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ગાંધીધામ-આદિપુરમાં રાંધણગેસની અછતની સોશિયલ મીડિયા પર અફવા ફેલાતા એજન્સીઓ બહાર લાંબી લાઈનો

## યુદ્ધના કારણે ગેસ સપ્લાય ખોરવાશે તેવા મેસેજથી લોકો કામ-ધંધા છોડી લોકો લાઈનમાં ઊભા રહેવા મજબૂર

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ અને આદિપુર શહેરમાં ઘરેલું ગેસ સિલિન્ડરની અછતની સમસ્યા આજે પણ યથાવત જોવા મળી રહી છે. ખાસ કરીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વ્હોટ્સએપ પર ફરેલા એક ભ્રામક સંદેશાને કારણે લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે. મેસેજમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની સ્થિતિને કારણે આગામી ૨૫ દિવસ સુધી ગેસ બુકિંગ થઈ શકશે નહીં. આ અફવા ફેલાતાની સાથે જ લોકો પોતાના કામ-ધંધા પડતા મૂકીને ગેસ એજન્સીઓ પર ઉમટી પડ્યા છે.

ગાંધીધામ અને આદિપુરની વિવિધ ગેસ એજન્સીઓ બહાર સવારથી જ મધ્યમ વર્ગના પરિવારોની લાંબી લાઈનો જોવા મળી હતી. સતત બીજા દિવસે પણ ગેસની અછત અને વિલંબિત સપ્લાયને કારણે ગૃહિણીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેક ગ્રાહકોની ફરિયાદ છે કે ઓનલાઈન બુકિંગ કર્યાના ઘણા દિવસો બાદ પણ સિલિન્ડર ઘરે પહોંચાડવામાં આવતા નથી, જેના કારણે રસોઈના કામમાં મોટી મુશ્કેલી ઊભી થઈ રહી છે. વૈશ્વિક યુદ્ધની સ્થિતિના નામે ફેલાયેલી અફવાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે, જેના કારણે ગભરાયેલા લોકો કલાકો સુધી લાઈનમાં ઊભા રહીને સિલિન્ડર મેળવવાના પ્રયાસો કરી રહ્યા છે. બીજી તરફ, તંત્ર દ્વારા આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવે અને ગેસનો પુરવઠો નિયમિત કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. જો ગેસ એજન્સીઓ દ્વારા સમયસર હોમ ડિલિવરી કરવામાં આવે તો આ પ્રકારે ભીડ અને અફવાઓ પર અંકુશ મેળવી શકાય તેમ છે. હાલ તો ગાંધીધામ સંકુલમાં રાંધણ ગેસની મહામારીને કારણે જનજીવન પ્રભાવિત થયું છે.

# જસદણમાં હીરપરા પરિવાર દ્વારા ખોડિયાર માતાજીનો યોજાશે ૨૮મો પાટોત્સવ

## દેશભરના હિરપરા પરિવારની સ્વાગતની તૈયારીઓનો ધમધમાટ

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણમાં ચિતલીયાકુવા રોડ સરદાર ચોક નજીક આવેલ વિખ્યાત ખોડિયાર માતાના મંદિરમાં આગામી તા.૨૫ માર્ચને બુધવારે હીરપરા પરિવાર દ્વારા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનો ૨૮મો વાર્ષિક પાટોત્સવ યોજાશે આ અંગે સ્વયંસેવકો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે આ પાટોત્સવ નિમિતે દેશભરમાંથી હીરપરા પરિવાર ઉમટી પડી માતાને ચરણે શીશ નમાવી પોતાની આસ્થા વ્યક્ત કરશે. ભાવિકો માટે સુંદર વ્યવસ્થા કરવા માટે હીરપરા પરિવારના સભ્યો અને ખોડિયાર યુવક મંડળના સભ્યો તન મન અને ધનથી જહેમત ઉઠાવી રહ્યા છે. આ કાર્યક્રમની વધુ વિગતો માટે મો.૭૬૦૦૦ ૧૩૦૯૪, ૯૮૨૪૮ ૧૫૨૭૫, ૪૨૯૪૩ ૧૭૯૧ ઉપર સંપર્ક કરવા જણાવાય છે.



# ખેડબ્રહ્મા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ દર્દીઓને ગુણવત્તાયુકત સારવાર આપવામાં નંબર-૧

## ખેડબ્રહ્મા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલને કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય કક્ષાનું ગુણવત્તા પ્રમાણપત્ર એનાયત

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**



ખેડબ્રહ્મા સ્થિત સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલએ આરોગ્ય સેવાઓના ગુણવત્તા ધોરણોમાં શ્રેષ્ઠ કામગીરી દર્શાવી રાષ્ટ્રીય કક્ષાનું નેશનલ કવાલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ્ડસ પ્રમાણપત્ર પ્રાપ્ત કરીને ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. આ સાથે ખેડબ્રહ્મા એસડીએસ ગુજરાત રાજ્યની પ્રથમ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બની છે, જેને આ પ્રતિષ્ઠિત ગુણવત્તા પ્રમાણપત્ર મળ્યું છે. કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આપવામાં આવતું એનકયુએએસ પ્રમાણપત્ર આરોગ્ય સંસ્થાઓમાં દર્દી સલામતી, ગુણવત્તાયુકત સારવાર, સંક્રમણ નિયંત્રણ, સ્વચ્છતા વ્યવસ્થા, બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ, રેકોર્ડ મેનેજમેન્ટ અને દર્દીકેન્દ્રિત સેવાઓ જેવા માપદંડોના કડક મૂલ્યાંકન બાદ આપવામાં આવે છે. ખેડબ્રહ્મા એસડીએસ એ આ તમામ માપદંડોમાં ઉત્તમ કામગીરી દર્શાવી આરોગ્ય સેવાઓમાં ગુણવત્તાનો નવો ધોરણ સ્થાપિત કર્યો છે.

ખેડબ્રહ્મા એસડીએસ. હોસ્પિટલના અધિક્ષક ડો. અશ્વિન ગઢવી એ જણાવ્યુ કે આરોગ્ય શાખા જીલ્લા પંચાયતના જીલ્લા ક્વોલીટી એશ્યોરન્સ મેડીકલ ઓફીસરશ્રી ડો.એ.આઈ.મલેક નો સતત સહયોગ અને માર્ગદર્શન તેમજ અમારી આરોગ્ય ટીમની સમર્પિત સેવાભાવનાનું પ્રતિબિંબ છે.

હોસ્પિટલના તબીબી અધિકારીઓ, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ તેમજ સમગ્ર આરોગ્ય ટીમના સુવ્યવસ્થિત આયોજન, સતત મહેનત અને દર્દીકેન્દ્રિત સેવાભાવનાના પરિણામે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાએ જણાવ્યું હતું કે, ખેડબ્રહ્મા એસડીએચ ને મળેલ એનકયુએએસ પ્રમાણપત્ર સમગ્ર જિલ્લાના આરોગ્ય ક્ષેત્ર માટે ગૌરવની ક્ષણ છે. આ સિદ્ધિ આરોગ્ય ટીમની સમર્પિત સેવા, સુવ્યવસ્થિત આયોજન અને ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે.

# સુત્રાપાડા-વડોદરા ઝાલાના આંગણવાડી કાર્યકરને અપાયું વિદાયમાન

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**



સુત્રાપાડાના વડોદરા ઝાલા ગામે ૨૮ વર્ષની આંગણવાડી કાર્યકર તરીકેની ફરજ બદલ નિવૃત થયેલા લલીતાબેનના નિવૃત વિદાયમાન સમારોહ પ્રશ્નાવડા સેજાના મુખ્ય સેવિકા નીલમબેનના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

લલિતાબેને આ આંગણવાડી કેન્દ્રમાં ૨૬ વર્ષ સુધી સેવા આપી હતી. આ સમયગાળા દરમિયાન તેમણે નિષ્ઠા અને જવાબદારીપૂર્વક પોતાની ફરજ બજાવી હતી.

# જેતપુરના કેબલના ધંધાર્થી પાસે ચાર વ્યાજખોરોએ માસિક ૨૪% સુધીનું વ્યાજ વસુલ્યું

## ધંધા માટે નાણાંની જરૂરિયાત ઉભી થતાં પિતા-પુત્ર વ્યાજના વિષચક્રમાં ફસાયા : વ્યાજ પેટે લાખો રૂપિયા ચૂકવી દીધા છતાં વ્યાજખોરોએ ખૂનની ધમકી આપતા અંતે કંટાળી પ્રૌઢે ફીનાઈલ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો

**અબતક, રાજકોટ**

જેતપુરના કેબલના ધંધાર્થી પિતા-પુત્રને ધંધા માટે નાણાંની જરૂરિયાત ઉભી થતાં વ્યાજના વિષચક્રમાં ફસાયા હતા. ચાર વ્યાજખોરોને માસિક ૨૪% સુધીનું વ્યાજ ચૂકવ્યા છતાં ખૂનની ધમકીઓ આપતાં કંટાળી પ્રૌઢએ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં જેતપુર સીટી પોલીસે મનીલેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ ચાર વ્યાજખોર સામે અલગ અલગ ત્રણ ગુના દાખલ કર્યા હતાં.

બનાવ અંગે જેતપુરના અમરનગર રોડ પર મંત્રી સોસાયટીમાં રહેતાં જયદીપભાઈ સંજયભાઈ વસાણી (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વ્યાજખોર મહાવીરસિંહ ચુડાસમા (રહે. રાજેશ્વરી સોસાયટી શંકરના મંદિર પાસે,, જેતપુર), જયદિપ અશ્વિન સિંધી (રહે. મંત્રી સોસાયટી જેતપુર), અશોક સરવૈયા (રહે અમરનગર રોડ સમર્પણ આઈસ્ક્રીમ પાસે જેતપુર) અને ભરત ઉર્ફે ભયકુ વાંક (રહે. દેસાઈ વાળી શાક માર્કેટ પાસે જેતપુર) નું નામ આપતા જેતપુર સીટી પોલીસે મનીલેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ અલગ અલગ ત્રણ ગુના દાખલ કરી કાર્યવાહી કરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે પીતાજી સાથે કેબલ નેટવર્કનું કામ કરે છે. છ વર્ષ પહેલા પિતા સંજયભાઈને ધંધો કરવામાં રૂપીયાની જરૂરીયાત પડતા પિતાએ જેતપુરમાં વ્યાજનો ધંધો કરતા મહાવીરસિંહ ચુડાસમાને વાત કરેલ કે, મારે ધંધો કરવા માટે રૂપીયા દોઢ લાખની જરૂરીયાત છે તેમ વાત કરતા મહાવીરસિંહે કહેલ કે, માસીક ૩ ટકા વ્યાજ ચુકવવું પડશે, તમો મારી ખોડલ હોટેલ નીચે ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ ઓફિસેથી આવતી કાલે પૈસા લઈ જજો. બીજા દિવસે મહાવીરસિંહની ઓફિસેથી રૂપીયા દોઢ લાખ લઈ આવેલ હતા.

બાદ આ દોઢ લાખ રૂપીયાનુ દર માસની એક થી પાંચ તારીખમાં માસીક રૂ. ૪૫૦૦ વ્યાજ તેમની ઓફિસે જઈને આપતો હતો. બાદ કેબલ નેટવર્કના ભાડાનુ ઉઘરાણ આવતુ ના હોય અને ઘર ખર્ચ પણ આવતો હોય જેથી પિતાએ મહાવીરસિંહનુ વ્યાજ ચુકવી શકતા નહિ અને વ્યાજના ચુકવણામાં થોડુ મોડુ થાય તો તે વ્યાજના રૂપીયા નહિ આપો તો હાથ પગ ભાગી નાખીશ તેમ કહીને વ્યાજનુ ઉઘરાણી કરી બે ચેક ધમકીઓ આપીને લઈ ગયેલ હતા.

વ્યાજની ચુકવણું કરવા પિતાને આરોપીએ ધાક ધમકી આપતાં ઘરે ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં તેઓને સારવારમાં પણ ખસેડેલ છે.

### વ્યાજના ચકરડામાંથી બહાર નિકળવા અશ્વિન સિંધી અને અશોક સરવૈયા પાસે ગયા : બંનેએ પણ લાખો પડાવ્યા

ફરીયાદીએ મહાવીરસિંહને વ્યાજ અને મુદલ ચૂકવવા ૧૭ માસ પહેલા અશ્વિન સીંધી પાસેથી ૪.૫૦ લાખ માસીક ૪ % લેખે વ્યાજે લીધેલ હતા. તે રૂપીયા અશોક સરવૈયાના લઈ આવેલ હતા. બાદ તેના પીતા વ્યાજના ગુચળામાં ફસાઈ ગયેલ હોય અને બંને શખ્સો વ્યાજનુ ઉઘરાણ કરી વ્યાજના રૂપીયા નહિ આપો તો હાથ પગ ભાગી નાખી મારી નાખવાની ધમકીઓ આપીને મારા પિતાના સહિ કરેલ બે ચેક લઈ ગયેલ છે.

બાદ ગઈ તા.૧૭/૦૨/૨૦૨૬ ના પિતા-પુત્ર અશોક પાસે વ્યાજના પૈસા માફ કરવાની વાત કરવા માટે ગયેલ હતા તો તેને વાત કરેલ કે, વ્યાજમાં કોઈ બાધછોડ થશે નહિ તમારે મને વ્યાજ તો આપવું પડશે અને તમારે કોઈ ફરીયાદ કરવી હોય તો કરી આપો હું લડી લઈશ તેમ વાત કરેલ હતી. અત્યાર સુધીમાં ત્રણ લાખ રૂપીયા વ્યાજ ચુકવી આપેલ છે. તેમછતા હજુ સાડા ચાર લાખની ઉઘરાણી કરેલ છે.

### ભરત ઉર્ફે ભયકુ બેફામ બન્યો : ચામડતોડ ૨૪ ટકા વ્યાજ પડાવતાં પ્રૌઢએ વખ ઘોળ્યું

ત્રણે વ્યાજખોરોને રૂપીયા ચૂકવવા ફરીયાદી પિતા-પુત્રએ વ્યાજખોર ભરત ઉર્ફે ભયકુનો ૧૧ માસ પહેલા સંપર્ક કરી રૂ.૫૦ હજાર માસીક ૨૪ % લેખે વ્યાજે લીધેલ હતા. આ પચાસ હજારનુ દર દસ દિવસે રૂપીયા ચાર હજાર વ્યાજ ચુકવવાનુ હતુ. બાદ ફરીયાદીના પિતા વ્યાજના ગુચળામાં ફસાઈ ગયેલ હોય જેથી આ ભરત ઉર્ફે ભયકુને વ્યાજ ચુકવી શકેલ નહિ. જેથી શખ્સે જો તમો મારા વ્યાજના પૈસા નહિ આપો તો હું તમને બન્ને બાપ દિકરાને હાથ પગ ભાગીને મારી નાખીશ તેમ ધમકાવીને બે કોરા ચેક લઈ ગયેલ છે.

આ ભરત ઉર્ફે ભયકુએ આજદિન સુધીમાં રૂ.૧.૩૮ લાખ વ્યાજ વસુલ કરેલ છે. બનાવ અંગેની ત્રણેય ફરિયાદ પરથી જેતપુર સીટી પોલીસ મથકના પીઆઈ એ.ડી.પરમાર અને ટીમે વ્યાજખોર મહાવીરસિંહ ચુડાસમા અને અશોક સરવૈયાની ધરપકડ કરી છે, જ્યારે વ્યાજખોર અશ્વિન સિંધી અને ભરત ઉર્ફે ભયકુ વાકની શોધખોળ આદરી છે.

**જેતપુર સીટી પોલીસે મનીલેન્ડ એકટ સહિતની કલમ હેઠળ ચાર વ્યાજખોર સામે અલગ અલગ ત્રણ ગુના નોંધ્યા**

# જૂનાગઢ જિલ્લાના ૧.૪૨ લાખ ખેડૂતોના ખાતામાં ૨૯.૬૩ કરોડની સહાય જમા થઈ

## વડાપ્રધાને કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો કર્યો રિલીઝ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશભરના ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો રિલીઝ કર્યો હતો, જે અંતર્ગત જૂનાગઢ જિલ્લાના આશરે ૧,૪૨,૩૩૯ ખેડૂતોના બેન્ક ખાતામાં રૂ.૨૦૦૦ પેટે કુલ રૂ.૨૯.૬૩ કરોડથી વધુની સહાય જમા કરવામાં આવી હતી.

મેંદરડા તાલુકાના દાત્રાણા ગામે જિલ્લા કક્ષાના મિલેટ મહોત્સવ અને પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોને સીધી સહાય મળે તેવી પારદર્શક વ્યવસ્થા કરી છે. આજે તેના જ ભાગરૂપે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો રિલીઝ કરીને સહાયની રકમ સીધી ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવી છે.

ઉપરાંત ખેડૂતોને ૪ લાખનો અકસ્માત વીમા પણ આપવામાં આવી રહ્યો છે. આ સાથે ખેડૂતોને આજે જ્યોતિગ્રામ યોજના હેઠળ ગામડામાં ૨૪ કલાક વીજળી મળી રહી છે.આ પ્રસંગે મોટી સંખ્યામાં ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા. સાથે જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વર્ચ્યુઅલી પ્રેરક સંબોધન નિહાળ્યું હતું.

# ધ્રાંગધ્રા ગેસ સિલિન્ડરની વ્યવસ્થા સુદૃઢ કરવા પોલીસ એજન્સી સંચાલકોની મળી બેઠક

## ગેસના બાટલા મુદે અફવાથી દૂર રહેવા નગરજનોને અપીલ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં ગેસ સિલિન્ડરની સંભવિત અછતને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આજે ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ખાતે

આ બેઠક પી.આઈ. એમ. યુ. મસીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં શહેરની વિવિધ ગેસ એજન્સીના માલિકો હાજર રહ્યા હતા ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા તણાવના કારણે ભવિષ્યમાં ગેસ સિલિન્ડરની અછત સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. તે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગેસ વિતરણ દરમિયાન કોઈ પણ પ્રકારની અશાંતિ અથવા ભીડભાડ ન સર્જાય અને નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે પૂર્વ તૈયારીરૂપે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું બેઠક દરમિયાન ગેસ વિતરણ પ્રક્રિયા સુચારૂ રીતે ચાલી શકે તે માટે જરૂરી પોલીસ બંદોબસ્ત, સુરક્ષા વ્યવસ્થા તેમજ નાગરિકોને શાંતિપૂર્ણ રીતે સેવા મળી રહે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી પોલીસ દ્વારા એજન્સી માલિકોને વિતરણ સમયે નિયમોનું પાલન કરવા અને વ્યવસ્થિત રીતે કામગીરી કરવા સૂચનાઓ પણ આપવામાં આવી હતી અફવાઓથી દૂર રહી શાંતિ જાળવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

## સ્વચ્છતા જાળવવા નગરપાલિકાનું કડક વલણ

# ખંભાળિયામાં જાહેરમાં ગંદકી કરનારા પાસેથી લેવાશે આકરો દંડ

## એઠવાળ, કચરો કે કાટમાળ ફેંકનાર સામે પાલિકા લાલઆંખ કરશે; ચીફ ઓફિસર રાહુલકુમાર કરમુર દ્વારા દંડનીય કાર્યવાહીની જાહેરાત

**અબતક વિનાયક ભટ્ટ ખંભાળિયા,**

કેન્દ્ર સરકારના 'સ્વચ્છ ભારત અભિયાન'ને વેગ આપવા અને ખંભાળિયા શહેરની સુંદરતા જાળવી રાખવા માટે નગરપાલિકા દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના જાહેર માર્ગો અને વિસ્તારોમાં ગંદકી ફેલાવતા તત્વો સામે હવે પાલિકા તંત્ર દ્વારા સીધી દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ચીફ ઓફિસર રાહુલકુમાર કરમુર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયનો હેતુ શહેરને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવાનો છે.

નવી જોગવાઈઓ મુજબ, હવે જાહેરમાં પેશાબ કે શૌચ કરનાર તેમજ હેઠવાળ, કચરો કે મકાનનો કાટમાળ ગમે ત્યાં ફેંકનાર સામે શિસ્તબદ્ધ પગલાં લેવાશે. નિયમનો ભંગ કરનાર પાસેથી પ્રથમ વખત રૂ ૫૦, બીજી વખત રૂ૧૦૦ અને જો ત્રીજી વખત તે જ ગુનો આચરવામાં આવશે તો રૂ૩૦૦નો દંડ વસૂલવામાં આવશે. આ ઉપરાંત, મિલકત ધારકોએ પોતાના રહેણાંકના શૌચાલયના નિકાલ માટે યોગ્ય સેફ્ટી ટેન્ક બનાવવી પડશે અને તેની દર ત્રણ માસે સફાઈ કરાવવી ફરજિયાત રહેશે. નગરપાલિકા દ્વારા પણ નિર્ધારિત ચાર્જ લઈ સેફ્ટી ટેન્ક સાફ કરી આપવાની સુવિધા પૂરી પાડવામાં આવશે.

નગરપાલિકાના આ કડક કદમને શહેરના સામાજિક અગ્રણીઓ દ્વારા આવકારવામાં આવ્યો છે.

પાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન હીનાબેન હિતેન્દ્રભાઈ આચાર્યના ગ્રુપ દ્વારા આ કામગીરીને બિરદાવતા જણાવવામાં આવ્યું છે કે, જો આ નિયમોનું ચુસ્ત પાલન કરવામાં આવશે તો દેવભૂમિ દ્વારકા જિલ્લાનું મુખ્ય મથક ખંભાળિયા ખરા અર્થમાં સુંદર અને આદર્શ શહેર બની જશે. પાલિકાના આ અભિગમથી ગમે ત્યાં ગંદકી કરનારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે અને જનતામાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવવાની અપેક્ષા છે.

# મહારાષ્ટ્રમાં ધર્મ પરિવર્તન કરાવવાવાળાને ૭ વર્ષની જેલ અને ૧ લાખ સુધીનો દંડ ફટકારાશે

## જે વ્યક્તિએ ધર્મ બદલવો હોય, તેણે ઓછામાં ઓછા ૬૦ દિવસ પહેલા તંત્રને જાણ કરવી પડશે

**અબતક , મુંબઈ**



મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં છેતરપિંડી, લાલચ કે બળજબરીથી થતા ધર્માંતરણને રોકવા માટે વિધાનસભામાં 'ફ્રીડમ ઓફ રિલીજીયન બિલ, ૨૦૨૬' રજૂ કર્યું છે. આ બિલમાં અત્યંત કડક જોગવાઈઓ કરવામાં આવી છે, જેના કારણે રાજ્યમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે. જો કોઈ વ્યક્તિ લગ્નના બહાને કે લાલચ આપીને ધર્માંતરણ કરાવશે, તો તેને ૭ વર્ષની જેલ અને રૂ. ૧ લાખનો દંડ થઈ શકે છે. જો મોટા પાયે (સામૂહિક) ધર્માંતરણ કરવામાં આવે, તો ૭ વર્ષની જેલ અને રૂ.૫ લાખના દંડની જોગવાઈ છે.

જે વ્યક્તિએ ધર્મ બદલવો હોય, તેણે ઓછામાં ઓછા ૬૦ દિવસ પહેલા તંત્રને જાણ કરવી પડશે. આ નોટિસ પંચાયત કે સ્થાનિક કચેરીમાં જાહેરમાં મૂકવામાં આવશે જેથી કોઈ વાંધો હોય તો ઉઠાવી શકાય. જો કોઈ ધર્માંતરણ પર સવાલ ઉઠે, તો જે વ્યક્તિએ ધર્મ બદલાવ્યો છે તેણે પોતે સાબિત કરવું પડશે કે તેણે કોઈ દબાણ વગર આ ફેરફાર કર્યો છે. જો આવા લગ્નથી કોઈ બાળક જન્મે, તો તે તેની માતાના (લગ્ન પહેલાના) ધર્મનું ગણાશે.

નાગરિક સંગઠનો અને વિરોધ પક્ષો આ બિલને 'ડ્રેકોનિયન' (અત્યંત ક્રૂર) ગણાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે આ કાયદો વ્યક્તિની પોતાની પસંદગીના લગ્ન કરવાની અને ધર્મ પાળવાની આઝાદી છીનવે છે. લોકોમાં ડર પેદા થઈ શકે છે, ખાસ કરીને એવા કિસ્સાઓમાં જ્યાં બે અલગ અલગ ધર્મના લોકો લગ્ન કરવા માંગતા હોય. આ કાયદાનો દુરુપયોગ થઈ શકે છે.

# ન હોય ... અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસેલા ૧૧ "પટેલો" ને હથિયાર લૂંટમાં જેલ ભેગા કરાયા

## ૧૧ લોકોએ પોતાને 'પીડિત' બતાવીને ગ્રીન કાર્ડ મેળવવાનો શોર્ટકટ અપનાવ્યો હતો

**અબતક, દિલ્હી**



અમેરિકામાં ગ્રીન કાર્ડ અને કાયમી વસવાટ મેળવવા માટે 'અ-વીઝા' (ગુનાના ભોગ બનનાર માટેના ખાસ વીઝા) નો દુરુપયોગ કરવાનું એક મોટું આંતરરાજ્ય કૌભાંડ તાજેતરમાં પકડાયું છે. અમેરિકાના બોસ્ટન અને અન્ય શહેરોમાં વીઝા મેળવવા માટે ફિલ્મી સ્ટાઈલમાં ગુનાહિત કાવતરું રચનારા ૧૧ ભારતીયોની ધરપકડ કરવામાં આવી છે. આ ટોળકીએ 'U વીઝા' મેળવવા માટે જાણીજોઈને દુકાનોમાં નકલી લૂંટ કરાવી હતી.

રામભાઈ પટેલ નામના વ્યક્તિએ તેના સાથીઓ સાથે મળીને માર્ચ ૨૦૨૩માં મેસેચ્યુસેટ્સ સહિત અન્ય રાજ્યોમાં દારૂની દુકાનો અને રેસ્ટોરન્ટમાં લૂંટના નાટકો ગોઠવ્યા હતા. એક નકલી લૂંટારો દુકાનમાં આવે, બંદૂક જેવું હથિયાર બતાવે અને કેશ લઈને ભાગી જાય. આ આખી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ કરવામાં આવતી. લૂંટારો ભાગી ગયાની ૫ મિનિટ પછી પોલીસને જાણ કરવામાં આવતી જેથી પોલીસ રિપોર્ટ બને.

અમેરિકાના કાયદા મુજબ, જો કોઈ વ્યક્તિ ગંભીર ગુનાનો ભોગ બને તો તેને U વીઝા મળી શકે છે. આ ૧૧ લોકોએ પોતાને 'પીડિત' બતાવીને ગ્રીન કાર્ડ મેળવવાનો શોર્ટકટ અપનાવ્યો હતો. આ તમામ લોકો સામે 'વીઝા ફ્રોડ' (છેતરપિંડી) ના ગંભીર આરોપો લાગ્યા છે. જો દોષિત ઠરે તો તેમને ૫ વર્ષ સુધીની જેલ અને ૨,૫૦,૦૦૦ ડોલર (આશરે રૂ. ૨ કરોડથી વધુ) નો દંડ થઈ શકે છે.

## "જય હનુમાન જ્ઞાન ગુણ સાગર"

# હનુમાન ચાલીસાનું પઠન શું ચમત્કારો કરે છે ?



**અબતક , રાજકોટ**

"સંકટ કટૈ મિટૈ સબ પીરા, જો સુમિરૈ હનુમત બલબીરા..."

આ પંક્તિઓ માત્ર બોલવા માટે નથી, પણ અનુભવવા માટે છે. હનુમાન ચાલીસા એ શ્રદ્ધા અને વિજ્ઞાનનો એવો સંગમ છે જે વ્યક્તિને માનસિક રીતે લોખંડી પુરુષ બનાવે છે. હનુમાન ચાલીસાની રચના ગોસ્વામી તુલસીદાસજીએ કરી હતી. તેમણે ૧૬મી સદીમાં અવધી ભાષામાં આ ચાલીસા લખી હતી. એવું માનવામાં આવે છે કે જ્યારે મુગલ સમ્રાટ અકબર દ્વારા તેમને જેલમાં રાખવામાં આવ્યા હતા, ત્યારે તેમણે જેલમાં જ હનુમાન ચાલીસાની રચના કરી હતી.

હનુમાન ચાલીસા માત્ર ભક્તિ નથી, પણ સકારાત્મક ઉર્જાનો સ્રોત છે. જાણો ૧૬મી સદીમાં રચાયેલ આ સ્તોત્ર કેવી રીતે માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં સુધારો કરે છે. હનુમાન ચાલીસા માત્ર ધાર્મિક પાઠ નથી, પરંતુ તે મન અને શરીરને શકિત આપતું એક વિજ્ઞાન છે. ગોસ્વામી તુલસીદાસજીએ જ્યારે પોતાની માંદગી દરમિયાન આની રચના કરી હતી, ત્યારે તેનો હેતુ અસાધ્ય પીડામાંથી મુકિત મેળવવાનો હતો. આજે પણ આ ૪૦ ચોપાઈઓ વ્યકિતના જીવનમાંથી ડર દૂર કરી, એકાગ્રતા વધારી અને માનસિક શાંતિ પ્રદાન કરી શકે છે. આજના તણાવપૂર્ણ સમયમાં જ્યારે લોકો ચિંતા અને નકારાત્મકતાથી ઘેરાયેલા છે, ત્યારે હનુમાન ચાલીસા એક 'મેન્ટલ થેરાપી' જેવું કામ કરે છે. હનુમાન ચાલીસા એ માત્ર મંદિર પૂરતી સીમિત નથી, પરંતુ તેને જીવનશૈલીનો ભાગ બનાવવાથી વ્યક્તિ વધુ શકિતશાળી અને શાંત બને છે.

### 'ચાલીસા' શું છે ?

હિન્દી શબ્દ 'ચાલીસ' (૪૦) પરથી 'ચાલીસા' શબ્દ આવ્યો છે. હનુમાન ચાલીસામાં હનુમાનજીની સ્તુતિ કરતી કુલ ૪૦ ચરણ (ચોપાઈઓ) છે. આ મુખ્ય ૪૦ પંક્તિઓને કારણે જ તેને 'ચાલીસા' કહેવામાં આવે છે. શરૂઆતમાં બે દોહા અને અંતમાં એક દોહો હોય છે, પરંતુ જે મુખ્ય ભાગ છે જેમાં હનુમાનજીના ગુણોનું વર્ણન છે, તે બરાબર ૪૦ ચોપાઈઓનો બનેલો છે. હિન્દુ ધર્મમાં અન્ય દેવી-દેવતાઓની પણ ચાલીસા હોય છે (જેમ કે શિવ ચાલીસા, દુર્ગા ચાલીસા), જેમાં પણ સમાન રીતે ૪૦ પંક્તિઓ જ હોય છે.

### શું થાય છે રોજ હનુમાન ચાલીસાના પાઠ કરવાથી?

* **ડરનો નાશઃ** હનુમાનજી 'સંકટમોચન' છે. રોજ પાઠ કરવાથી ભવિષ્યની ચિંતા અને અજાણ્યા ડર સામે લડવાની આંતરિક શક્તિ મળે છે.
* **એકાગ્રતામાં વધારોઃ** ચાલીસાના લયબદ્ધ જાપથી મન સ્થિર થાય છે. વિદ્યાર્થીઓ અને કામ કરતા લોકો માટે આ એકાગ્રતા વધારવાનો શ્રેષ્ઠ માર્ગ છે.
* **નકારાત્મકતાથી મુક્તિઃ** જો તમને વધુ ગુસ્સો આવતો હોય કે મન અશાંત રહેતું હોય, તો ચાલીસાના કંપનો તમારા વાતાવરણને શુદ્ધ કરી પોઝિટિવ એનર્જી ભરે છે.
* **સારું સ્વાસ્થ્ય :** "નાસૈ રોગ હરે સબ પીરા" - આ પંક્તિ મુજબ, જ્યારે મન તણાવમુક્ત થાય છે ત્યારે હૃદય અને શરીર વધુ સારી રીતે કાર્ય કરે છે. તે ઊંઘની સમસ્યામાં પણ રાહત આપે છે.

**હનુમાન ચાલીસાની રચના ગોસ્વામી તુલસીદાસજીએ ૧૬મી સદીમાં અવધી ભાષામાં કરી હતી**

# અદભુત "હીટર" શિવમ દુબેએ શા માટે પિતાને મેડલ સમર્પિત કર્યો?

## શિવમે પિતાને તેમના જીવનના વાસ્તવિક હીરો તરીકે સંબોધિત કર્યા અને તેમની સફળતા પાછળ પિતાના અથાગ પ્રયત્નો, ત્યાગ અને સતત સમર્થન વિના શક્ય ન હોત



**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર શિવમ દુબેએ આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતની ઐતિહાસિક જીત પછી એક ખૂબ જ લાગણીસભર અને હૃદયસ્પર્શી ક્ષણ શેર કરી છે, જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે.

ભારતે ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપમાં વિજય મેળવ્યો ત્યારબાદ શિવમ દુબે મુંબઈમાં પોતાના ઘરે પરત ફર્યા અને તેમણે પોતાનો વિજેતા મેડલ પોતાના પિતા રાજેશ દુબેને સમર્પિત કર્યો. એક વાયરલ વીડિયોમાં જોવા મળે છે કે શિવમ પોતાના પિતાના ગળામાં આ મેડલ પહેરાવી રહ્યા છે. આ ક્ષણ દરમિયાન પિતાના ચહેરા પર ગર્વ અને ખુશીની લાગણી સ્પષ્ટ દેખાઈ રહી છે.

શિવમે પોતાના પિતાને "મારા જીવનના વાસ્તવિક હીરો" તરીકે સંબોધિત કર્યા અને કહ્યું કે આ સફળતા તેમના પિતાના અથાગ પ્રયત્નો, ત્યાગ અને સતત સમર્થન વિના શક્ય ન હોત.

શિવમ દુબેના પિતા રાજેશ દુબે ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લામાંથી મુંબઈ આવ્યા હતા અને તેમણે જ શિવમને ક્રિકેટની શરૂઆતથી જ કોચિંગ આપી છે. શિવમના કહેવા પ્રમાણે તેમના પિતાએ તેમની કરિયરના દરેક તબક્કે અડગ વિશ્વાસ રાખ્યો છે. ખાસ કરીને તે સમયે જ્યારે શિવમે ફૂટબોલથી ક્રિકેટ તરફ વળ્યા અને પછી ૫ વર્ષના લાંબા બ્રેક પછી પણ પરત ફરીને ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું. આ વર્લ્ડ કપમાં શિવમ દુબેએ બેટિંગ અને બોલિંગ બંનેમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

તેમણે મહત્વના મેચોમાં મોટા શોટ્સ ફટકાર્યા અને વિકેટ પણ લીધી, જેના કારણે ભારતની જીતમાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યું. પરંતુ આ જીતને વધુ ખાસ બનાવી દીધી.

ફેન્સે શિવમની આ નમ્રતા અને પરિવાર પ્રત્યેના પ્રેમની ખૂબ પ્રશંસા કરી છે. ઘણા લોકોએ કહ્યું કે, દરેક સફળ ખેલાડી પાછળ એક પરિવાર હોય છે જે અદૃશ્ય રીતે તેને સપોર્ટ કરે છે.

આ ઘટના એક વખત વધુ યાદ અપાવે છે કે સફળતા માત્ર વ્યક્તિગત નથી, પરંતુ તે પરિવારના સમર્પણ અને બલિદાનનું પરિણામ છે.

શિવમ દુબેની આ હૃદયસ્પર્શી ગર્જના દરેકને પ્રેરણા આપે છે કે સફળતાનો સાચો આનંદ તેને પોતાના પ્રિયજનો સાથે વહેંચવામાં જ છે!

# કેકેઆરને મુઝરબાનીનો ડોઝ મળશે



**અબતક, રાજકોટ**

ઝિમ્બાબ્વેનો ૨૯ વર્ષીય રાઈટ-આર્મ પેસ બોલર બ્લેસિંગ મુઝરબાની આવતા મહિને શરૂ થનારી પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમવાનો હતો, પરંતુ તેણે એ ટૂર્નામેન્ટ છોડીને ભારતની ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રમવાનું નક્કી કર્યું જેને પગલે આઈપીએલના ત્રણ ટાઈટલ જીતનાર કોલકાતા નાઈટ રાઈડર્સ તેને મેળવી લીધો છે.ઉલ્લેખનીય છે કે મુઝરબાનીએ તાજેતરમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં કેટલાક જાણીતા બૅટ્સમેનોની વિકેટ લીધી હતી જેમાં મૅન ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર જીતનાર સંજુ સૅમસનનો પણ સમાવેશ હતો.

૨૬મી ફેબ્રુઆરીએ ચેન્નઈમાં ભારતની સુપર-એઈટ મૅચ ઝિમ્બાબ્વે સામે રમાઈ હતી જેમાં મુઝરબાનીએ સૅમસન (૨૪ રન)ને કૅચઆઉટ કરાવ્યો હતો. એ મૅચમાં ખાસ કરીને અભિષેક શર્માના પંચાવન રન અને હાર્દિક પંડ્યાના અણનમ ૫૦ રન તેમ જ તિલક વર્માના અણનમ ૪૪ રનની મદદથી ભારતે ચાર વિકેટે ૨૫૬ રન બનાવ્યા પછી મૅચ જીતી લીધી હતી. એ મૅચ પછી સૅમસને છેલ્લી ત્રણ મૅચમાં અણનમ ૯૭ રન તેમ જ ૮૯ રન અને ૮૯ રનની મદદથી ભારતને ટ્રોફી અપાવી હતી.મુઝરબાની છ ફૂટ આઠ ઈંચ ઊંચો છે. તેણે વર્લ્ડ કપમાં કુલ ૧૩ વિકેટ લીધી હતી અને તમામ બોલર્સમાં બીજા નંબરે હતો. તેણે આ ટૂર્નામેન્ટમાં સૅમસન ઉપરાંત ઑસ્ટ્રેલિયાના ટિમ ડેવિડ, મૅથ્યૂ રૅન્શો, શ્રીલંકાના કુસાલ પરેરા અને દાશુન શનાકા, વેસ્ટ ઈન્ડિઝના રૉવમૅન પોવેલ અને જેસન હોલ્ડર તેમ જ સાઉથ આફ્રિકાના ડેવિડ મિલરની વિકેટ પણ લીધી હતી.

## કેકેઆરને ઝટકો ઈજાને કારણે હર્ષિત રાણા આઈપીએલમાંથી બહાર



ઈન્ડિયન પ્રીમિયર લીગના ૨૦૨૬ સીઝન શરૂ થાય તે પહેલા જ કોલકાતા નાઈટ રાઈડર્સને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના ઝડપી બોલર હર્ષિત રાણા આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. ઈજાને કારણે હર્ષિત રાણા આઈપીએલ ૨૦૨૬ માં રમી શકશે નહીં. કોલકાતા નાઈટ રાઈડર્સે તેમને ૪ કરોડ રૂપિયાની રકમમાં રિટેન કર્યો હતો.હર્ષિત રાણાને દક્ષિણ આફ્રિકા સામેના ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ના વોર્મ-અપ મેચ દરમિયાન ઈજા થઈ હતી, જેના કારણે તેઓ ટી૨૦ વર્લ્ડ કપમાંથી પણ બહાર થઈ ગયો હતો. અત્યાર સુધી કેકેઆરે તેમના રિપ્લેસમેન્ટની સત્તાવાર જાહેરાત કરી નથી.

# બાંગ્લાદેશને બીજી વન-ડેમાં હાર અપાવવામાં સદાકતનો અદભુત દેખાવ

## ૨૭૪ રનનો પીછો કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમ ૧૧૪ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ



**અબતક, રાજકોટ**

બીજી વનડેમાં પાકિસ્તાને બાંગ્લાદેશને ૧૨૮ રનથી હરાવ્યું. ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં બાંગ્લાદેશે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા બેટિંગ કરતા પાકિસ્તાને ૨૭૪ રન બનાવ્યા. જવાબમાં બાંગ્લાદેશ માત્ર ૧૧૪ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. પાકિસ્તાનની ટીમે બાંગ્લાદેશને ૧૨૮ રનથી કારમી હાર આપી હતી. પહેલા બેટિંગ કરવા આમંત્રણ આપતા મેજર સદાકતે માત્ર ૪૬ બોલમાં ૭૫ રનની ઈનિંગ રમીને બાંગ્લાદેશી બોલરોને ચકનાચૂર કરી દીધા. સલમાન આગાએ પણ ૬૪ રનની અડધી સદી ફટકારી હતી પરંતુ વિવાદાસ્પદ રીતે રન આઉટ થયો હતો. મોહમ્મદ રિઝવાને પણ ૪૪ રનનું યોગદાન આપ્યું હતું, પરંતુ પાકિસ્તાની ટીમ ૪૮મી ઓવરમાં ૨૭૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.જ્યારે બાંગ્લાદેશ લક્ષ્યનો પીછો કરવા ઉતર્યું ત્યારે તેના ત્રણેય ઓપનર ૧૫ રનના સ્કોરે આઉટ થઈ ગયા. દરમિયાન, લિટન દાસ અને તૌહીદે ચોથી વિકેટ માટે ૫૮ રનની ભાગીદારી સાથે બાંગ્લાદેશને મેચમાં પાછું લાવવામાં સફળતા મેળવી. દાસ ૪૧ રન બનાવીને આઉટ થયો જ્યારે હૃદોય ૨૮ રન બનાવીને આઉટ થયો હતો.એક સમયે બાંગ્લાદેશે ૩ વિકેટે ૭૩ રન બનાવ્યા હતા, પરંતુ કોણ જાણતું હતું કે પાકિસ્તાની બોલરો બાંગ્લાદેશની બેટિંગ લાઈનઅપને તોડી નાખશે. બાંગ્લાદેશે પોતાની છેલ્લી ૭ વિકેટ માત્ર ૪૧ રનમાં ગુમાવી દીધી હતી.હવે ૨ મેચ પછી શ્રેણી ૧-૧ થી બરાબર છે. પાકિસ્તાનની આખી ટીમ ૪૭.૩ ઓવરમાં ૨૭૪ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાન તરફથી માઝ સદાકત અને સલમાન આગાએ શાનદાર બેટિંગ કરી અને અડધી સદી ફટકારી.

# ભારતીય મહિલા હોકી ટીમે ઈટાલીને હરાવી ફાઈનલમ કરી એન્ટ્રી




**અબતક, રાજકોટ**

ભારતે મહિલા હોકી વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ કરી લીધું છે. વર્લ્ડ કપ ક્વોલિફાયર્સની સેમિફાઈનલમાં ભારતે ઈટાલીને ૧-૦થી હરાવી દીધું હતું. ઈટાલી સામે મેચમાં ટીમ ઈન્ડિયા તરફથી એક માત્ર ગોલ મનીષા ચૌહાણે કર્યો હતો. હવે ફાઈનલમાં ભારત અને ઈંગ્લેન્ડની ટક્કર થશે. ભારતીય મહિલા હોકી ટીમ હવે ૧૫થી ૩૦ ઓગસ્ટ સુધી બેલ્જિયમ અને નેધરલેન્ડ્સની યજમાનીમાં રમનાર વર્લ્ડ કપમાં ભાગ લેશે.

ભારતીય ટીમની મિડફિલ્ડર મનીષા ચૌહાણે ૪૦મી મિનિટે ગોલ કર્યો હતો. પહેલા ક્વાર્ટરમાં બંને ટીમ વચ્ચે બરાબરની ટક્કર જોવા મળી હતી. ભારતે બે વખત સંપૂર્ણ

(અનુ. આઠમા પાને)



# કોર્પોરેશનની બાકીદારો સામે લાલ આંખ: નળ-જોડાણ કાંપવા, મિલકત જપ્તી શરૂ

## ૭ દિવસની આખરી નોટિસની મુદત પૂર્ણ થતા ટેક્સ વિભાગ દ્વારા શહેરના ૧૭થી વધુ વિસ્તારોમાં આકરી કાર્યવારી

જામનગર મહાનગરપાલિકા દ્વારા બાકી વેરાની વસૂલાત માટે આપવામાં આવેલી આખરી નોટિસની મુદત પૂર્ણ થતા આજથી મિલકત જપ્તી અને પાણી પુરવઠો બંધ કરવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહાનગરપાલિકાના ટેક્સ વિભાગ દ્વારા ગત ૬ માર્ચના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલી જાહેર નોટિસના સાત દિવસ ૧૩ માર્ચના રોજ પૂર્ણ થયા છે. તેમ છતાં અનેક બાકીદારો દ્વારા ટેક્સ અને ચાર્જીર્સની રકમ ભરપાઈ કરવામાં ન આવતા તંત્ર દ્વારા આજથી મિલકત જપ્તી અને પાણી કાપના કડક પગલાં લેવાની શરૂઆત કરવામાં આવી છે.



મહાનગરપાલિકાના આસી. કમિશનર (ટેક્સ) ની યાદીમાં જણાવ્યા અનુસાર, શહેરના વિવિધ વોર્ડના અનેક વિસ્તારોનો પાણી પુરવઠો અસ્થાઈ રૂપે બંધ કરી દેવામાં આવશે. જેમાં મુખ્યત્વે વોર્ડ નં. ૧ ના શાસ્ત્રીનગર અને મોમાઈનગર, વોર્ડ નં. ૨ ના ધરારનગર, સેનાનગર અને સ્વામીનારાયણ ધામ તેમજ વોર્ડ નં. ૫ ના શિવનગર અને મહારાજા સોસાયટી જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વોર્ડ નં. ૧૩ ની શકિત અને સરસ્વતી સોસાયટી, વોર્ડ નં. ૧૫ ના મયુર બાગ અને સેટેલાઈટ પાર્ક તથા વોર્ડ નં. ૧૭ ની સાધના કોલોની, પટેલ પાર્ક, ગ્રીન સીટી અને લક્ષ્મી નગર સહિતના વિસ્તારોમાં પણ પાણી પુરવઠો અટકાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

તંત્ર દ્વારા વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે વિસ્તારોમાં વેરો બાકી છે ત્યાં માત્ર પાણી કાપ જ નહીં, પરંતુ બાકીદારોની સ્થાવર અને જંગમ મિલકતો જપ્ત કરવાની પ્રક્રિયા પણ આજથી જ અમલમાં મૂકવામાં આવી છે. મહાનગરપાલિકાની આ આકરી કાર્યવાહીને પગલે બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા જાહેર જનતાને હાલાકીથી બચવા માટે તાત્કાલિક ધોરણે બાકી વેરો ભરપાઈ કરી દેવા સૂચના આપવામાં આવી છે.

# કલેકટર કેતન ઠક્કરે 'ધવંન્તરી આરોગ્ય રથ'ને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

## ગ્રામ્ય વિસ્તારો અને શ્રમિક વસાહતોમાં ઘરઆંગણે મળશે નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ; જિલ્લામાં હવે કુલ ૪ રથ કાર્યરત

જામનગર જિલ્લાના ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સશક્ત બનાવવાના ઉમદા હેતુ સાથે રાજ્ય સરકાર દ્વારા 'ધન્વન્તરી આરોગ્ય રથ' યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત આજે જિલ્લા કલેકટર કેતન ઠક્કર દ્વારા કલેકટર કચેરી ખાતેથી નવા ધન્વન્તરી આરોગ્ય રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેકટરે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ તથા મેડિકલ સ્ટાફ પાસેથી દવાઓનો સ્ટોક, વાહનના રૂટ અને અન્ય સુવિધાઓ અંગે ઝીણવટભરી માહિતી મેળવી હતી.



કલેકટર કેતન ઠક્કરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો મુખ્ય હેતુ છેવાડાના વિસ્તારોમાં રહેતા નાગરિકોને તેમના ગામની નજીક જ પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. આ રથના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારોમાં વસતા લોકોને નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી, જરૂરી દવાઓ અને માર્ગદર્શન મળી રહે તે માટે તેમણે સંબંધિત અધિકારીઓ અને સ્ટાફને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ આરોગ્ય રથમાં તબીબ અને આરોગ્ય કર્મચારીઓ સહિત કુલ ૫ લોકોની ટીમ કાર્યરત રહેશે. રથમાં જરૂરી દવાઓ, અત્યાધુનિક તબીબી સાધનો અને પ્રાથમિક સારવારની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ રથ દ્વારા બ્લડ પ્રેશર, મલેરિયા ટેસ્ટ, ડાયાબિટીસ અને સામાન્ય શારીરિક તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત, સેનેટરી પેડ્સનું વિતરણ, માતા-બાળ આરોગ્ય સંબંધિત માર્ગદર્શન તથા વિવિધ રોગો અંગે જાગૃતિ ફેલાવવાની કામગીરી પણ કરવામાં આવશે.નોંધનીય છે કે, જામનગર જિલ્લામાં હાલ કુલ ચાર ધન્વન્તરી આરોગ્ય રથ કાર્યરત છે, જે સોમવારથી શનિવાર સુધી શહેર અને જિલ્લાની વિવિધ શ્રમિક વસાહતોમાં જઈને લોકોને વિનામૂલ્યે તબીબી સેવાઓ પૂરી પાડશે.

# સંત શિરોમણી સ્વામી લીલાશાહ મહારાજની ૧૪૬મી જન્મજયંતિની શ્રદ્ધાભેર ઉજવણી

## લાડી લોહાણા સિંધી પંચાયત દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને સમૂહ જ્ઞાતિ ભોજનનું આયોજન

જામનગર શહેરમાં સિંધી સમાજના આરાધ્ય દેવ અને સંત શિરોમણી પૂજ્ય સ્વામી લીલાશાહ મહારાજની ૧૪૬મી જન્મજયંતિની લાડી લોહાણા સિંધી પંચાયત દ્વારા ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. લીલાશાહ વાડી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર પરિસર ભક્તિમય બની ગયું હતું.ઉજવણીનો પ્રારંભ સવારે ૧૧ કલાકે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સ્વામીજીની આરતી, પલ્લવ અને અર્દાસના ધાર્મિક વિધિ સંપન્ન થયા હતા. આ પાવન અવસરને યાદગાર બનાવવા માટે જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં કેક કટિંગ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ''જય સ્વામી લીલાશાહ''ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. સંતશ્રીના જીવન અને ઉપદેશો પર પ્રકાશ પાડતા જણાવાયું હતું કે, તેમના માનવતા અને સેવાના મૂલ્યો આજે પણ સમાજ માટે પ્રેરણારૂપ છે.આ પ્રસંગે લાડી લોહાણા સિંધી પંચાયતના પ્રમુખ પ્રકાશભાઈ હકાણી, રાજેશભાઈ રામાણી, સેક્રેટરી ચેતનભાઈ મૂલચંદાની તેમજ શંકરભાઈ કારીયા અને લાલાભાઈ લાલવાણી સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમના અંતે આયોજિત સમૂહ જ્ઞાતિ ભોજનમાં મોટી સંખ્યામાં ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા સિંધી પંચાયતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા 30 દિવ્યાંગોને મોટરાઈઝડ ટ્રાયસાઈકલનું વિતરણ

## આત્મનિર્ભરતા તરફ નવું ડગલું ૬૦%થી વધુ દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને આધુનિક સાધન સહાય પૂરી પાડી સ્વાવલંબન માટે પ્રોત્સાહિત કરાયા



જામનગર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા દિવ્યાંગ વ્યકિતઓના જીવનમાં ગતિશીલતા અને આત્મનિર્ભરતા લાવવાના ઉદ્દેશ્ય સાથે સાધન સહાય વિતરણનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં કુલ ૩૦ દિવ્યાંગ લાભાર્થીઓને મોટરાઈઝડ ટ્રાયસાઈકલ (મોટરચાલિત ત્રિ-ચક્રીય વાહન) વિનામૂલ્યે એનાયત કરવામાં આવી હતી.ગુજરાત સરકારની દિવ્યાંગ કલ્યાણ યોજના હેઠળ ૬૦% કે તેથી વધુ હલનચલનની દિવ્યાંગતા ધરાવતા વ્યકિતઓને આ અત્યાધુનિક સાધન સહાય આપવામાં આવે છે. આ મોટરાઈઝડ ટ્રાયસાઈકલ મળવાથી દિવ્યાંગોને દૈનિક અવરજવર માટે અન્યો પર નિર્ભર રહેવું નહીં પડે, જેનાથી તેમના આર્થિક અને સામાજિક સ્વાવલંબનનો માર્ગ મોકળો થશે.

આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી હસમુખભાઈ રામાણી, ચીફ ઓફિસર મનોજભાઈ વ્યાસ તેમજ સંસ્થાના અધિક્ષક વિભાભાઈ મેવાડા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓએ જણાવ્યું હતું કે, દિવ્યાંગોને મોબિલિટી સાધનો પૂરા પાડી સમાજની મુખ્યધારામાં તેમની સક્રિય ભાગીદારી વધારવી એ સરકારની પ્રાથમિકતા છે. સરકાર આવા કલ્યાણકારી કાર્યો થકી દિવ્યાંગોના સશકિતકરણ માટે સતત કાર્યરત છે. લાંબા સમયની પ્રતિક્ષા બાદ આધુનિક વાહન મળતા લાભાર્થીઓએ પણ હર્ષ અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

# રાંધણ ગેસના બુકિંગ માટે હાહાકાર: એજન્સીઓના સર્વર ઠપ્પ થતા ગ્રાહકો મુશ્કેલીમાં

## અછતની અફવા વચ્ચે બુકિંગ માટે ૨૫ દિવસનું અંતર રાખવા કલેકટરનો નિર્ણય; ટેલિફોનિક સિસ્ટમ ખોરવાતા એજન્સીઓ પર ભીડ ઉમટી



વૈશ્વિક સ્તરે યુદ્ધની પરિસ્થિતિની આડઅસર હવે જામનગરના રાંધણ ગેસ પુરવઠા પર જોવા મળી રહી છે. ગેસની અછત સર્જાશે તેવી અફવાઓને પગલે લોકોમાં ફાળ પડી છે અને ગ્રાહકો મોટા પાયે બુકિંગ કરાવી રહ્યા છે, જેના કારણે બુકિંગ સિસ્ટમ પર ભારણ વધતા સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે. પરિસ્થિતિને થાળે પાડવા માટે જામનગર જિલ્લા કલેકટર દ્વારા ઓઈલ કંપનીઓ સાથે સંકલન સાધી પુરવઠો જળવાઈ રહે તેવા પ્રયાસો શરૂ કરાયા છે. તંત્ર દ્વારા હવે બે બાટલાના બુકિંગ વચ્ચે ૨૫ દિવસનું અંતર રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.બીજી તરફ, ગેસ એજન્સીઓ ખાતે આજે સવારથી જ ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી.

અનેક ગ્રાહકો રૂબરૂ બુકિંગ કરાવવા એજન્સીની ઓફિસે પહોંચ્યા હતા, પરંતુ ત્યાં સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સરકારના નિર્ણય મુજબ માત્ર ઓટોમેટિક ટેલિફોનિક સિસ્ટમ દ્વારા જ બુકિંગ સ્વીકારવામાં આવશે. રૂબરૂ બુકિંગ બંધ હોવાથી અનેક લોકોએ વિલા મોઢે પરત ફરવું પડ્યું હતું.ગ્રાહકોની સૌથી મોટી સમસ્યા એ છે કે જ્યારે તેઓ ટેલિફોનિક સિસ્ટમ દ્વારા બુકિંગનો પ્રયત્ન કરે છે, ત્યારે ફોન કાં તો સતત વ્યસ્ત (Engage) આવે છે અથવા આપોઆપ કટ થઈ જાય છે. ગેસ વિતરક એજન્સીઓમાં પણ સર્વર ડાઉન હોવાના કારણે ઓનલાઈન બુકિંગની પ્રક્રિયા અટકી પડી છે. આ સ્થિતિમાં એજન્સી સંચાલકો પણ લાચાર બન્યા છે અને રોષે ભરાયેલા ગ્રાહકોને જવાબ આપવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે.

હાલમાં જામનગરના મધ્યમ વર્ગના પરિવારો માટે રાંધણ ગેસનું બુકિંગ કરાવવું એક મોટો પડકાર બની ગયું છે.

# રંગમતી નદીને પ્રદૂષણમુક્ત કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને હોમગાર્ડઝ સંયુક્ત અભિયાન

## આદર્શ સ્મશાનથી સિધ્ધનાથ મંદિર સુધી જનજાગૃતિ પદયાત્રા યોજાઈ; નદીની ગરિમા જાળવી રાખવા નાગરિકોને કરાયું આહવાન



જામનગરની ઓળખ સમાન રંગમતી નદીની નિર્મળતા અને સ્વચ્છતા જાળવી રાખવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, હોમગાર્ડઝ અને જામનગર મહાનગરપાલિકા દ્વારા એક વિશેષ લોકજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નદીને ગંદકીથી બચાવવા માટે આ સંસ્થાઓ દ્વારા સંયુક્તપણે જનજાગૃતિ યાત્રા અને સંદેશા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.આ યાત્રાનો પ્રારંભ આદર્શ સ્મશાન પાસેથી કરવામાં આવ્યો હતો, જે સિધ્ધનાથ મંદિર સુધી પહોંચી હતી. આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ અનિકેત શુકલા અને જિલ્લા હોમગાર્ડઝ અધિક્ષક ગીરીશ સરવૈયાએ લોકોને સંબોધતા જણાવ્યું હતું કે, રંગમતી નદીનું અસ્તિત્વ જોખમાય નહીં તે માટે અત્યારથી જ જાગૃત થવું અનિવાર્ય છે. નદીમાં કચરો ન નાખવા અને જળ સ્ત્રોતોની પવિત્રતા જાળવવા તેમણે નગરજનોને નમ્ર અપીલ કરી હતી.

આ ઉમદા કાર્યમાં મહાનગરપાલિકાના સફાઈ સેવકો, મંડળના સ્વયંસેવકો, વકીલ મિત્રો, હોમગાર્ડઝના જવાનો અને પાલિકાના કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. તંત્રના આ પ્રયાસનો મુખ્ય ઉદ્દેશ્ય જામનગરના પ્રાકૃતિક વારસા સમાન આ નદીને ફરીથી પવિત્ર અને સ્વચ્છ બનાવવાનો છે.

# શિક્ષણ વિભાગની બે મહત્વની સમિતિમાં ડો. વિમલ પરમારની નિમણૂંક

## રાજ્યની ખાનગી અને સરકારી યુનિવર્સિટીઓના સુધારા માટે રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિમાં મળ્યું સ્થાન

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની શૈક્ષણિક વ્યવસ્થાને વધુ આધુનિક અને સ્પર્ધાત્મક બનાવવા માટે રચાયેલી બે મહત્વપૂર્ણ સમિતિઓમાં જામનગરના શિક્ષણશાસ્ત્રી ડો. વિમલ પરમારની સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.

રાજ્યના શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને રચાયેલી 'ખાનગી યુનિવર્સિટી અધિનિયમ સુધારણા સમિતિ' અને 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી સ્ટેસ્યુટ એડવાઈઝરી કમિટી'માં ડો. પરમારને સ્થાન મળ્યું છે. આ સમિતિઓ નવી શિક્ષણ નીતિ (NEP-2020) મુજબ યુનિવર્સિટીઓના કાયદાકીય માળખા અને શિક્ષણની ગુણવત્તામાં સુધારા માટે માર્ગદર્શન આપશે.



ડો. વિમલ પરમાર હાલ જામનગરની કે.પી. શાહ લો કોલેજમાં આચાર્ય તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બે ટર્મ સુધી સિન્ડિકેટ મેમ્બર અને સેન્ટ્રલ યુનિવર્સિટી ગાંધીનગરમાં ચાન્સેલર નોમિની પણ રહી ચૂક્યા છે. તેમની આ પ્રતિષ્ઠિત નિમણૂક બદલ શૈક્ષણિક જગત અને જામનગરના નાગરિકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

# સાંસદ પૂનમબેન માડમ સાથે કાલાવડના પત્રકારોએ સંસદ ભવનની મુલાકાત લીધી

## કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવીયા અને સાંસદ કંગના રણૌત સહિતના મહાનુભાવો સાથે કરી મુલાકાત



**અબતક ,રાજુ રામોલિયા**
**કાલાવડ**

જામનગરના લોકપ્રિય સાંસદ પૂનમબેન માડમ દ્વારા કાલાવડના પત્રકારો માટે નવી દિલ્હીમાં સંસદ ભવન અને સંવિધાન સદનની મુલાકાતનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ યાદગાર પ્રવાસ દરમિયાન પત્રકારોને દેશના સર્વોચ્ચ લોકશાહી મંદિરની કાર્યપદ્ધતિ અને સંસદીય પ્રક્રિયાઓ વિશે પ્રત્યક્ષ માહિતી મેળવવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો હતો.આ મુલાકાત દરમિયાન કાલાવડના પત્રકારો નિરવભાઈ ભટ્ટ, રાજુભાઈ રામોલિયા, તુષારભાઈ વાદી, કૌશિકભાઈ ગમઢા, કૌશિકભાઈ આશરા, હર્ષલભાઈ ખંધેડિયા અને કૃષિભાઈ વાદી સહિતના મીડિયા મિત્રોએ દેશના નીતિ-નિર્માણ કેન્દ્રની મુલાકાત લઈ ગૌરવની લાગણી અનુભવી હતી. આ પ્રસંગે પત્રકારોએ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, સાંસદ પુરુષોત્તમ રૂપાલા અને અભિનેત્રી તથા સાંસદ કંગના રણૌત સાથે પણ સૌજન્ય મુલાકાત કરી હતી.

સાંસદ પૂનમબેન માડમના કાર્યાલય દ્વારા આયોજિત આ પ્રવાસમાં પત્રકારો માટે રહેવા-જમવા સહિતની તમામ સુવિધાઓ સુચારુ રૂપે પૂરી પાડવામાં આવી હતી. કાલાવડના પત્રકાર જગતે આ યાદગાર સંસદ દર્શનની તક પૂરી પાડવા બદલ સાંસદશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### કેન્દ્ર સરકારે ફાળવેલા ૧૪૫૨ કેએલ જથ્થામાંથી

# ગુજરાતના દરેક જિલ્લામાં ૩૬ હજાર લીટર કેરોસીનનો જથ્થો ફાળવાશે

## પરિવાર દીઠ પાંચ લીટર અને સંસ્થાઓને ૨૫ લીટર કેરોસીન અપાશે

**અબતક, રાજકોટ**

રાજ્યના દરેક જિલ્લામાં ૩૬ હજાર લીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવશે જેમાંથી પરિવાર દીઠ પાંચ લીટર અને સંસ્થાદીઠ ૨૫ લીટર કેરોસીન આપવામાં આવશે.

વિશ્વસ્તરે પ્રવર્તમાન ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિને કારણે ઉર્જા પુરવઠા પર ઉભા થયેલા જોખમોને પહોંચી વળવા માટે ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યને વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૪૫૨ કેએલ કેરોસીનનો એડહોક જથ્થો ફાળવવામાં આવ્યો છે. આ જથ્થાનો મુખ્ય ઉપયોગ રાંધવા અને પ્રકાશ માટે કરવાનો રહેશે

રાજ્યના આદિજાતિ જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારના અંત્યોદય તથા પીએચએચ પરીવારોને કેરોસીનનો જથ્થો ફાળવવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જેની કાર્યપધ્ધતિ નીચે મુજબ રહેશે.

"કેંન્દ્ર સરકારે ફાળવેલ ૧૪૫૨ કેએલ માથી દરેક જિલ્લામાં કલેક્ટર હસ્તક ૩૬ કેએલ (૩૬ હજાર લીટર ) ની ફાળવણી કરવામા આવશે.,

કેરોસીનના જથ્થામાથી પરીવાર દીઠ ૫ (પાંચ) લીટર તથા સંસ્થા દીઠ ૨૫ (પચ્ચીસ) લીટર ફાળવણી કલેક્ટર કરી શકશે., "આ જથ્થો ૧૨ હજાર લીટરના ગુણાંકમા કલેક્ટર દ્વારા ડીમાન્ડ મોકલી ઉપાડ કરવાનો રહેશે.,

કેરોસીનના વિતરણમા ગ્રામીણ પરિવારો અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા લાભાર્થીઓ., શાળા હોસ્ટેલોમાં રહેતા બાળકો અને મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ હેઠળની સંસ્થાઓ., રજિસ્ટર્ડ વૃધ્ધાશ્રમો, અન્નક્ષેત્રો અને અન્ય સેવાકીય સંસ્થાઓ., બાંધકામ કે ઔદ્યોગિક એકમોમાં કાર્યરત મજૂર વર્ગની ભોજન તૈયારીના હેતુ માટે. અને અન્ય સરકારી કે ખાનગી સામાજિક સંસ્થાઓ જે બળતણ માટે સંપૂર્ણપણે એલપીજી પર આધારિત છે.

રાજ્યમાં પેટ્રોલ,ડીઝલ તથા એલ.પી.જી નો પુરતો જથ્થો ઉપલબ્ધ છે.

એક જ ગ્રાહક દ્વારા બે સિલિન્ડરના બુકીંગ વચ્ચે શહેરી વિસ્તારમાં ૨૫ દિવસ તથા ગ્રામીણ વિસ્તારમાં ૪૫ દિવસનુ અંતર રાખવા બાબતની સૂચના બહાર પાડેલ છે. જેથી ગ્રાહકો દ્વારા બિનજરૂરી ઓનલાઇન બુકીંગ માટે પ્રયત્ન કરવામાં ન આવે જેથી સર્વર પરનો લોડ ઘટાડી શકાય.

રાંધણ ગેસનો બચાવ કરવા બને ત્યા સુધી કુકરનો ઉપયોગ,કઠોડને પલાળીને તેને બાફવા જેવી બાબતો તેમજ વૈકલ્પિક ઉર્જાસ્ત્રોત તરીકે સોલર કુકર વિગેરેનો ઉપયોગ હિતાવહ છે.

વધુમાં ઘરમાં ઉર્જાની બચત માટે એસીનુ ટેમ્પરેચર ૨૫ તે ઈચ્છનીય છે. સેલ્સીયસ કે તેથી વધુ રાખવામાં આવે

(અનુ. આઠમા પાને)

### હોટલ - રેસ્ટોરન્ટને તાત્કાલીક અસરથી પીએનજી કનેકશન આપવા સીએમનો આદેશ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યમાં પીએનજી ગેસ તથા પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ આ બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે, રાજ્યના જે વિસ્તારોમાં સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન માટેનું પાઈપલાઈન ગેસ વિતરણ નેટવર્ક ઉપલબ્ધ છે તેવા વિસ્તારોમાં રેસ્ટોરન્ટ, હોટેલ્સ, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ તેમની જરૂરિયાત મુજબ નવા પીએનજી કનેકશનની માંગણી કરે તો ત્યાં તત્કાલ અસરથી કનેકશન આપી દેવાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી,ઊર્જામંત્રી ઋષિકેશ પટેલ, અન્ન નાગરિક પુરવઠામંત્રી રમણભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં પ્રાકૃતિક ગેસ પુરવઠાની વર્તમાન સ્થિતિ અંગેની સમીક્ષામાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં પ્રાકૃતિક ગેસ પુરવઠો (પીએનજી)ના ડોમેસ્ટિક ઉપયોગ માટે ઘરે ઘરે પાઈપલાઈન દ્વારા ગેસ પુરવઠો મેળવી રહેલા નાગરિકો માટે હાલ રાજ્યમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

# ખેડુતોને રવિ પાક માટે 30 એપ્રિલ સુધી સિંચાઈનું પાણી અપાશે

## રવિ સીઝન લંબાતા રાજય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજ્યના ખેડૂતોના હિતમાં રવિ સિઝનમાં સિંચાઈ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં આગામી તા.30 એપ્રિલ સુધી સિંચાઈ માટે જળ સંપત્તિ હેઠળ આવતી કેનાલમાંથી પાણી ચાલુ રાખવામાં આવશે તેમ, જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું. રાજ્યમાં ગત ચોમાસું સમય કરતાં વહેલું શરૂ થવાની સાથે મોડું પૂર્ણ થયું હતું.

ઉપરાંત પાછોતરા કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો ખરીફ પાક મોટા પ્રમાણમાં નિષ્ફળ ગયો હતો. વળી ચોમાસુ લંબાવવાના કારણે રવિ સીઝનની વાવણી મોડી થઈ શકી હતી. જેથી આ વર્ષે રવિ સીઝનની પાકની લળણીમાં પણ વાર થવાની શકયતાઓ છે. સામાન્યતઃ રવિ સીઝન માટે જે તે વર્ષના ફેબ્રુઆરી માસના અંત સુધીમાં જળ સંપત્તિ હેઠળની કેનાલમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. આ પરિસ્થિતિઓ ધ્યાને લઈ ખેડૂત આગેવાનો દ્વારા રવિ સિઝનનું પાણી માર્ચ અને એપ્રિલમાં પણ ચાલુ રાખવાની માંગણી કરવામાં આવી હતી.આ બાબતે ઉચ્ચ કક્ષાની બેઠકમાં ચર્ચા થઈ હતી, તેમાં નક્કી થયા મુજબ ચાલુ વર્ષે રવિ સીઝન પાછળ લંબાયેલ હોવાથી પીવાના પાણી અને અન્ય આરક્ષણને ધ્યાને લઈ ખેડૂતોના હિતમાં રવિ સીઝન માટે આગામી તા.30 એપ્રિલ સુધી સિંચાઈ માટે જળ સંપત્તિ હેઠળ આવતી કેનાલમાંથી પાણી ચાલુ રાખવા નિર્ણય કરવામાં આવ્યો છે તેમ, મંત્રી ઉમેર્યું હતું.

# "ગાય"ને રાજમાતાનો દરજ્જો આપવાનું બિલ વિધાનસભામાં રજૂ કરતા કોંગ્રેસ પ્રમુખ

## અમિત ચાવડાએ જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરજીને આપેલું વચન પાળ્યું



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાએ રાજ્યમાં ગૌવંશના સન્માન અને સુરક્ષા માટે એક અત્યંત મહત્વપૂર્ણ પહેલ કરી છે. થોડા સમય પહેલા અમદાવાદ ખાતે પરમ પૂજ્ય જગતગુરૂ શંકરાચાર્ય શ્રી સ્વામી અવિમુકેતેશ્વરજીની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલી સભામાં અમિત ચાવડાએ આમંત્રિત મહેમાન તરીકે હાજરી આપી હતી. તે સમયે પૂજ્ય જગતગુરૂ શંકરાચાર્યજી દ્વારા શરૂ કરવામાં આવેલા 'ગૌમાતા રાષ્ટ્રમાતા' અભિયાનને સમર્થન આપતા અમિત ચાવડાએ જાહેરમાં વચન આપ્યું હતું કે, તેઓ ગૌમાતાના સન્માન અને અધિકારો માટે વિધાનસભામાં અવાજ ઉઠાવશે અને જરૂરી કાયદો લાવવા પ્રયત્ન કરશે. પોતાના એ વચનને પૂર્ણ કરતા તેમણે વિધાનસભામાં "ગુજરાત રાજમાતા (ગૌમાતા દરજ્જો, રક્ષણ અને કલ્યાણ) વિધેયક, ૨૦૨૫" રજૂ કર્યું છે.

આ વિધેયક દ્વારા રાજ્યમાં ગૌમાતાને પ્રતીકાત્મક રીતે 'રાજમાતા'નો દરજ્જો આપવાની માંગ કરવામાં આવી છે. બિલમાં એવી પણ જોગવાઈ છે કે રાજ્યના દરેક જિલ્લામાં ખાસ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવે, જે ગૌમાતાના ખોરાક, રહેઠાણ અને આરોગ્યની સુવિધાઓનું નિરીક્ષણ કરે. આ ઉપરાંત, બીમાર કે અશક્ત ગૌમાતાને

(અનુ. આઠમા પાને)

# જગતાત ખેતરના શેઢે વૃક્ષો વાવી 'ગ્રીન કવર' વધારેઃ મુખ્યમંત્રીનું આહવાન

## ગાંધીનગરમાં પીએમ. કિસાન ઉત્સવની ઉજવણીઃ રાજયના ૪૯.૫૯ ખેડુતોના ખાતામાં જમા થયા રૂ.૧૦૨૮ કરોડ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આસામના ગુવાહાટી ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો રિલીઝ કરીને દેશના ૯.૩૨ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં કુલ રૂ. ૧૮,૬૪૦ કરોડથી વધુની સહાય જમા કરી છે. ગુજરાતના ૪૯.૫૯ લાખ ધરતીપુત્રોને પણ રૂ. ૧,૦૨૮ કરોડથી વધુની સહાય પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના ૨૨માં હપ્તા હેઠળ મળી છે.







ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો પી.એમ. કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાયો હતો.

આ સમારોહમાં મુખ્યમંત્રીના વરદ હસ્તે ખેડૂત લાભાર્થીઓને કૃષિ, બાગાયતની વિવિધ ખેતીલક્ષી યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવો સહિત રાજ્યના હજારો ખેડૂતોએ વડાપ્રધાનના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળ્યુ હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂત હિતલક્ષી શાસનનો મંત્ર દોહરાવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેમણે ખેડૂતોની સમસ્યાઓને સંવેદના સાથે વાચા આપી છે. ભૂતકાળમાં આપણે પાણીની જે વિકટ પરિસ્થિતિઓ જોઈ છે, તેમાંથી ખેડૂતોને બહાર લાવવાનું ભગીરથ કામ વડાપ્રધાનએ કર્યું છે.

વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા માટે સરકાર કટિબધ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ માહિતી આપી હતી કે, રાજ્ય સરકારે દરેક ધારાસભ્યને રૂ. ૫૦ લાખની વિશેષ ગ્રાન્ટ ફાળવી છે, જેનો ઉપયોગ માત્ર જળ સંચય અને

(અનુ. આઠમા પાને)

# એઈમ્સ હોસ્પિટલના રાજસ્થાની તબીબી છાત્રએ ટ્રેન હેઠળ પડતું મૂકી જીવન ટૂંકાવ્યું

## ૨૮ જાન્યુ.એ હોસ્ટેલમાંથી ગુમ થયા બાદ પરાપીપળીયા પાસે રેલવે ટ્રેક પર આપઘાત કરવા પહોંચ્યો પરંતુ સ્થાનિકની સતર્કતાથી જીવ બચયો તો એજ સ્થળે મૃતદેહ મળી આવ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટની એઈમ્સ હોસ્પિટલની હોસ્ટેલમાં રહીને એમબીબીએસના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા રાજસ્થાનના ૨૬ વર્ષીય તબીબ છાત્રએ ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. બનાવથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.ઘટનાને પગલે ગાંધીગ્રામ પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ રાજસ્થાનના જેસલમેરનો વતની અને હાલ એઈમ્સ () હોસ્પિટલની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા રતનકુમાર મોહનલાલ મેઘવાણ (ઉં ૨૬) આજે સવારે ઘંટેશ્વર અને પરાપીપળીયા ફાટક વચ્ચે ટ્રેન નીચે કપાયેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો.આ બનાવની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે ખસેડી મૃતકના પરિવારને જાણ કરતા આવવા માટે નીકળ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં રતનકુમાર અગાઉ ૨૮ જાન્યુઆરીએ પણ હોસ્ટેલમાંથી ભેદી રીતે ગાયબ થયો હતો. તે સમયે તે પરાપીપળીયા પાસે રેલવે ટ્રેક પર આપઘાત કરવા પહોંચ્યો હતો, પરંતુ તે કોઈ અઘટિત પગલું ભરે તે પહેલા જ સ્થાનિક લોકોની સતર્કતાને કારણે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તેને ત્યાંથી હેમખેમ બચાવી લીધો હતો. આ ઘટના બાદ તેને સમજાવીને પરિવાર પાસે મોકલાયો હતો, પરંતુ ફરી તે જ સ્થળે પહોંચી તેણે પોતાનું

(અનુ. આઠમા પાને)

## અગાઉ મળી આવેલી સ્યુસાઈડ નોટમાં અંગત પરેશાની, એક સાથી છાત્રા પ્રત્યેની એકતરફી લાગણી અને સતત વિચારોમાં ખોવાયેલો રહેતો

# સસ્તા અનાજની દુકાનદારોના કમિશનમાં વધારો તુવેરદાળ, ચણા અને ખાંડ હવે પેકિંગમાં મળશે

## રાજયના દરેક જિલ્લામાં પ્રિ-લિટીગેશન અને સમાધાન કેન્દ્રો સ્થપાશે

**અબતક, રાજકોટ**

વિધાનસભા ગૃહમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગની અંદાજપત્રીય માગણીઓ વિશે વાત કરતાં મંત્રી રમણભાઈ સોલંકીએ કહ્યું કે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં આ વિભાગ માટે કુલ રૂ. ૨,૮૫૬ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. જે રાજ્ય સરકારની ગરીબો પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે.

રાજ્યના ૪.૨૩ કરોડ રેશનકાર્ડ સભ્યોનું ઈ-કેવાયસી પૂર્ણ કરવામાં આવ્યું છે.

અન્ન-પુરવઠા મંત્રીએ કહ્યું કે જાહેર વિતરણ વ્યવસ્થાની મહત્વની કડી એવા ૧૭,૦૦૦થી વધુ વાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. હવે, તેમને રૂ. ૧૫૦ના બદલે રૂ. ૧૮૫ પ્રતિ ક્વિન્ટલ કમિશન ચૂકવવામાં આવશે. આ માટે રૂ. ૬૭.૨૦ કરોડની વિશેષ જોગવાઈ અલગથી કરાઈ છે.

'સજાગ ગ્રાહક, સુરક્ષિત ગુજરાત'ના મંત્ર સાથે ગ્રાહકોના હિતોના રક્ષણ માટે નવીન પહેલ કરવામાં આવી છે. રાજ્યના દરેક જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ આયોગોમાં 'પ્રિ-લિટિગેશન અને સમાધાન કેન્દ્રો' સ્થાપવામાં આવશે. જેથી ફરિયાદોનો કોર્ટની લાંબી પ્રક્રિયા વિના ઝડપી ઉકેલ આવશે. વધુમાં, કાયદાકીય માપ વિજ્ઞાન તંત્રની કામગીરીને વધુ પારદર્શક બનાવવા ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ (ઈત્રક્ષ) કાર્યરત કરાયું છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.તુવેર દાળ, ચણા અને ખાંડના વિતરણમાં પારદર્શિતા વધારવા અને ફરિયાદો ઘટાડવા માટે હવેથી છૂટકને બદલે ૧ કિલોગ્રામના પ્રમાણિત પેકિંગમાં વિતરણ કરવામાં આવશે


૨૪ X ૭ અનાજ મળી રહે તે માટે 'મેડ ઈન ગુજરાત' ગ્રેઈન એટીએમની સુવિધા શરૂ કરાશે. જેમાં લાભાર્થી માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજ મેળવી શકશે. વિશ્વમાં પ્રથમવાર કંપનીઓને ગ્રાહકો પ્રત્યેના વર્તન અને ફરિયાદ નિવારણના આધારે રેટિંગ આપવા માટે સીઆરઆઈ તૈયાર કરવા એમઓયુ કરવામાં આવ્યા છે.નવા ગોડાઉનોનું નિર્માણઃ રાજ્યમાં સંગ્રહ ક્ષમતા વધારવા માટે નાબાર્ડની સહાયથી ૪૫ તાલુકાઓમાં ૫૧ નવા ગોડાઉનો બાંધવાની વિચારણા છે, જેનાથી ૯૩,૪૦૦ મેટ્રિક ટન વધારાની ક્ષમતા ઊભી થશે.

કાનૂની માપ વિજ્ઞાન તંત્ર માટે ૬૭ વર્કિંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી સાધનોની ખરીદી માટે રૂ. ૨૮.૩૮ કરોડની જોગવાઈ કરાઈ છે.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સંદર્ભ

# પ્રદેશ ભાજપ ચૂંટણી સંચાલન સમિતિની રચનાઃ ગોરધન ઝડફિયા સંયોજક

## આઠ સભ્યોની સમિતિમાં રાજકોટ પૂર્વના ધારાસભ્ય ઉદય કાનગડને સ્થાન





**અબતક, રાજકોટ**

ગુજરાતમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીની તારીખ જાહેર થવાની ઘડીઓ ગણાય રહી છે. ત્યારે રાજયમાં ફરી કમળનો કલરવ ગુંજી ઉઠે તે માટે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા આઠ સભ્યોની પ્રદેશ ચૂંટણી સંચાલન સમિતિની રચના કરવામાં આવી છે.

જેના પ્રદેશ સંયોજક તરીકે રાજયના પૂર્વ ગૃહમંત્રી અને પૂર્વ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયાની નિયુકિત કરવામાં આવી છે.

ચૂંટણી સંચાલન સમિતિના સભ્ય તરીકે પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ જયસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી બાબુભાઈ બોખિરીયા, દાહોદ ના સાંસદ જશવંતસિંહ ભાભોર, પૂર્વ મંત્રી પ્રદિપભાઈ પરમાર, રાજકોટ પૂર્વના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ગુજરાત ભાજપ રમત ગમત સેલના પ્રદેશ કન્વીનર મનિષભાઈ પટેલ અને વલસાડ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી શિલ્પેનભાઈ દેસાઈની નિયુકિત કરવામાં આવી છે. ચુંટણી સંચાલન સમીતી દ્વારા સ્થાનીક સ્વરાજયની ચુંટણી માટેની તમામ વ્યવસ્થાઓ અને આયોજનની રુપરેખા તૈયાર કરવામાં આવશે.